સંસ્કૃતમાર્ગોપદેશિકા.

(ગુજરાતી ભાષાન્તર).

अथ

मार्गोपदेशिका

संस्कृतं जिज्ञासूनाम् ।

एम्. ए.-पीएच्. डी.-ए. एल्. एम्. इत्याद्युपपदावलिधारिणा

नैकविद्वत्परिषत्संमानितेनाध्यापकवर्येण

भाण्डारकरकुलोत्पन्नेन गोपालसूनुना रामकृष्णेन

विरचिता

तत्सूनुना एम्. ए. इत्युपपदभृता श्रीधरेण

संशोधिता,

तदन्तेवासिना बी. ए. इत्युपपदभाजा

ध्रुवोपाह्वेन हर्षदात्मजेन केशवेन

गुर्जरीयभाषयानूद्य

प्रकाशिता ।

सा च निर्णयसागराख्ये मुद्रणालये मुद्रिता ।

श्रीमद्विक्रमार्कनृपसमाः १९४६.

मूल्यमानकषट्कम् ।

મુંબઈ ઈલાકાનું સરકારી કેળવણીખાતું.

સંસ્કૃતમાર્ગોપદેશિકા.

એટલે

ડેકન કાલેજના સંસ્કૃતાધ્યાપક

રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર

એમ. એ.–પીએચ્. ડી.–એ. એલ્. એમ. ઈ. ઈ.

વિરચિત

સંસ્કૃત પાઠાવલી.

શ્રીધર રામકૃષ્ણ ભાંડારકર એમ. એ.

સંશોધિત

ઇંગ્રેજી નવમી આવૃત્તિ ઉપરથી

ગુજરાતી ભાષાંતર

રચનાર

કેશવ હર્ષદ ધ્રુવ બી. એ.

મુંબાઈ:

ગવર્નમેંટ સેંટ્રલ બુક ડીપો.

સંવત્ ૧૯૪૬. સન ૧૮૮૯.

મૂલ્ય ૬ આના.

મુંબઈ:
"નિર્ણયસાગર" છાપખાનામાં છાપી.

उपोद्घातः

पुरातनीभ्यः समाभ्यो गीर्वाणवाणी प्रशस्तशिक्षणसरण्या उत्तमाङ्गत्वेन सबहुमानमाद्रियते विद्वद्भिः। सा च दैवी वाक् पुराणप्रौढमहर्षिमुखपद्मनिर्गता पूर्वाचार्यैः सिद्धसारस्वतैर्धार्यमाणा मध्यकालीनैः प्रकाण्डपण्डितैः सुकृतिभिः सनिर्बन्धमार्यजनताया उद्धारहेतोर्भगीरथप्रयत्नैर्वर्तमानभूमिमनायि। परं तस्याः परमपुण्येष्वतिभव्येषु शास्त्रतीर्थेष्ववगाहनेन कतिपय एव यात्रिका अशकन्नात्मानं कृतकृत्यतां नेतुम्। अथास्य पावनस्य पथः पुनः संस्कारसमाधानसंमानमस्माकं साम्प्रतशासितारः सविशेषमर्हन्ति। तैर्हि सोऽयं क्लेशसहस्रसंकटो मार्गः सुगमः सर्वजनीनोऽकारि। एतैस्तु पाश्चात्यशिक्षणपद्धतिं भारते वर्षे सार्वहिताय प्रथयद्भिर्गिर्वाणवाण्या गरिमातिशयं प्रपश्यद्भिः परंपरया चानवच्छिन्नं प्रचारमालोचयद्भिरेतद्देशीयानामार्याणां तदधीत्युपपत्तिं निरूपयद्भिर्नवीनायामाङ्ग्लभाषया संपाद्यायां सर्वसाधारण्यामुत्तमशिक्षणसरण्यां सापि सगुरुगौरवं समाधायि। ततश्चर्जुबोधाय पश्चिमपद्धतिमनुसृत्य नवां पाठावलिं रचयितुं दक्षिणापथपाठशालायाः सांप्रतसंस्कृतविद्यागुरुवर्याः श्रीमद्रामकृष्णाचार्या विज्ञप्ताः। तैश्चाङ्ग्लभाषया ग्रथिता खण्डद्वयेन संस्कृतपाठावलिः। तेषां कृतधियां कृतेः सार्थकतोक्तियुक्तिभिर्विभावनं नापेक्षते। सार्वजनिकशिक्षणाधिकारिणामुद्देशसाफल्ये च तस्याः शतसहस्रशो मुद्राङ्कनपौनःपुन्यमेवालं मानम्।

अथात्र देशीयभाषासु प्रशस्तं शिक्षणं संक्रामितुं स्थापितेषु शिक्षणमन्दिरेषु संस्कृतमध्यापयितुं सुश्लिष्टे ग्रन्थविशेषेऽपेक्षिते

शिक्षाधिकारिभिर्निर्दिष्टायाः पाठावल्याः समीचीनां रचनपरिपाटिं निर्वर्णयद्भिः सैव याथातथ्येन देशीयभाषासु परिवर्तयितुं निरधारि। ततश्च मार्गोपदेशिका नाम पाठावल्याः प्रथमं पुस्तकं श्रीमान्नन्दशङ्करशर्मा गुर्जरीयभाषायां प्रतेने। तच्च भाषान्तरं मार्गोपदेशिकायाः प्रथमामावृत्तिमवलम्ब्यापादितमासीत्। तत ऊर्ध्वमितःप्रभृति नवकृत्वो मुद्रितायामाङ्गभाषानिबद्धायां तस्यां शुद्धिवृद्धिविशेषबाहुल्यवशान्नवीनतमस्य संस्करणस्य कात्स्न्र्येन पुनरेवानुवादनं समादिष्टम्। तदनुरोधेनानुवादोऽयं प्राणायि। स चैष तथा विशदीकृतः संस्कृतमधिजिगांसूनां वैक्लव्यलेशं निरस्येदित्याशास्यते।

પ્રસ્તાવના.

જૂના કાળથી સંસ્કૃત ભાષા ઉંચી કેળવણીનું મુખ્ય અંગ મનાતી આવી છે. એ પવિત્ર વાણી અતિ પ્રાચીન પ્રૌઢ મહર્ષિયોના મુખમાંથી નીકળી, તેને પૂર્વકાળના મુનિવરે ધારણ કરી, તથા મધ્યકાળના પંડિતોએ એ ત્રણે કાળને પાવન કરનારી વાણીને આર્યવર્ગના ઉદ્ધારને અર્થે ભગીરથપ્રયત્ને એકધારા અખંડિત પ્રવાહે વર્તમાન ભૂમિયે આણી. પરંતુ તેના પરમપાવન ભવ્ય જ્ઞાનતીર્થમાં ઝીલી વિરલા યાત્રિકો પોતાના આત્માને કૃતાર્થ કરી શકતા. એ કલ્યાણકારી માર્ગને સુગમ અને સર્વસામાન્ય કરવાનું માન આપણા વિદ્વાન વિદેશીય રાજ્યકર્ત્તાને છાજે છે. પશ્ચિમની પદ્ધતિની કેળવણી તેમણે ભરતખંડમાં સર્વહિતાર્થ દાખલ કરી, ત્યારે આપણી ગીર્વાણ વાણીની અપૂર્વ પ્રૌઢતા અને પરાપૂર્વથી ચાલી આવેલા અવિચ્છિન્ન પ્રચાર જોઈને, આપણા આર્યોને તેની આવશ્યકતા તેમની નજરમાં આવતાં, તેમણે નવા પ્રકારની સર્વ સાધારણ ઇંગ્રેજી ઉંચી કેળવણીના અંગ તરીકે આપણી દેવવાણીને દાખલ કરી, તથા નવી પશ્ચિમની પદ્ધતિ ઉપર દક્ષિણ કૉલેજ સાંપ્રત સંસ્કૃતવિદ્યાગુરુ પંડિતવર્ય રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર પાસે સંસ્કૃત પાઠાવલી ઇંગ્રેજીમાં રચાવી. એવા વિદ્વાનની કૃતિ સર્વથા સાર્થક, થાય એમાં કાંઈ કહેવા જેવું નથી. તે પાઠાવલીની આજપર્યંત અનેક જથાબંધ આવૃત્તિયો ખપી ગઈ છે, તેઉપરથી સરકારનો ઉદ્દેશ કેટલે દરજ્જે પાર પડ્યો છે તેનો સહજ ખ્યાલ આવશે.

એ પાઠાવલીની ઉત્તમ રચના જોઈ સરકારે દેશી ભાષામાં ઉંચી કેળવણી અને શિક્ષણ આપવા શિક્ષામંદિરો (ટ્રેનિંગ

કૉલેજ) સ્થાપ્યાં તેમાં સંસ્કૃત શિખવવા સારું એજ પુસ્તકનું ભાષાંતર કરાવવું દુરસ્ત ધાર્યું. એથી કરીને એ પાઠાવલીના પ્રથમ પુસ્તકનું ભાષાંતર રા. રા. નંદશંકર તુળજાશંકર પાસે એમણે પહેલવહેલું કરાવ્યું. એઓનું ભાષાંતર મૂળ પાઠાવલીની પહેલી આવૃત્તિ ઉપરથી થયું હતું. ત્યાર પછી અત્યારસુધીમાં માર્ગોપદેશિકાની નવ આવૃત્તિ થઈ ગઈ હોવાથી તથા તેમાં ઘણો ફેરફાર થયેલો હોવાથી મૂળ માર્ગોપદેશિકાની નવમી આવૃત્તિનું ભાષાંતર મૂળથી માંડીને નવું તૈયાર કરવા મને સરકારે સોંપ્યું તે ઉપરથી મેં આ તૈયાર કર્યું છે. આ ભાષાંતરથી, સંસ્કૃતના વિદ્યાર્થિયોને જે પહેલાં ગુંચવણ અને મુશ્કેલી પડતી હતી તે કેટલેક દરજ્જે દૂર કે ઓછી થશે એવી આશા છે.

અનુક્રમણિકા.

સંસ્કૃત માર્ગોપદેશિકા.

અક્ષર.

સ્વર.

अ અ, आ આ, इ ઇ, ई ઈ, उ ઉ, ऊ ઊ, ऋ* ઋ, ॠ* ૠ, ऌ* ઌ, ए એ, ऐ ઐ, ओ ઓ, औ ઔ.

ं અનુસ્વાર. : વિસર્ગ.

વ્યંજન.

કંઠ્ય...	क् ક્, ख् ખ્, ग् ગ્, घ् ઘ્, ङ्* ઙ્;
તાલવ્ય..	च् ચ્, छ् છ્, ज् જ્, झ् ઝ્; ञ्* ઞ્;
મૂર્ધન્ય ..	ट् ટ્, ठ् ઠ્, ड् ડ્, ढ् ઢ્, ण् ણ્;
દંત્ય....	त् ત્, थ् થ્, द् દ્, ध् ધ્, न् ન્;
ઓષ્ઠ્ય ..	प् પ્, फ् ફ્, ब् બ્, भ् ભ્, म् મ્;

અંતઃસ્થ અથવા અર્ધસ્વર..
- તાલવ્ય .... य् ય્;
- મૂર્ધન્ય .... र् ર્;
- દંત્ય .... ल् લ્;
- દંત્યોષ્ઠ્ય .... व् વ્;

ઉષ્માક્ષર..
- તાલવ્ય .... श् શ્;
- મૂર્ધન્ય .... ष् ષ્;
- દંત્ય .... स् સ્;

મહાપ્રાણ .... ह् હ્;

* આ અક્ષરો ઘણુંખરૂં ગુજરાતી ઉચ્ચારણમાં શુદ્ધ રૂપે જણાતા નથી; માટે તેમનો ઉચ્ચાર કોઇ શુદ્ધવક્તાને મોઢે શીખી લેવો.

પહેલા પાંચ વર્ગો માંહેલા દરેકના છેલ્લા ત્રણ વ્યંજનો અને અંતઃસ્થ તથા મહાપ્રાણને **ઘોષ** વ્યંજન કહે છે. બાકીના અક્ષરોને **અઘોષ** વ્યંજન કહે છે.

સ્વરો જ્યારે વ્યંજનમાં મળે છે, ત્યારે તેમની સ્થિતિ નીચે-પ્રમાણે બતાવાય છે.

જ્યારે વ્યંજન નીચે ્ આવો છેકો ન હોય, ત્યારે તે વ્યંજનમાં **अ** મળેલો છે એમ જાણવું; ઉદાહરણઃ—**क**. **आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ए, ऐ, ओ, औ,** આ સ્વરોનું ઉમેરણ છેકા વિનાના વ્યંજનને ા, િ, ી, ુ, ૂ, ૃ, ૄ, ૢ, ે, ૈ, ો, ૌ એવી નિશાની લાગેલી હોવાથી સમજાય છે; ઉદાહરણઃ—**क** ક, **का** કા, **कि** કિ, **की** કી, **कु** કુ, **कू** કૂ, **कृ** કૃ, **कॄ** કૄ, **कॢ** કૢ, **के** કે, **कै** કૈ, **को** કો, **कौ** કૌ.

મુખ્ય **સંયુક્ત વ્યંજન** કે જોડાક્ષર નીચેપ્રમાણે છેઃ—

क्क ક્-ક	**ग्ध** ગ્-ધ	**च्म** ચ્-મ	**ण्ण** ણ્-ણ
क्त ક્-ત	**ग्न** ગ્-ન	**च्य** ચ્-ય	**ण्म** ણ્-મ
क्त्व ક્-ત્-વ	**ग्र** ગ્-ર	**च्छ्व** ચ્-છ્-વ	**ण्य** ણ્-ય
क्न ક્-ન	**ग्र्य** ગ્-ર્-ય	**ज्ज** જ્-જ	**ण्व** ણ્-વ
क्म ક્-મ	**ग्ल** ગ્-લ	**ज्र** જ્-ર	**त्त** ત્-ત
क्र ક્-ર	**ग्व** ગ્-વ	**ज्व** જ્-વ	**त्त्र** ત્-ત્-ર
क्य ક્-ય	**घ्य** ઘ્-ય	**ट्ट** ટ્-ટ	**त्थ** ત્-થ
क्ल ક્-લ	**घ्न** ઘ્-ન	**ट्य** ટ્-ય	**त्न** ત્-ન
क्व ક્-વ	**घ्र** ઘ્-ર	**ट्र** ટ્-ર	**त्प** ત્-પ
क्ष ક્-ષ	**घ्व** ઘ્-વ	**ठ्य** ઠ્-ય	**त्प्र** ત્-પ્-ર
क्ष्ण ક્-ષ્-ણ	**ङ्क** ઙ્-ક	**ड्ग** ડ્-ગ	**त्फ** ત્-ફ
क्ष्म ક્-ષ્-મ	**ङ्क्त** ઙ્-ક્-ત	**ड्म** ડ્-મ	**त्म** ત્-મ
क्ष्य ક્-ષ્-ય	**च्च** ચ્-ચ	**ड्य** ડ્-ય	**त्य** ત્-ય
क्ष्व ક્-ષ્-વ	**च्छ** ચ્-છ	**ड्व** ડ્-વ	**त्र** ત્-ર
ख्य ખ્-ય	**च्छ्र** ચ્-છ્-ર	**ढ्य** ઢ્-ય	**त्र्य** ત્-ર્-ય

त्व ત્-વ	न्य ન્-ય	य्व ય્-વ	ष्ठ ષ્-ઠ
त्स ત્-સ	न्व ન્-વ	र्ण्य ર્-ણ્-ય	ष्ठ्य ષ્-ઠ્-ય
त्स्न ત્-સ્-ન	प्त પ્-ત	र्ध्य ર્-ધ્-ય	ष्ण ષ્-ણ
त्स्य ત્-સ્	प्त्य પ્-ત્-ય	ल्क લ્-ક	ष्प ષ્-પ
थ्य થ્-ય	प्न પ્-ન	ल्ग લ્-ગ	ष्प्र ષ્-પ્-ર
द्ग દ્-ગ	प्म પ્-મ	ल्प લ્-પ	ष्म ષ્-મ
द्द દ્-દ	प्य પ્-ય	ल्म લ્-મ	ष्य ષ્-ય
द्ध દ્-ધ	प्र પ્-ર	ल्य લ્-ય	ष्व ષ્-વ
द्ब દ્-બ	प्ल પ્-લ	ल्ल લ્-લ	स्क સ્-ક
द्ब्र દ્-બ્-ર	प्स પ્-સ	ल्व લ્-વ	स्ख સ્-ખ
द्भ દ્-ભ	ब्ज બ્-જ	व्य વ્-ય	स्त સ્-ત
द्म દ્-મ	ब्द બ્-દ	व्र વ્-ર	स्थ સ્-થ
द्य દ્-ય	ब्ध બ્-ધ	श्च શ્-ચ	स्न સ્-ન
द्र દ્-ર	ब्य બ્-ય	श्न શ્-ન	स्प्र સ્-પ્-ર
द्र्य દ્-ર્-ય	ब्र બ્-ર	श्म શ્-મ	स्फ સ્-ફ
द्व દ્-વ	भ्ण ભ્-ણ	श्य શ્-ય	स्म સ્-મ
द्व्य દ્-વ્-ય	भ्न ભ્-ન	श्र શ્-ર	स्य સ્-ય
द्व्र દ્-વ્-ર	भ्य ભ્-ય	श्ल શ્-લ	स्र સ્-ર
ध्न ધ્-ન	भ्र ભ્-ર	श्व શ્-વ	ह्ण હ્-ણ
ध्म ધ્-મ	भ्व ભ્-વ	ष्क ષ્-ક	ह्न હ્-ન
ध्य ધ્-ય	म्म મ્-મ	ष्क्र ષ્-ક્-ર	ह्म હ્-મ
ध्र ધ્-ર	म्र મ્-ર	ष्ट ષ્-ટ	ह्य હ્-ય
ध्व ધ્-વ	म्य મ્-ય	ष्ट्य ષ્-ટ્-ય	ह्र હ્-ર
न्न ન્-ન	म्ल મ્-લ	ष्ट्र ષ્-ટ્-ર	ह्ल હ્-લ
न्म ન્-મ	म्व મ્-વ	ष्ट्व ષ્-ટ્-વ	ह्व* હ્-વ

* બોલવા સરળ પડે માટે અંત્યાક્ષરમાં અકાર મેળવી જોડાક્ષર આપ્યા છે.

પાઠ ૧ લો.

વર્તમાન કાળ;—પરસ્મૈપદ પ્રત્યય.*

એકવચન.

પ્રત્યય:—પુરુષ ૧, **मि**; પુરુષ ૨, **सि**; પુરુષ ૩. **ति**.

પહેલા ગણના ધાતુ.

गम् [गच्छ्†] જવું.	**बुध्** (बोध्) જાણવું, સમજવું.	**वद्** બોલવું.
नी (नय्‡) દોરવું, લેઈ જવું.	**भू** (भव्) થવું, હોવું.	**वस्** રહેવું, વસવું.
पत् પડવું.	**रक्ष्** બચાવવું, સંભાળવું.	**सृ** (सर्) સરકવું, ખસવું, જવું.

* સંસ્કૃતમાં ક્રિયાપદના રૂપાખ્યાનના પ્રત્યયો બે પ્રકારના છે:—**પરસ્મૈપદ પ્રત્યય** અને **આત્મનેપદ પ્રત્યય.** કેટલાક ધાતુઓ કેવળ પરસ્મૈપદ પ્રત્યય લેનારા એટલે **પરસ્મૈપદી**, કેટલાક કેવળ આત્મનેપદ પ્રત્યય લેનારા એટલે **આત્મનેપદી**, અને કેટલાક બે પ્રકારના પ્રત્યયોમાંથી ગમે તે પ્રકારના પ્રત્યય લેનારા એટલે **ઉભયપદી** હોય છે.

† **ગણકાર્ય** થતાં એટલે કે **વિકરણ પ્રત્યય** અથવા ગણની નિશાની લાગતાં કેટલાક ધાતુને બદલે જે વિશેષ રૂપ (જેમ કે **गम्** ને બદલે **गच्छ्**) કે આદેશ (જેમ કે **दृश्** ને બદલે **पश्य्**) વપરાય છે, તે કાટખૂણ કૌંસમાં બતાવેલ છે.

‡ પહેલા ગણના વિકરણ પ્રત્યય પૂર્વે સ્વરાંત ધાતુના અંત્યસ્વરનો તથા વ્યંજનાંત ધાતુના ઉપાંત્ય (એટલે છેલ્લા વ્યંજનની પૂર્વેના) હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે. **इ** તથા **ई** નો ગુણ **ए**, **उ** તથા **ऊ** નો **ओ**, **ऋ** તથા **ॠ** નો **अर्** અને **ऌ** નો **अल्** થાય છે.

ઉપર કહ્યા પ્રમાણે **नी** ધાતુનું **ने** રૂપ થાય, તેને વિકરણ પ્રત્યય **अ** અને પછી પુરુષવાચક પ્રત્યય **ति** લગાડિયે. સંસ્કૃતમાં બે સ્વરો લગોલગ આવે છે ત્યારે સંધિ થાય છે; તેથી કરીને ચાલતા દૃષ્ટાંતમાં સંધિ કરવી જોઇએ. હવે નિયમ એવો છે કે **ए**, **ऐ**, **ओ**,

*બીજા ગણના ધાતુ.

अस् હોવું. | **अद्** ખાવું.

પહેલા ગણના ધાતુઓમાં પ્રથમ વિકરણ પ્રત્યય **अ** ઉમેરાય છે, ને ત્યારપછી તે તૈયાર થયેલા રૂપ અથવા **અંગને** પુરુષવાચક પ્રત્યય લાગલાજ લગાડાય છે.

ગણ બીજાના ધાતુઓને પુરુષવાચક પ્રત્યય લાગલાજ લગાડાય છે.

પહેલા પુરૂષના **म्** અને **व्** થી શરૂ થતા પ્રત્યયો લાગતાં તે **म्** અને **व्** ની પૂર્વના **अ** નો **आ** થાય છે.

वदामि ।	सरसि ।	गच्छति ।	बोधामि ।
रक्षसि ।	नयामि ।	अद्मि ।	भवति ।
पतति ।	वसासि ।	नयति ।	अत्ति† ।

अस्ति ।

પહેલો ગણ.

चर् જવું, ચાલવું.	**दह्** બાળવું.
जीव् જીવવું.	**नम्** નમવું.
त्यज् તજવું, છોડી દેવું.	**पच्** રાંધવું, પકાવવું.

અને **औ** સ્વર પછી કોઇપણ સ્વર આવે તો તેમને બદલે **अय्**, **आय्**, **अव्**, **आव्** અનુક્રમે મુકવામાં આવે છે:—જેમાં પછીનો સ્વર મળે છે. તેથી કરીને **ने+अ=नय्+अ=नय**, તેને **ति** લાગવાથી **नयति** થાય છે; તેજ પ્રમાણે **भू+अ=भो+अ=भव्+अ=भव**. આવી રીતના સ્વરવિકારને લીધે ધાતુનાં જે રૂપ થાય છે, તે અર્ધચંદ્ર કૌંસમાં આપ્યાં છે.

* બીજા ગણના ધાતુનું રૂપાખ્યાન ઘણું કઠણ છે, તેથી આ ચોપડીમાં તેના જૂજ ધાતુ આપ્યા છે. આ ગણ બીજી ચોપડીમાં સવિસ્તર આપ્યો છે.

† અનુનાસિક સિવાય કોઈ પણ સ્પર્શ વ્યંજન પછી અઘોષ વ્યંજન આવે, તો તે પૂર્વના વ્યંજનના બદલે તેનાજ વર્ગનો પહેલો અક્ષર મુકવામાં આવે છે; ઉ. **ककुभ्+प्रान्त=ककुप्प्रान्त**, અને **दृशद्+पतति=दृशत्पतति**.

(તું) બોલે છે.	(તે) સમજે છે.	(તે) તજે છે.
(તે) બોલે છે.	(તું) દોરે છે.	(તું) નમે છે.
(તું) જાય છે.	(તે) ખસે છે.	(હું) રાંધું છું.
(હું) જાઉં છું.	(હું) થાઉં છું.	(તું) બાળે છે.
(તે) રહે છે.	(તું) ખાય છે.	(હું) બચાવું છું.
(હું) રહું છું.	(હું) છું.	(તે) ચાલે છે.
(તું) પડે છે.	(તું) છે.*	(હું) જીવું છું.

પાઠ ૨.

† બહુવચન.

પ્રત્યય:—પુરુષ ૧, **मस्**; પુરુષ ૨, **थ** પુરુષ ૩, **अन्ति.**‡

ચોથો ગણ.	છઠ્ઠો ગણ.
नश् નાશ પામવો, ફના થવું.	**इष्** [इच्छ्] ઇચ્છવું.
नृत् નાચવું.	**प्रच्छ्** [पृच्छ्] પૂછવું.
पुष् પોષવું, ઉછેરવું, પોષણ કરવું.	**मुच्** [मुञ्च्] મૂકવું, છોડવું.
मुह् મુઝાવું, ઘેલા થવું, બેભાન થવું.	**विश्** પેસવું, દાખલ થવું.
लुभ् લોભ કરવો, તકાવવું.	**सृज्** છોડી દેવું, સરજવું, પેદા કરવું.
	स्पृश् અડકવું.

---

* **सि** પ્રત્યય પર છતાં **अस्** ધાતુનો અંત્ય **स्** લોપાય છે.

† સંસ્કૃત ભાષામાં દ્વિત્વ (=બેપણું) દર્શાવવા શબ્દ દ્વિવચનમાં મૂકવામાં આવે છે. એ દ્વિવચન નવા વિદ્યાર્થિઓને કેવળ નવતર હોવાથી આ પછીના પાઠમાં આપ્યું છે. બાકી ખરો અનુક્રમ તો એકવચન, દ્વિવચન ને બહુવચન એ પ્રમાણે છે.

‡ અકારાદિ પ્રત્યય પર છતાં પૂર્વનો **अ** લોપાય છે. **बुध्+अ+अन्ति=बोध्+ अन्ति=बोधन्ति.**

પુરુષવાચક પ્રત્યય લાગતા પહેલાં ચોથા ગણમાં **य** અને છટ્ઠા ગણમાં **अ** ધાતુમાં ઉમેરાય છે.*

દ્વિવચન તથા બહુવચનના પુરુષવાચક પ્રત્યયો પર છતાં **अस्** (ગ. ૨) ના **अ** નો લોપ થાય છે.

वदामः† ।	दहामः ।	लुभ्यन्ति ।
गच्छन्ति ।	सन्ति ।	स्पृशामः ।
बोधथ ।	जीवथ ।	सृजथ ।
नयामः ।	नमन्ति ।	इच्छन्ति ।
भवथ ।	पुष्यामः ।	पृच्छथ ।
वसन्ति ।	नश्यन्ति ।	मुञ्चामः ।
स्थ ।	नृत्यथ ।	विशन्ति ।
अदन्ति ।		मुह्यामः ।

પહેલો ગણ.

जि (जय्) જીતવું, ફતેહ પામવી.
दृश् [पश्य्] જોવું, દેખવું.
धाव् દોડવું.
पा [पिब्] પીવું.
यज् પૂજવું, યજ્ઞ કરવો.
वह् વહેવું, વાવું, લેઈ જવું.
स्मृ (स्मर्) સંભારવું, યાદ રાખવું.
हृ (हर्) લેઈ લેવું, હરી જવું.

ચોથો ગણ.

अस् ફેંકવું.
कुस् ભેટવું.
तुष् પ્રસન્ન થવું, ધરાવું, ખુશ થવું.
लुट् લોટવું, આળોટવું.
शुष् સુકાઇ જવું, સોસાવું.

છઠ્ઠો ગણ.

क्षिप् ફેંકવું.
तुद् પીડવું, કનડવું, સતાવવું.
दिश् બતાવવું.
सिच् [सिञ्च्] સીંચવું, છાંટવું.

---

* આ બે ગણોમાં પહેલા ગણમાં થાય છે તેમ કાંઈ ધાતુના સ્વરનો ગુણ થતો નથી.

† પદને અંતે **स्** હોય તો તેનો વિસર્ગ થાય છે. પદાંત **र्** નો પણ અઘોષ વ્યંજન પર છતાંજ અગર તો કશુંએ ન આવે તો વિસર્ગ થાય છે.

(તમે) બોલો છો.
(અમે) જઇયે છિયે.
(તેઓ) સમજે છે.
(તમે) દોરો છો.
(તેઓ) થાય છે.
(અમે) રહિયે છિયે.
(તમે) ખાઓ છો.
(અમે) છિયે.
(તેઓ) બાળે છે.
(અમે) જીવિયે છિયે.
(તેઓ) પીડે છે.
(તમે) જીવો છો.
(તેઓ) પોષે છે.
(અમે) નાશ પામિયે છિયે.
(તેઓ) નાચે છે.
(તમે) ઘેલા થાઓ છો.
(અમે) લોભ કરિયે [છિયે.
(તેઓ) અડકે છે.
(અમે) જીતિયે છિયે.
(તમે) હરી જાઓ છો.
(તેઓ) જુએ છે.
(અમે) ફૂંકિયે છિયે.
(અમે) પિયે છિયે.
(તમે) યજ્ઞ કરો છો.
(તેઓ) વહે છે.
(અમે) સંભારિયે છિયે.
(તમે) ફેંકો છો.
(તેઓ) ભેટે છે.
(અમે) ધરાઇયે છિયે.
(તેઓ) સુકાય છે.
(તમે) આળોટો છો.
(તમે) છાંટો છો.

પાઠ ૩.

દ્વિવચન.

પ્રત્યય:—પુરુષ ૧, **वस्**; પુરુષ ૨, **थस्**; પુરુષ ૩, **तस्.**

દશમા ગણના ધાતુ.*

कथ् કહેવું.
गण् ગણવું, ધારવું.
घुष् (घोष्) જાહેર કરવું.
चिन्त् વિચારવું.
†**चुर्** (चोर्) ચોરવું.
पीड् નડવું, પીડવું, દુઃખ દેવું.
प्रथ् પ્રસિદ્ધ કરવું.
प्री [प्रीण्] ખુશ કરવું.
स्पृह् ચહાવું, ઝંખવું, તૃષ્ણા રાખવી.
रच् રચવું, ગોઠવવું.

---

* સામાન્ય રીતે કહેતાં દશમા ગણના ધાતુઓ ઉભયપદી છે.

† વિકરણ પ્રત્યય **अय** લાગતાં સ્વરાંત ધાતુના અંત્ય સ્વરની તથા વ્યંજનાંત ધાતુના ઉપાંત્ય अ ની વૃદ્ધિ થાયછે, અને अ સિવાય બાકીના ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાયછે. આ ફેરફાર **कथ्, गण्, रच्, प्रथ्, स्पृह्, मृग्**, તથા બીજા કેટલાક ધાતુમાં થતો નથી, અર્થાત્ આ ધાતુનો સ્વર બદલાતો નથી. अ, इ અથવા ई, उ અથવા ऊ, ऋ અથવા ॠ, અને ऌ ની વૃદ્ધિ અનુક્રમે **आ, ऐ, औ,**

પુરુષવાચક પ્રત્યય લાગતા પહેલાં દશમા ગણના ધાતુમાં વિકરણ પ્રત્યય **अय** ઉમેરાય છે.

चोरयावः ।	घोषयथः ।	नमथः ।
पीडयथः ।	स्पृहयावः ।	स्तः ।
कथयतः ।	चिन्तयतः ।	स्मरावः ।
गणयावः ।	प्रीणयथः ।	जयथः ।
प्रथयावः ।	गच्छतः ।	नश्यतः ।
रचयतः ।	नयावः ।	नृत्यावः ।
अद्वः ।	विशतः ।	इच्छतः ।

પહેલો ગણ.	ચોથો ગણ.	છઠ્ઠો ગણ.
अट् ભટકવું, ભમવું.	**कुप्** ગુસ્સે થવું, કોપવું.	**उञ्छ्** વીણવું.
चल् ચાલવું, જવું, ખસવું.	**क्षुभ्** ખળભળવું, ગભરાવું.	**कृष्** ખેડવું, ખેંચવું.
जल्प् બબડવું, બકવું.	**श्लिष्** ભેટવું.	**स्फुर्** ધડકવું, ફરકવું, તરફડવું.
निन्द् નિંદવું, વખોડવું.		
शंस् કહેવું, વખાણવું.		

દશમો ગણ.

पूज् પૂજવું. **वर्ण्** વર્ણવવું, વખાણવું. **सान्त्व्** શાંત પાડવું.

(તમે બે) ચોરો છો.	(આપણે બે) પૂજિયે છિયે.	(તમે) બે રાંધો છો.
(તેઓ બે) કનડે છે.	(તમે બે) ભમો છો.	(અમે બે) સમજિયે છિયે.
(અમે બે) કહિયે છિયે.	(તેઓ બે) ગુંચવાય છે.	(તેઓ બે) ખાય છે.
(તમે બે) ગણો છો.	(તમે બે) બોલો છો.	(અમે બે) રમિયે છિયે.
(તેઓ બે) જુએ છે.	(તેઓ બે) થાય છે.	(તમે બે) ઝંખો છો.
(તમે બે) કોપો છો.		
(તેઓ બે) ખેડે છે.		

आर् અને **आल्** છે. ઉ. **चि+अय+ति**=(વૃદ્ધિ થવાથી) **चै+अय+ति = चाय्+अय+ति = चाययति** ; **तड्+अय+ति** = (વૃદ્ધિ થવાથી) **ताड्+अय+ति= ताडयति**; **घुष्+अय+ति**= (ગુણ થવાથી) **घोष्+अय+ति = घोषयति**.

(તેઓ બે) જાહેર કરે છે.	(તેઓ બે) વર્ણવે છે.	(તમે બે) લોભ કરો છો.
(અમે બે) વિચારિયે છિયે.	(અમે બે) ભેટિયે છિયે.	(તેઓ બે) લોટે છે.
(તમે બે) પ્રસિદ્ધ કરો છો.	(તમે બે) બબડો છો.	(અમે બે) અડકિયે છિયે.
(તેઓ બે) ખુશ કરે છે.	(તેઓ બે) શાંત પાડે છે.	(તમે બે) પૂછો છો.
(અમે બે) વીણિયે છિયે.	(અમે બે) વખાણિયે છિયે.	(અમે બે) નિંદિયે છિયે.
	(અમે બે) ધરાઇયે છિયે.	

પાઠ ૪.

વર્તમાનકાળ સમગ્ર.

પહેલો ગણ.

क्षि (क्षय्) ઘસાઇ જવું, ક્ષીણ થવું.
द्रु (द्रव्) ભરવું, ભિંજાવું.
रुह् (रोह्) ઊગવું, વધવું, ઉપર ચઢવું, પલાણવું.
स्था [तिष्ठ्] ઊભા રહેવું, રહેવું.
ह्वे (ह्वय्) બોલાવવું.

ચોથો ગણ.

मद् [माद्] ગાંડા થવું, મસ્ત થવું, ભૂલવું, ચૂકવું.
शम् [शाम्] શાંત હોવું, સાંસતા રહેવું–થવું.
श्रम् [श्राम्] થાકી જવું.

દશમો ગણ.

क्षल् (क्षाल्) ધોવું.
तड् (ताड्) મારવું, ઠોકવું, માર મારવો.
तुल् (तोल्) તોળવું, જોખવું.
भूष् શણગારવું.

वदसि ।	इच्छामि ।	रोहन्ति ।	पिबन्ति ।
वसथ ।	मुञ्चथ ।	पूजयन्ति ।	पश्यावः ।
बोधामः ।	स्पृशति ।	तिष्ठामि ।	ह्वयति ।
रक्षति ।	स्मरथ ।	स्पृहयथ ।	नयसि ।
पतामि ।	ताडयसि ।	हरतः ।	अत्थः ।
मुह्यति ।	घोषयथ ।	जयसि ।	गणयति ।

सन्ति ।	सिश्वसि ।	शंसथ ।	पचन्ति ।
नश्यसि ।	लुठ्यन्ति ।	क्षालयति ।	पुष्यामि ।
नृत्यति ।	तुष्यामि ।	क्षयतः ।	पीडयन्ति ।
विशामः ।	अस्यथः ।	अश्मि ।	यजामः ।
पृच्छथः ।	कथयामि ।	जीवामः ।	श्राम्यामि ।
वहतः ।	कृषामः ।	त्यजथ ।	द्रवन्ति ।

चिन्तयति ।

(તે) પોષે છે.	(તું) થાકે છે.	(અમે) હરી જઇયે છિયે.
(હું) નાચું છું.	(હું) ઇચ્છું છું.	(તમે) કહો છો.
(તમે) લોભ કરો છો.	(અમે બે) પિયે છિયે.	(તું) અડકે છે.
(તે) પેસે છે.	(તમે) બાળો છો.	(તેઓ) ઝંખે છે.
(તું) ઇચ્છે છે.	(તેઓ) ધુએ છે.	(તમે બે) જાઓ છો.
(હું) પૂજું છું.	(તે) ઘસાઈ જાય છે.	(તે) ચોરે છે.
(તું) નડે છે.	(તું) કહે છે.	(આપણે બે) છિયે.
(તે) ઊગે છે.	(તે) તોળે છે.	(તું) ખુશ કરે છે.
(અમે) બોલાવિયે છિયે.	(તેઓ) ચોરે છે.	(હું) પેસું છું.
(તે) ઘેલો થાય છે.	(તમે) ગોઠવો છો.	(તેઓ) મારે છે.
(તેઓ) ધરાય છે.	(તે) જાહેર કરે છે.	(અમે બે) રાંધિયે છિયે.
(હું) જીતું છું.	(હું) સંભારું છું.	(તમે) પૂજો છો.
(તમે) જાઓ છો.	(તેઓ બે) વસે છે.	

સારાંશ તથા સવાલ.

પહેલો ગણ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પુરુષ ૧.	बोधामि	बोधावः	बोधामः
પુરુષ ૨.	बोधसि	बोधथः	बोधथ
પુરુષ ૩.	बोधति	बोधतः	बोधन्ति

ચોથો ગણ.

પુરુષ ૧.	पुष्यामि	पुष्यावः	पुष्यामः
પુરુષ ૨.	पुष्यसि	पुष्यथः	पुष्यथ
પુરુષ ૩.	पुष्यति	पुष्यतः	पुष्यन्ति

છઠ્ઠો ગણ.

પુરુષ ૧.	विशामि	विशावः	विशामः
પુરુષ ૨.	विशसि	विशथः	विशथ
પુરુષ ૩.	विशति	विशतः	विशन्ति

દશમો ગણ.

પુરુષ ૧.	चोरयामि	चोरयावः	चोरयामः
પુરુષ ૨.	चोरयसि	चोरयथः	चोरयथ
પુરુષ ૩.	चोरयति	चोरयतः	चोरयन्ति

૧. કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય, ઓષ્ઠ્ય, અંતઃસ્થ, ઘોષ વ્યંજન અને અઘોષ વ્યંજન કયા છે તે ગણાવો.

૨. **इ, उ, ऋ** અને **ऌ** નાં ગુણવૃદ્ધિનાં રૂપ આપો.

૩. પહેલા, ચોથા, છઠ્ઠા, દશમા તથા બીજા ગણનાં વિશેષ લક્ષણ શાં છે?

૪. વર્તમાનકાલના પુરુષવાચક પ્રત્યયો આપો.

૫. પહેલા પુરુષના **व्** અને **म्** થી શરૂ થતા પ્રત્યય પર છતાં પૂર્વના **अ** માં શો ફેરફાર થાય છે?

૬. **ए, ओ, ऐ,** અને **औ** પછી સ્વર આવે તો તેમને ઠેકાણે અનુક્રમે શાં રૂપ મૂકવામાં આવે છે? ઉદાહરણ પણ આપો.

૭. કોઇ પણ વ્યંજન પછી અઘોષવ્યંજન આવે તો પૂર્વના વ્યંજનમાં જે ફેરફાર થાય છે તે ઉદાહરણ સાથે સમજાવો.

૮. પદાંત **स्** અને **र्** નું શું થાય છે? એ ફેરફાર **र्** ના સંબંધમાં ક્યારે થાય છે?

૯. નીચેના ધાતુનાં વર્તમાનકાળનાં રૂપ આપો.

[વિદ્યાર્થીના મનમાં પાકાં ઠશી જાય તેટલામાટે શિક્ષકની નજરમાં જેટલા ધાતુ આપવાની જરૂર જણાય તેટલા અહિં આપવા.]

ઉપસર્ગ.

ઉપસર્ગ ધાતુની પૂર્વે આવી ઘણું કરીને ધાતુના અસલ અર્થમાં ન્યૂનાધિક્ય કરી વિશેષ અર્થ ઉપજાવે છે. મુખ્ય **ઉપસર્ગ** નીચે આપ્યા છે.

अति—હદ બહાર ; **अतिक्राम्यति** તે હદ બહાર પગલું ભરેછે, તે ઉલ્લંઘન કરે છે.

अधि--ઉપર ; **अधिगच्छति** તે ઉપર થઈ જાય છે, તે મેળવે છે અથવા જાણી જાય છે.

अनु—પાછળ, સરખું ; **अनुसरति, अनुगच्छति** તે પાછળ જાય છે, અનુસરે છે. [પાસે જાય છે.

अभि—તરફ, પાસે ; **अभिगच्छति** તે તરફ જાય છે, અથવા

अव—નીચે, દૂર; **अवतरति** તે નીચે જાય છે, ઉતરે છે.

आ—હદ અથવા મર્યાદાના અર્થે, ઉલટાપણાના અર્થે, " સુધી " ના અર્થે ; **आगच्छति** તે આવે છે ; **आरोहति** તે (અમુક ઉંચાઈ) સુધી વધે છે, ચઢે છે.

उत्—ઉંચે, ઉપર, વિશેષ ; **उत्पतति** તે ઉંચે જાય છે, કુદે છે. **उद्गच्छति** તે ઉપર જાય છે, ઉંચે ચઢે છે.

उप—પાસે; **उपगच्छति** તે પાસે જાય છે, જઈ મળે છે.

नि—અંદર, નીચે ; **निषीदति** તે નીચે બેસે છે.

परा—"પાછું" એવા અર્થે, ઉલટાપણાને અર્થે ; **पराजयते** તે હારે છે.

प्रति—સામાં, ઉલટું;**प्रतिभाषते** તે સામાં કહે છે,જવાબ દે છે.

प्र—આગળ ; **प्रयाति** તે આગળ જાય છે.

वि—નહિ, જુદું, દૂર, વિશેષે કરીને;**विश्लिष्यति** તે જુદો પડે છે.

सम्—સાથે, એકઠાં ; ***संगच्छते** તે સાથે જાય છે, મળે છે.

---

* પદાંત **म्** પછી કોઇ પણ સ્પર્શી વ્યંજન આવ્યો હોય, તો તે **म्** ને બદલે વિકલ્પે પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર થાય છે, અથવા તો તેને ઠેકાણે પછીના વ્યંજનના સ્થાનનો અનુનાસિક થાય છે. જો પદાંત म् પછી **य्, व्** કે **ल्** હોય, તો વિકલ્પે **म्**ને બદલે પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર અથવા તો તેને ઠેકાણે અનુક્રમે નાસિકા

પાઠ ૫.

પ્રથમા વિભકિત.

૧. અકારાંત નામ.

પ્રત્યય.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
*પુલ્લિંગ.	**स्**	**औ**	**अस्**
*નપુંસકલિંગ.	**म्**	**ई**	**आनि**
	नृपः	नृपौ†	नृपाः‡
	फलम्	फले§	फलानि

સ્થાને બોલાતો य्, व् કે ल् થાય છે. પરંતુ જો પદાંત **म्** પછી **श, ष्, स्, र्,** કે **ह्** હોય, તો **म्** ને બદલે અવશ્યે પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર લખાય છે.

* ગુજરાતી ભાષામાં સાત વિભક્તિયોનેમાટે પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, અને સાતમી એ શબ્દો વપરાય છે તે બદલ સંસ્કૃત ભાષામાં પ્રથમા, દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી, ષષ્ઠી, સપ્તમી એ પદ વાપરવામાં આવે છે. તેમજ નરજાતિ, નારીજાતિ ને નાન્યતરજાતિ કહેવાબદલ પુલ્લિંગ, સ્ત્રીલિંગ ને નપુંસકલિંગ એમ કહેવાય છે.

† **अ** કે **आ** પછી **ए** કે **ऐ** આવે, તો પાસે આવેલા સ્વરો ભળી જઇને તેમને ઠેકાણે **ऐ** થાય છે; વળી **अ** કે **आ** પછી **ओ** કે **औ** આવે, તો પાસે આવેલા સ્વરો ભળી જઈને **औ** થાય છે; અર્થાત્ **अ** કે **आ,+ ए** કે **ऐ,= ऐ** અને **अ** કે **आ,+ ओ** કે **औ,= औ.**

‡ છેલ્લા ચાર સ્વરો (**ए, ऐ, ओ, औ**) સિવાય બાકીના કોઇ પણ હ્રસ્વ અથવા દીર્ઘ સ્વર પછી તેજ હ્રસ્વ કે દીર્ઘ સ્વર આવે, તો પાસે આવેલા બે સ્વરો મળી જઈ તેમને ઠેકાણે દીર્ઘ સ્વર થાય છે; ઉ.:—**दैत्य + अरि = दैत्यारि ; कवि + ईश = कवीश ;** ઈ. (પૃ. ૯ ની ટીપ ‡ પ્રથમા તથા દ્વિતીયાના રૂપને લાગુ નથી).

§ જો **अ** કે **आ** પછી હ્રસ્વ કે દીર્ઘ **इ, उ, ऋ,** કે **ऌ**કાર હોય તો પાસે આવેલા બે સ્વર બદલ તે તે પર સ્વરના ગુણના અક્ષરો મૂકાય છે; અર્થાત્ **अ** કે **आ, + इ** કે **ई, = ए;—उ** કે **ऊ, = ओ;—ऋ** કે **ॠ, = अर्;—ऌ = अल्.**

નામ (પુંલ્લિંગ).

अश्व ઘોડો.	**नृप** રાજા.	**मेघ** વાદળું.
ईश्वर ઈશ્વર.	**पवन** પવન, વાયુ.	**राम** રામ (વિશેષ [નામ).
कूर्म કાચબો.	**पुत्र** દીકરો, પુત્ર.	**वृक्ष** ઝાડ.
जन લોક, માણસ.	**बाल** છોકરો.	**समुद्र** દરિયો.
जीव જીવ, પ્રાણી.	**बुध** ડાહ્યો માણસ.	**सूद** રસોઇયો.
नर પુરુષ.	**मूर्ख** બેવકૂફ, મૂરખ.	**हस्त** હાથ.

(નપુંસકલિંગ.)

कमल કમળ, પો-[યણું.	**धन** દોલત.	**मित्र** મિત્ર, દોસ્ત.
गृह ઘર.	**नेत्र** આંખ.	**मुख** મ્હોડું.
जल પાણી.	**पर्ण** પાંદડું.	**सुख** સુખ.
दुःख દુઃખ.	**फल** ફળ.	**हृदय** હૈયું, અંતઃક-[રણ.

વાક્ય.

नृपो* जयति ।	**जीवो मुह्यति ।**	**धनं नश्यति ।**
अश्वा†वुत्पततः ।	**हस्तौ हरतः ।**	**बालः स्पृहयति ।**
जना‡ वदन्ति ।	**कूर्मः सरति ।**	**गृहाणि¶ रक्षन्ति ।**
सुखं§ प्रीणयति ।	**फले पततः ।**	**नेत्रे पश्यतः ।**

---

* વિસર્ગની પૂર્વે अ હોય, તેમજ પછી अ કે ઘોષ વ્યંજન આવ્યો હોય ત્યારે વિસર્ગનું उ થાય છે, અને તે उ પૂર્વના अ માં મળી ओ થાય છે (પૃ. ૧૪ ની ટીપ § જુઓ).

† પૃ. ૪ ની ટીપ ‡ જુઓ.

‡ વિસર્ગની પૂર્વે आ હોય ને પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે, તો વિસર્ગ ઊડી જાય છે. વળી વિસર્ગની પૂર્વે अ હોય ને પછી अ સિવાય કોઇપણ સ્વર હોય, તોપણ વિસર્ગ લોપાય છે; અને વિસર્ગ લોપ કર્યાથી પાસે આવેલા સ્વરોની સંધિ થતી નથી; ઉ૦ **नराः इमे=नरा इमे । बुधः इच्छति=बुध इच्छति.**

§ પૃ. ૧૩ ની ટીપ * જુઓ.

¶ પદની અંદર ऋ, र् કે ष् પછી લાગલોજ न् આવ્યો હોય તો તે न् નો ण् થાય છે. વળી ऋ, र् કે ष् અને न् ની વચ્ચે સ્વર, ल સિવાય અર્ધસ્વર, મહાપ્રાણ ह् તેમજ કંઠ્ય કે ઓષ્ઠ્ય વર્ગનો વ્યંજન હોય, તોપણ न् નો ण् થાય છે. પરંતુ પદને અંતેજ જો न् આવ્યો હોય તો આ ફેરફાર થતો નથી; ઉ. **नरान्.**

मेघः सिञ्चति ।	रामः पूजयति ।	कमले नृत्यतः ।
मुखानि द्रवन्ति ।	पुत्रौ तुष्यतः ।	मित्राणि कथयन्ति ।
दुःखं पीडयति ।	नरा गच्छन्ति ।	बुधौ मुञ्चतः ।

जलं शुष्यति ।

રાજાઓ રક્ષે છે.	પવનો વાય છે.	(બે) સમુદ્રો ખળ-ભળે છે.
(બે) છોકરા આળોટે-[છે.	પરમેશ્વર સરજે છે.	[રહે છે.
દીકરો ખુશ કરે છે.	વૃક્ષો ઊગે છે.	ડાહ્યો માણસ સાંસતો
ઘોડાઓ કૂદે છે.	પાંદડાં પડે છે.	બેવકૂફો બકે છે.
મિત્ર પૂછે છે.	હૈયું ધરાય છે.	રસોઇયા રાંધે છે.

૨. इકારાંત નામ.

પ્રત્યય.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પુલ્લિંગ.	स्	०	अस्

પ્રથમાના દ્વિવચનમાં इકાર દીર્ઘ થાય છે, અને બહુવચનમાં अस् પ્રત્યય લાગતાં इકારનો ગુણ થાય છે; એ નિયમ પ્રમાણે.

हरिः	हरी	(हरे+अस्=) हरयः

નપુંસકલિંગ.	०	ई	इ

इકારાંત નપુંસક નામોને સ્વરાદિ પ્રત્યય લાગતાં न् ઉમેરવામાં આવે છે; વળી પ્રથમા, દ્વિતીયાના બહુવચનમાં इકાર દીર્ઘ થાય-છે. તેટલા માટે—

वारि	वारिणी	वारीणि

નામ (પુલ્લિંગ).

अग्नि અગ્નિ, દેવતા.	**ऋषि** ઋષિ.	**पवि** વજ્ર.
अरि શત્રુ, દુશ્મન.	**कपि** વાંદરો, વાનર.	**पाणि** હાથ.
असि તરવાર.	**कवि** કવિ.	**यति** યોગી, સંન્યાસી.
उदधि મહાસાગર.	**गिरि** પર્વત.	**व्याधि** રોગ.
धूर्जटि શિવ.	**नृपति** રાજા.	**हरि** હરિ કે ઇંદ્ર.

न (અવ્યય*) નહિ. **वारि** (નપુંસકલિંગ) પાણી.

---

* જેમને વિભક્તિના પ્રત્યય લાગતા નથી એટલે જેમનાં ભિન્ન ભિન્ન રૂપાખ્યાન નથી, તેમને અવ્યય કહે છે.

વાક્ય.

उदधिः क्षुभ्यति ।	नृपतिर्यजति* ।	वारि नास्ति ।
ऋषयः क्षिपन्ति ।	वारीणि शुष्यन्ति ।	गिरिर्वहति ।
ऋषी चिन्तयतः ।	अग्निर्दहति ।	व्याधयो नश्यन्ति ।
अरिः पीडयति ।	कवयः शंसन्ति ।	पविः पतति ।

पाणी हरतः ।

શિવ† સંભાળે છે.	રાજાઓ લેઈ જાય છે.	(બે) દુશ્મનો જીતે છે.
ઋષિયો‡ શાંત હોય છે.	યોગિયો તૃષ્ણા રાખતા નથી.	હરિ ગુસ્સે થાય છે.
વાંદરાઓ દોડે છે.	તરવાર પડે છે.	હાથ છાંટે છે.
કવિ વર્ણવે છે.		

પાઠ ૬.

દ્વિતીયા વિભક્તિ.

૧. અકારાંત નામ.

પ્રત્યય.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પુંલ્લિંગ.	म्	औ	आन्
	बुधम्	बुधौ	बुधान्

નપુંસકલિંગ.—પ્રથમા પ્રમાણે.

નપુંસક નામોની દ્વિતીયા વિભક્તિનાં રૂપો હમેશાં પ્રથમા વિભક્તિ જેવાંજ હોય છે.

---

* स् અથવા વિસર્ગની પૂર્વે अ તથા आ સિવાય કોઇ પણ સ્વર હોય ને પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે, તો તે स् અથવા વિસર્ગનો र् થાય છે.

† र् પછી र આવે તો પૂર્વનો र् લોપાય છે; તથા તેના પૂર્વનો સ્વર હ્રસ્વ હોય તો દીર્ઘ થાય છે.

‡ વિસર્ગ પછી श्, ष् કે स् આવે તો વિસર્ગ કાયમ રહે છે; અથવા તો તે વિસર્ગને બદલે અનુક્રમે श्, ष् કે स् થાય છે.

નામ (પુલ્લિંગ).

ओदन ભાત, રાંધેલા ચોખા.	**पाद** પગ.	**व्याघ्र** વાઘ.
किङ्कर ચાકર.	**पुरुष** પુરુષ, મરદ.	**शठ** ખળ, લુચ્ચો માણસ.
कोश ખજાનો, ભંડાર.	**प्रज्ञ** ડાહ્યો માણસ.	**शर** તીર.
गज હાથી.	**बिडाल** બિલાડો.	**सिंह** સિંહ.
ग्राम ગામ.	**भार** ભાર, બોજો.	**सूर्य** સૂરજ.
जनक બાપ.	**मोक्ष** મોક્ષ, મુક્તિ.	**स्तेन** ચોર.
देह શરીર.	**योध** યોધો, લડવઈયો.	**स्वर्ग** સ્વર્ગ.
	वेद વેદ.	

(નપુંસકલિંગ.)

अरण्य વન, જંગલ.	**नगर** શેહેર.	**वस्त्र** લૂગડું.
तत्त्व તત્ત્વ.	**पाप** પાપ.	**विष** ઝેર.
तृण તરણું, ઘાસ.	**पुस्तक** પુસ્તક.	**सुवर्ण** સોનું.
धान्य અનાજ.	**मांस** માંસ.	

વાક્ય.

ईश्वरं जनः पूजयति ।	धनं लुभ्यति ।
नृपः शठान् दण्डयति ।	स्तेनो धान्यं चोरयति ।
कविर्बुधौ शंसति ।	पापं वदसि ।
पुत्रो जनकं सान्त्वयति ।	स्मरसि मित्राणि ।
रामो*ऽश्वमारोहति ।	बुधो मोक्षमिच्छति ।
व्याघ्रो मांसमत्ति ।	नगरं† गच्छामि ।
हरिर्हस्तौ क्षालयति ।	व्याधयो नरान् पीडयन्ति ।
योधः शरान् क्षिपति ।	जलं पिबथ ।

* પદને અંતે ए કે ओ હોય ને તેની પછી अ આવે, તો अકાર પૂર્વના સ્વરમાં સમાય છે; એટલે તે બોલાતો નથી તેમ લખાતોએ નથી, અને તેને ઠેકાણે આવું ऽ અવગ્રહચિન્હ ઘણુંખરૂં મૂકવામાં આવે છે.

† ક્રિયાપદ ગતિવાચક હોય તો જે સ્થાને જવાનું હોય તે સ્થાન બતાવનાર શબ્દ દ્વિતીયા વિભક્તિમાં ને કોઈ વખત ચતુર્થી વિભક્તિમાં આવે છે.

पुस्तकं मार्गयामि ।
सुवर्णं तोलयामः ।
ग्रामानटावः ।
फले भक्षयामि ।
कमलानि पश्यति ।
भारं वहति किङ्करः ।

प्रज्ञान् वर्णयन्ति जनाः ।
वस्त्रे त्यजति मूर्खः ।
तृणान्यत्त्यश्वः* ।
यतिर्देहं मुञ्चति ।
बिडालां†स्ताडयति पुरुषः ।
गृहं प्रविशामः ।

રામ વાઘો જુએ છે.
ઘોડા ખજાનો વહે છે.
ડાહ્યો માણસ સ્વર્ગ‡ ચઢે છે.
સિંહો હાથિયોને ખાઇ જાય છે.
(તે) ફળો ગણે છે.
યોગી વન જાય છે.
યોધો (બે) તીર ફેંકે છે.
પરમેશ્વર માણસોને સંભાળે છે.
(બે) ગામોમાં§ (અમે) પેશિયે છિયે.

(તેઓ) પગ ધુએ છે.
(બે) મૂર્ખો ઝેર પિયે છે.
રાજાઓ ચોરોને સજા કરે છે.
(તેઓ) પુસ્તકો ગોઠવે છે.
(તમે) ભાત ખાઓ છો.
રામને મિત્રો સંભારે છે.
લોક રાજાઓને વખાણે છે.
ડાહ્યા માણસો લોકોને દોરે છે.
(હું) સત્ય સમજું છું.
વેદો સૂરજને વખાણે છે.

દીકરો બાપને ખુશી કરે છે.

૨. इકારાંત નામ.

પ્રત્યય.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પુંલ્લિંગ.	म्	०	न्

---

* હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ, ને ऌકાર પછી વિજાતીય સ્વર આવે, તો તે इ, उ, ऋ, ને ऌકારને ઠેકાણે અનુક્રમે य्, व्, र्, ल् મુકાય છે.

† પદાંત न् પછી च, छ, त, थ તથા ट्, ठ्, આવે, તો न् ને ઠેકાણે અનુસ્વારપૂર્વક વિસર્ગ થાય છે; च् કે छ् પર છતાં વિસર્ગનો श् થાય છે; ट् કે ठ् પર છતાં ष् થાય છે; અને त् કે थ् પર છતાં स् થાય છે; ઉ. हरिः+चरति=हरिश्चरति. તેવીજ રીતે रामष्टीकते; रामस्तरति.

‡ દ્વિતીયા વાપરવી, કેમકે रुह् (=ઉપર ચઢવું, પલાણવું). ધાતુ સકર્મક છે.

§ विश् (પેસવું) સકર્મક છે માટે દ્વિતીયા વાપરવી.

બહુવચનમાં न् પ્રત્યય લાગતાં, તથા દ્વિવચનમાં, इकार દીર્ઘ થાય છે; તેથી કરીને—

हरिम् हरी हरीन्

નામ (પુલિંગ).

अलि ભમરો, મધમાખ.	**भिक्षुक** ભિક્ષુક, યાચક.	**विधि** અદૃષ્ટ, નસીબ.
किरि ભૂંડ, ડુક્કર.	**मणि** મણિ.	**व्रीहि** વ્રીહી કે વ્રીહીનો દાણો.
बलि બળિદાન.	**रवि** સૂરજ.	**सारथि** રથ હાંકનાર, સારથિ.
	राशि ઢગ, ઢગલો.	
	वायस કાગડો.	

आ (ઉપસર્ગ) + **नी** ગ૦ ૧, આણવું, લાવવું.

વાક્ય.

वायसो बलिं भक्षयति ।
हरिं पीडयति व्याधिः ।
मेघो वारि सिञ्चति ।
नृपतिररीञ्जयति* ।
कमलमलीन् प्रीणयति ।
रामो रविं नमति ।
पाणी प्रक्षालयामः ।
उदधिं गच्छावः ।
व्याघ्रः किरीनत्ति ।
सारथीनाह्वयामः ।
ऋषी नमामः ।
ईश्वरो विधिं जयति ।
राशिं नयतः ।
व्रीहीनुञ्छति भिक्षुकः ।

गिरी†आरोहन्ति ।

---

* જ્યારે स् કે અન્ય દંત્ય વ્યંજન श् કે અન્ય તાલવ્ય વ્યંજન સાથે જોડાય છે, ત્યારે દંત્યને ઠેકાણે મળતો તાલવ્ય મુકાય છે:—એટલે કે स् ને ઠેકાણે श, त् ને ઠેકાણે च, द् ને ઠેકાણે ज ઇ૦ થાય છે. જ્યારે દંત્યને મૂર્ધન્ય જોડાય છે ત્યારે પણ તેવીજ રીતે દંત્યને ઠેકાણે મૂર્ધન્ય થાય છે:—એટલે કે स् ને ઠેકાણે ष, त् ને ઠેકાણે ट, थ ને ઠેકાણે ठ ઇ૦ થાય છે. અર્થાત્ તાલવ્ય કે મૂર્ધન્ય સાથે દંત્યના યોગમાં દંત્યનો અનુક્રમે મળતો તાલવ્ય કે મૂર્ધન્ય થાય છે.

† બે સ્વરો પાસે આવ્યા છતાં સંધિ નથી થતી એવું થોડેક પ્રસંગે બને છે. તેમાં આ ઠેકાણે એવો નિયમ લાગુ થાય છે કે જ્યારે નામ કે ક્રિયાપદના દ્વિવચનને છેડે દીર્ઘ ई, ऊ કે एकार હોય ત્યારે પછીના સ્વર સાથે તેની સંધિ થતી નથી.

કવિયો ઋષિયોને વખાણે છે.	યોધા તરવાર ફેંકે છે.
રામ કવિયોને નમે છે.	(હું) મણિયો ઇચ્છું છું.
યોગી પર્વત (તરફ)* જાય છે.	તે દરિયાઓ (ઉપર)† ભટકે છે.
(બે) વાંદરાને (હું) મારૂં છું.	માણસ અગ્નિમાં પેસે છે.‡
હરિ ઢગલા લાવે છે.	(બે) સારથિયોને (તે) પૂછે છે.

પાઠ ૭.

તૃતીયા વિભક્તિ.

अકારાંત તથા इકારાંત નામ.

પ્રત્યય.

		એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પુલ્લિંગ.	अકારાંત	इन	भ्याम्	ऐस्
	इકારાંત	ना	,,	भिस्

भ्याम् પ્રત્યય લાગતાં પૂર્ણનો **अ** દીર્ઘ થાયછે.

दण्डेन	दण्डाभ्याम्	दण्डैः
मणिना	मणिभ्याम्	मणिभिः

નપુંસકલિંગ. — अકારાંત નપુંસક નામોનાં રૂપો પહેલી બે વિભક્તિ સિવાય બાકીની બધી વિભક્તિમાં अકારાંત પુલ્લિંગ નામ જેવાંજ થાયછે.

નપુંસકલિંગ इકારાંત—	**आ**	**भ्याम्**	**भिस्**
	वारिणा§	वारिभ्याम्	वारिभिः

---

* પૃ. ૧૮ ની ટીપ † જુઓ.

† દ્વિતીયા વાપરવી; કારણ કે अट् સકર્મક છે.

‡ પૃ. ૧૯ ની ટીપ § જુઓ.

§ પૃ. ૧૬ નો નિયમ તથા પૃ. ૧૫ ની ટીપ ** જુઓ.

नाम (પુંલ્લિંગ).

अलंकार ઘરેણું.	**दण्ड** લાકડી.	**यजमान** યજ્ઞકરનાર.
इन्द्र ઇંદ્ર.	**नद** નદી.	**यत्न** પ્રયત્ન, મહેનત.
उपहार ભેટ.	**नाविक** ખલાસી.	**रथ** રથ.
कर હાથ.	**पत्ति** પાળો.	**रावण** લંકાનો રાજા.
कौशिक કુશનો વંશજ, કૌશિક ગોત્રનો પુરુષ.	**बाण** બાણ, તીર.	**विधि** શાસ્ત્રની આજ્ઞા.
खञ्ज લંગડો.	**ब्राह्मण** બ્રાહ્મણ.	**श्लोक** કવિતાની કડી.
	मन्त्र વેદના સૂક્તની કડી.	

(નપુંસકલિંગ).

अन्न અંન, ખોરાક.	**चक्र** પૈડું.	**शरीर** શરીર.
अर्घ्य પૂજાનો સામાન, અર્ઘ્ય.	**नख** નખ.	**शास्त्र** શાસ્ત્ર.
खनित्र કોદાળો.	**पुण्य** પુણ્ય.	**शीर्ष** માથું.
गोत्र ગોત્ર, વંશ, કુળ.	**यन्त्र** યંત્ર, સાંચો.	**सूक्त** વેદની કવિતાનું પદ, સૂક્ત.
	रत्न રત્ન, જવાહિર.	

ધાતુ.

खन् ગ. ૧, ખોદવું.
अव (ઉપ.)+**गम्** ગ. ૧, જાણવું.
चल् ગ. ૧, ચાલવું, ખસવું.
प्र (ઉપ.)+ **हृ** ગ. ૧, મારવું, માર મારવો.
हृ (दार्) ગ. ૧૦, ફાડવું.

सह (અવ્યય) સાથે.

વાક્ય.

पुरुषः स्तेनं दण्डेन ताडयति । शरीरमलङ्कारैर्भूषयति । नाविका नदेन समुद्रं प्रविशन्ति । योधो बाणैररिं जयति । पादेन खञ्जः । हरिः पुत्रैः *सह ग्रामं गच्छति । चक्राभ्यां चलति रथः । खनित्रेण खनति ।

---

* જે નામને **सह** અવ્યય જોડવામાં આવે છે તે તૃતીયા વિભક્તિમાં આવે છે.

रामोऽर्घ्येण* ऋषिं पूजयति।
पादाभ्यां धावन्ति बालाः।
पुण्येन हरिं पश्यति।
कवयः श्लोकैर्नृपं वर्णयन्ति।
बुधाः सुखेन जीवन्ति।
नेत्राभ्यां पश्यति जनः।
वारिणा हस्तौ क्षालयति।
पाणिभ्यां स्पृशति शीर्षम्।
सिंहो नखैर्गजान् दारयति।
अग्निना गृहं दहति। [ति
बुधः शास्त्रै† स्तत्त्वमवगच्छ-
पत्तिभिर्गच्छति योधः। [म।
रामः कपिभिर्जयति रावण-
गोत्रेण कौशिकोऽस्मि।

રામ મણિયોએ શરીર શણુ-
ગારે છે.
માણુસ મુખવડે બોલે છે.
માણુસો ખોરાકવડે શરીર પોષે છે.
રથો સંચાઓવડે ચાલે છે.
બ્રાહ્મણો (બે) સૂક્તોએ દેવને
બોલાવે છે.
તે વિધિપૂર્વક ‡ઈશ્વરને પૂજે છે.
(તેઓ) માથે ભાર (બહુ) વહે છે.
હરિ પ્રયત્નોએ ઋષિને ખુશ
કરે છે.
રાજાઓ ભેટોવડે ખુશ થાય છે.
(બે) શ્લોકવડે (તે) રામને
વખાણે છે.
માણુસ શત્રુને તરવારે મારે છે.
રામ સારથિ સાથે જાય છે.

પાઠ ૮.

ચતુર્થી અને પંચમી વિભક્તિ.

પ્રત્યય.

		એકવચન.	દ્વિવચન.	બહુવચન.
અકારાંત પુલ્લિંગ.	ચ૦	य	भ्याम्	भ्यस्
	પં૦	आत्	,,	,,
અકારાંત નપુંસક.	ચ૦ પં૦	પુલ્લિંગ પ્રમાણે.		

---

* છેલ્લા ચાર સ્વર (ए, ऐ, ओ, औ) સિવાય બીજા કોઇપણ સ્વર પછી ऋ આવે તો સંધિ કરે, અથવા તો સંધિ ન કરતાં માત્ર પૂર્વનો દીર્ઘ હોય તો હ્રસ્વ કરે, તોએ ચાલે.

† પૃ. ૧૯ ની ટીપ† જુઓ.

‡ તૃતીયા વાપરવી.

य તથા **भ्याम्** પ્રત્યય લાગતાં પૂર્વનો **अ** દીર્ઘ થાય છે, અને **भ्यस्** પ્રત્યય લાગતાં **अ** નો **ए** થાય છે.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
	रामाय	रामाभ्याम्	रामेभ्यः
	रामात्	,,	,,
इકારાંત પુલ્લિંગ. તથા નપુંસકલિંગ.	ચ૦ **ए**	**भ्याम्**	**भ्यस्**
	પં૦ **अस्**	,,	,,
	ચ૦—हरे* + ए = हरये	हरिभ्याम्	हरिभ्यः
	પં૦—हरे + अस्† = हरेः	,,	,,
	ચ૦—वारिणे	वारिभ्याम्	वारिभ्यः
	પં૦—वारिणः	,,	,,

નામ (પુલ્લિંગ.)

अतिथि અતિથિ, પરૂણો.
अश्वपति વિશેષ નામ.
आचार्य ધર્મગુરુ, આચાર્ય.
कलि લડાઈ, કજિયો.
कृष्ण વિશેષ નામ.
क्रोध ગુસ્સો.
क्रोश કોશ, એ માઈલ.
तिल તલ.
द्वीप બેટ, ખંડ.
निष्क સોનામહોર.
पर्वत પર્વત.
पाप પાપી, દુષ્ટ.
प्रासाद મહેલ.
भृत्य ચાકર.
माष અડદ.
मोदक લાડુ.
याचक યાચક, માગણ.
लोक લોક, દુનિયાં.
वध ઘાત, વધ, મારવું.
वराह ભૂંડ.
विनय નમ્રતા, વિનય
शिखर ટોચ, શિખર.
शिष्य શિષ્ય, વિદ્યાર્થી.
सार्थ કાફલો, ટોળું, સાથ.
सेनापति સેનાપતિ.
सैनिक લશ્કરી સિપાઈ.

---

* ચતુર્થી, પંચમી અને ષષ્ઠીના એકવચનના પ્રત્યય લાગતાં હ્રસ્વ इકારાંત તથા उકારાંત પુલ્લિંગ નામોના અંત્યસ્વરનો ગુણ થાય છે.

† **अस्** પ્રત્યયની પૂર્વે **ए** કે **ओ** હોય તો **अ** લોપાય છે.

નપુંસકલિંગ.

आकाश આકાશ.
आसन આસન, બેઠક.
उद्यान વાડી.
कल्याण કલ્યાણ.
कुसुम ફૂલ.
तारक તારો, ચાંદરણી.
पल्वल તળાવડું; ખાબોચિયું.
भोजन ભોજન.
योजन ચાર કોશ.
वन વન.
शत સો.
स्वकृत्य સ્વધર્મ, ફરજ.

धातु.

ગણ ૧.

अधि (ઉપ.) + **गम्** મેળવવું.
दा [यच्छ्] આપવું.
प्रति (ઉપ.) + **दा** બદલે આપવું.
भज् ભજવું.
उत् (ઉપ.) + **भू** ઉત્પન્ન થવું, નીપજવું.
उत् (ઉપ.) + **स्था** [तिष्ठ्] ઊભા થવું, ઊઠવું.

उप (ઉપ.) + **दिश्** ગ. ૬, શિખવવું, સમજાવવું.

धृ ગ. ૧૦, ધારણ કરવું, પહેરવું, દેણદાર હોવું*, દેવું હોવું.

અવ્યય.

नमस् † નમસ્કાર. **विना** સિવાય. **स्वस्ति** અખંડ કલ્યાણ.

વાક્ય.

हरिर्ब्राह्मणेभ्यो निष्कान् यच्छति ।
मनुष्यो ग्रामाय गच्छति ।
कल्याणाय हरिं भजति ।
फलेभ्यो गच्छामि ।
तिलेभ्यः प्रतियच्छति माषान् ।
आसनेभ्य उत्तिष्ठन्त्याचार्याः ।
वधाद्विनारिर्न शाम्यति ।
रवेर्लोकः सुखमधिगच्छति ।
प्रासादात्‡ जनं पश्यति नृपः ।

---

* જ્યારે **धृ** ધાતુનો અર્થ 'દેણદાર હોવું' થાય છે, ત્યારે લેણદારનું નામ ચતુર્થીમાં આવે છે; અને લેણું બતાવનાર શબ્દ દ્વિતીયામાં આવે છે, તથા દેવાદાર પ્રથમામાં આવે છે.

† જે નામને **नमः** કે **स्वस्ति** જોડવામાં આવે તે ચતુર્થીમાં આવે છે; ને જેને **विना** જોડવામાં આવે છે તે બીજી, ત્રીજી કે પાંચમીમાં આવે છે.

‡ પૃ. ૨૦ ની ટીપ * જુઓ.

शिष्याय शास्त्रमुपदिशति ।
कलिभ्यो दुःखान्युद्भवन्ति।
शिखरात् पतन्ति गजाः ।
मोदकेभ्यो बालः स्पृहयति।
अश्वात् पतति ।
अतिथिभ्योऽन्नं यच्छति ।
द्वीपाद्द्वीपमटति सार्थः ।
भृत्यं क्रोधाद्रामस्ताडयति ।

नगरादागच्छति* ।
नगरं वनाद्योजनम् ।
नमो देवेभ्यः ।
स्वस्ति हरये ।
पल्वलेभ्यो वराहा उत्तिष्ठन्ति ।
विनयः सुखाय भवति ।
हरये नृपतिः कुप्यति† ।
निष्कान् धारयति रामाय हरिः ।

રામ ભોજનને વાસ્તે ઘેર જાય છે.
ફળો ઝાડોઉપરથી પડે છે.
(હું) યાચકોને ધન આપું છું.
હરિને અશ્વપતિની સો મોહોરો દેવી છે. ‡
ડાહ્યો માણસ મોક્ષસારું ઈશ્વરને ભજે છે.
સેનાપતિ લશ્કરી સિપાઇયોને (એક) ગામથી (બીજે) ગામ લેઈ જાય છે. §

બ્રાહ્મણો રાજાઓ પાસેથી ધન મેળવે છે.
પર્વત સમુદ્રથી (બે) યોજન છે.
દુઃખ પાપથી નીપજે છે.
દેવો પાપિયોને સ્વર્ગમાંથી ફેંકી દે છે.
રામ સ્વધર્મથી ચૂકે છે.
(બે) ઢગલામાંથી (તે) ચોખા લાવે છે.
આકાશમાંથી તારાઓ પડે છે.
કવિઓને અખંડ કલ્યાણ !

---

* ઘોષ વ્યંજન કે સ્વર સાથે મળી જતાં પૂર્વના વ્યંજનને બદલે તેજ સ્થાનનો ત્રીજો અક્ષર મૂકાય છે.

† ક્રોધ, દ્રોહ (=દ્વેષ), ઈર્ષ્યા (=ચડસાચડસી) કે અસૂયા (=અદેખાઈ) ના અર્થનાં ક્રિયાપદ સાથે તે મનોવિકાર જેના ઉપર થાય તેને ચતુર્થી લગાડવામાં આવે છે. વળી स्पृह ક્રિયાપદની સાથે ઇચ્છિત વસ્તુવાચક શબ્દ પણ ચોથીમાં આવે છે.

‡ પૃ. ૨૫ ની ટીપ * જુઓ.

§ કેટલાક ધાતુ દ્વિકર્મક છે, જેમકે नी, प्रच्छ, याच्; વળી આ ધાતુના જેવા અર્થ બતાવનારા ધાતુ પણ દ્વિકર્મક છે.

પાઠ ૯.

ષષ્ઠી, સપ્તમી અને સંબોધન.

પ્રત્યય.

		એકવચન.	દ્વિવચન.	બહુવચન.
अકારાંત પુલ્લિંગ.	ષ૦	**स्य**	**ओस्**	**नाम्**
	સ૦	**इ**	,,	**षु**

अકારાંત નપુંસક—પુલ્લિંગ પ્રમાણે.

नाम् પ્રત્યય પર છતાં પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે; **ओस्** તથા **षु** પ્રત્યય લાગતાં અંત્ય **अ** નો **ए** થાય છે.

इકારાંત પુલ્લિંગ	ષ૦	**अस्**	**ओस्**	**नाम्**
	સ૦	**औ**	,,	**षु**

औ પ્રત્યય લાગતાં પૂર્વની **इ** લોપાય છે.

अકારાંત નામના સંબોધનમાં મૂળરૂપજ વપરાય છે, અને इકારાંત નામનું સંબોધન મૂળરૂપના અંત્ય इકારનો **ए** કરવાથી થાય છે; બંનેનાં દ્વિવચન, બહુવચન પ્રથમાનાં તે તે રૂપો જેવાંજ છે.

ષષ્ઠી	रामस्य	रामयोः	रामाणाम्
સપ્તમી	रामे	,,	रामेषु
સંબોધન	राम	रामौ	रामाः
ષષ્ઠી	हरेः*	हर्योः	हरीणाम्
સપ્તમી	हरौ	,,	हरिषु
સંબોધન	हरे	हरी	हरयः

इકારાંત નપુંસક.	ષ૦	**अस्**	**ओस्**	**नाम्**
	સ૦	**इ**	,,	**षु**

* પૃ. ૨૪ ની ટીપ † જુઓ.

સંબોધનનું એકવચન મૂળરૂપના અંત્ય इकारनो વિકલ્પે ગુણ કરવાથી થાય છે; અને દ્વિવચન, બહુવચન, પ્રથમાનાં તે તે રૂપો જેવાંજ છે.

ષષ્ઠી	वारिणः	वारिणोः	वारीणाम्
સપ્તમી	वारिणि	,,	वारीषु
સંબોધન	वारे, वारि	वारिणी	वारीणि

નામ (પુલ્લિંગ).

अगद ઓસડ.	**चन्द्र** ચંદ્ર.	**पालक** રક્ષણ કરનાર, પાળનાર.
अधिपति ધણી, ઉપરી.	**दीप** દીવો.	**प्रकाश** પ્રકાશ, તેજ.
आचार ચાલ, યોગ્ય વર્તણુક.	**धनपति** કુબેર.	**प्रसाद** મહેરબાની.
कासार તળાવ, સરોવર.	**धनिक** પૈસાદાર, તવંગર.	**वर्ण** જાતિ, રંગ.
खड्ग તરવાર.	**धर्म** ધર્મ, ફરજ.	**वीर** લડવૈયો.
ग्रीष्म ઉષ્ણ ઋતુ, ગ્રીષ્મ.	**निधि** ભંડાર, ખજાનો.	**वृष** બળદ.
	पराक्रम પુરુષાર્થ, પરાક્રમ.	**श्वापद** શિકારીપશુ.
		सुमन्त्र રામનો સારથિ.

(નપુંસકલિંગ).

घृत ઘી.	**प्रमाण** સાબિતી, પ્રમાણ.	**वचन** વચન.
चरित સંસારમાં વર્તવાની રીત.	**युद्ध** લડાઈ, સંગ્રામ.	**हिम** હિમ, બરફ.
चित्त ચિત્ત.	**यूथ** ટોળું.	**सौंदर्य** ખુબસુરતી, મનોરંજકપણું.

लाङ्गूल પૂછડું. **हर्म्य** ઘર, હવેલી.

વિશેષણ.

आह्लादक ખુશકારક.	**प्रथम** પહેલું.	**लवण** ખારૂં.
गर्ह्य નિંદવાલાયક.	**प्रशस्य** વખાણવા લાયક.	**श्रेष्ठ** સર્વોત્તમ, ઉત્તમ.

चण्ड ગરમ, ઉગ્ર. **दीर्घ** લાંબું.

उप (ઉપ.) + **विश्** બેસવું. | **क्व** (અવ્યય) કહિં ?

ટીપ—વિશેષણ વિશેષ્ય પ્રમાણે જાતિ, વચન ને વિભક્તિ લેછે.

વાક્ય.

नराणां पालको नृपः ।
समुद्रस्य जलं लवणम् ।
देवस्य प्रसादेन जीवामि ।
शास्त्राणां तत्त्वं प्रज्ञो बोधति ।
वीरयोर्युद्धं भवति ।
वारीणां निधिरुदधिः ।
आसनेषूपविशन्ति ।
गिरेः शिखराद्वृषः पतति ।
कासारे कमलान्युद्भवन्ति ।
गजानां यूथं चरति ।
ग्रीष्मे सूर्यस्य प्रकाशश्चण्डो भवति ।
वर्णानां ब्राह्मणः श्रेष्ठः ।
ऋषीणां वचनं प्रमाणम् ।
शठानां चरितं गर्ह्यम् ।
धूर्जटौ यतीनां चित्तमस्ति ।

हरेः पुस्तकं क्वास्ति ।
नगरे जना वसन्ति ।
रामस्य पुत्रा ग्रामं गच्छन्ति ।
वनेषु श्वापदाः सन्ति ।
आचार्याः शिष्याणां धर्मं कथयन्ति. ।
मनुष्याणामगदेन व्याधयो नश्यन्ति ।
रामस्य सारथिः सुमन्त्रो वनं रथं* नयति ।
चन्द्रस्य प्रकाशो जनानामाह्लादको भवति ।
गिरिषु वसन्ति सिंहाः ।
अरीणां सैनिकान् नृपतिर्जयति ।
योधस्य पाणौ खड्गोऽस्ति ।
कवयो लोकेषु वीराणां पराक्रमान् प्रथयन्ति ।

વાંદરાઓનાં પૂછડાં લાંબાં હોય છે.
કવિયોમાં કાલિદાસ પ્રથમ છે.
માણુસનો ચાકર ગામ જાય છે.
રાજાઓ મહેલમાં રહે છે.
પૈસાવાળા હવેલિયોમાં રહે છે.
રામ માણુસોમાં શ્રેષ્ઠ છે.
સરોવરોનું પાણી ખારૂં છે.
પર્વતોના શિખરોઉપર બરફ છે.

ચોર બ્રાહ્મણનું ધન ચોરે છે.
(હું) વાડીઓની ખુબસુરતીવડે ખુશ થાઉં છું.
(તે) ઝાડનું પાંદડું લાવ છે.
(હું) દેવતામાં ઘી નાંખું છું.
હરિના (બે) છોકરાની ચાલ વખાણુવા લાયક છે.
ઘરોમાં દીવા છે.
યક્ષો કુબેરના ચાકરો છે.

---

* પૃ. ૨૬ની ટીપ § જુઓ.

સારાંશ તથા સવાલ.

नृप—પુલ્લિંગ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	नृपः	नृपौ	नृपाः
દ્વિતીયા	नृपम्	,,	नृपान्
તૃતીયા	नृपेण	नृपाभ्याम्	नृपैः
ચતુર્થી	नृपाय	,,	नृपेभ्यः
પંચમી	नृपात्	,,	,,
ષષ્ઠી	नृपस्य	नृपयोः	नृपाणाम्
સપ્તમી	नृपे	,,	नृपेषु
સંબોધન	नृप	नृपौ	नृपाः

कलि —પુલ્લિંગ.

પ્રથમા	कलिः	कली	कलयः
દ્વિતીયા	कलिम्	,,	कलीन्
તૃતીયા	कलिना	कलिभ्याम्	कलिभिः
ચતુર્થી	कलये	,,	कलिभ्यः
પંચમી	कलेः	,,	,,
ષષ્ઠી	,,	कल्योः	कलीनाम्
સપ્તમી	कलौ	,,	कलिषु
સંબોધન	कले	कली	कलयः

वन—નપુંસકલિંગ.

પ્રથમા	वनम्	वने	वनानि
દ્વિતીયા	,,	,,	,,
તૃતીયા	वनेन	वनाभ्याम्	वनैः
ચતુર્થી	वनाय	,,	वनेभ्यः
પંચમી	वनात्	,,	,,
ષષ્ઠી	वनस्य	वनयोः	वनामाम्
સપ્તમી	वने	,,	वनेषु
સંબોધન	वम	वने	वनानि

सुरभि—નપુંસકલિંગ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	सुरभि	सुरभिणी	सुरभीणि
દ્વિતીયા	,,	,,	,,
તૃતીયા	सुरभिणा	सुरभिभ्याम्	सुरभिभिः
ચતુર્થી	सुरभिणे	,,	सुरभिभ्यः
પંચમી	सुरभिणः	,,	,,
ષષ્ઠી	,,	सुरभिणोः	सुरभीणाम्
સપ્તમી	सुरभिणि	,,	सुरभिषु
સંબોધન	सुरभि, सुरभे	सुरभिणी	सुरभीणि

૧. નીચેના પ્રશ્નના જવાબ દાખલાસાથે આપો ?

(**क**) છેલ્લા ચાર સિવાય સવર્ણ સ્વરની સંધિ શી ?

(**ख**) **अ** કે **आ** પછી હ્રસ્વ કે દીર્ઘ **इ**, **उ**, **ऋ**, કે **ऌ** આવે તો સંધિ શી ?

(**ग**) **अ** કે **आ** પછી **ए**, **ऐ**, **ओ**, **औ** આવે તો સંધિ શી ?

(**घ**) હ્રસ્વ કે દીર્ઘ **इ**, **ऊ**, **ऋ**, **ऌ** પછી કોઇ પણ વિવર્ણ સ્વર આવે તો સંધિ શી ?

(**ङ**) **ए** કે **ओ** પછી **अ** આવે તો સંધિ શી ?

(**च**) નામના દ્વિવચનને છેડે આવેલા **ई**, **ऊ** કે **ए** પછી કોઈ પણ સ્વર આવે તો, અને છેલ્લા ચાર સિવાય કોઈ પણ સ્વર પછી **ऋ** આવે તો સંધિ શી ?

(**छ**) પદને અંતે **म्** આવે તો શું થાય ?

(**ज**) જોડે આવેલા દંત્ય અને તાલવ્ય વ્યંજનની સંધિ શી ?

(**झ**) જોડે આવેલા દંત્ય અને મૂર્ધન્ય વ્યંજનની સંધિ શી ?

(**ञ**) પહેલા પાંચ વર્ગના અનુનાસિક સિવાય કોઇ પણ

વ્યંજન પછી ઘોષ વ્યંજન કે અન્યશબ્દનો આદિ સ્વર આવે તો સંધિ શી?

(ट) र् પછી र् આવે તો સંધિ શી?

૨. न् નો ण् ક્યારે થાય છે?

૩. ક્યારે વિસર્ગનો ओ, ક્યારે र्, અને ક્યારે स्, ष्, કે श् થાય છે; અને ક્યારે તે લોપાય છે?

૪. પદાંત न् નો ક્યારે વિસર્ગપૂર્વક અનુસ્વાર થાય છે?

૫. નીચેના ક્રિયાપદો ને અવ્યયો સાથે સંબંધ ધરાવતાં પદો કઈ વિભક્તિમાં આવે છે.

(क) ગતિવાચક ક્રિયાપદો.

(ख) ગુસ્સો, દ્વેષ, ચડસાચડસી અને અદેખાઈના અર્થનાં ક્રિયાપદો.

(ग) "દેણદાર હોવું" એવા અર્થમાં धृ ધાતુ; તથા स्पृह् ધાતુ.

(घ) सह, नमः, स्वस्ति, અને विना.

૬. કેટલાક દ્વિકર્મક ધાતુ ગણાવો.

૭. નીચેનાં નામોના રૂપાખ્યાન કરોઃ—[अકારાંત કે इકારાંત પુલ્લિંગ તથા નપુંસક નામો જોઇયે એટલાં મૂકવાં].

કેટલાએક ઉપયોગી અવ્યયો.

अव्ययानि.

अत्र અહિં.	**अपि** પણ.	**एव** નક્કી.
अतः આથી, અહિંથી.	**इति** એમ, આપ્રમાણે.	**एवम्** એ પ્રમાણે.
		कथम् કેમ, શી રીતે.
अद्य આજ.	**इत्थम्** આવી રીતે.	**कदा** ક્યારે.
अधुना હવણાં.	**इव** પેઠે, જેમ, જાણે.	**किन्तु** પરંતુ, પણ.

कुतः શાથી, ક્યાંથી.	**तदा** ત્યારે.	**वृथा** ફોગટ.
कुत्र કે **क्व** કહિં.	**पुनर्** ફરીને.	**श्वस्** આવતી કાલે.
च* અને.	**पुरा** પહેલાં.	**सदा** હમેશ.
चिरम् લાંબા વખતસુધી.	**यतः** જેથી, જાહિંથી.	**सर्वत्र** બધે.
ततः તેથી, તહિંથી.	**यत्र** જાહિં.	**सुष्ठु** સારી રીતે, એશ.
तत्र તહિં.	**यथा** જે પ્રમાણે, જેમ.	**हे** અરે.
तथा તેમજ, તેપ્રમાણે.	**यदा** જ્યારે.	**ह्यस्** ગઈ કાલે.
	वा* અથવા, કે.	

પાઠ ૧૦.

વર્તમાનકાળ;–આત્મનેપદ પ્રત્યય†.

એકવચન.

પુરુષ ૧.	પુરુષ ૨.	પુરુષ ૩.
इ	**से**	**ते**
वन्दे	वन्दसे	वन्दते

ધાતુ.

ગણ ૧.

ईक्ष् જોવું.	**परि** (ઉપ.) + **ईक्ष्** તપાસવું.	**भाष्** કહેવું, ભાખવું.
अप (ઉપ.) + **ईक्ष्** આશા રાખવી.	**कम्प्** ધૂજવું, હાલવું.	**मुद्**(मोद्) ખુશ થવું.
प्र (ઉપ.) + **ईक्ष्** પેખવું, જોવું.	**प्र** (ઉપ.) + **काश्** પ્રકાશવું, ચળકવું.	**यत्** મહેનત કરવી.
		आ (ઉપ.) + **रभ्** શરુ કરવું.

* જે પદો જોડવાનાં હોય કે છૂટાં પાડવાનાં હોય તે સઘળાંને છેડે એકજવાર કે તે દરેકને છેડે જૂદી જૂદી વાર **च** કે **वा** મૂકાય છે. ઉદાહરણ. **हरिश्च गोविन्दश्च** કે **हरिर्गोविन्दश्च जल्पतः**.

† આત્મનેપદી ધાતુઓનાં રૂપાખ્યાન કરતાં પણ, પહેલાં કહેલા વિકરણ પ્રત્યયો લગાડવા.

रम् રમવું.
रुच् (रोच्) પસંદ પડવું, ગમવું.
लभ् મેળવવું.
वन्द् નમવું.
वृध् (वर्ध) વધવું.
वेप् ધ્રુજવું, થરથરવું.
शङ्क् વહેમ આણવો, શંકા લેવી.
आ (ઉપ.) + **शंस्** આશા રાખવી, તકાસવું.
शुभ् (शोभ्) શોભવું, લાયક હોવું.
शिक्ष् શીખવું, ભણવું.
श्लाघ् વખાણવું.
सह् ખમવું.
सेव् સેવવું.

ગણ ૪.

जन् [जा] ઉત્પન્ન થવું, નીપજવું.
युध् લઢવું.

ગણ ૬.

मृ* [म्रिय्] મરવું.
विद् [विन्द्] મેળવવું.

ગણ ૧૦.

अव (ઉપ.)+**धीर्** તિરસ્કારવું, અવજ્ઞા કરવી.
मृग् † શોધવું.
नि (ઉપ.) + **सूद्** [निषुद्] નાશ પમાડવું.

નામ.

अध्ययन ન૦ ભણવું, અભ્યાસ.
असत्य ન૦ અસત્ય, જૂઠું.
अस्त्र ન૦ મંત્ર ભણીને ફેંકવાનું ચમત્કારી હથિયાર.
उद्यम પુ૦ મેહેનત, ઉદ્યમ.
कृष्ण પુ૦ કૃષ્ણ.
क्लेश પુ૦ દુઃખ, પીડા.
दुराचार પુ૦ ખરાબ ચાલ.
न्याय પુ૦ ન્યાયશાસ્ત્ર.
पारितोषिक ન૦ ઈનામ.
भय ન૦ બીક.
विश्वामित्र પુ૦ એક ઋષિ.
शासन ન૦ હુકમ.
सदाचार પુ૦ સારી ચાલ.
स्नेह પુ૦ પ્રેમ.
स्वास्थ्य ન૦ સ્વસ્થતા, શાંતિ.

---

* છઠ્ઠા ગણના ધાતુના અંત્ય **ऋ** નો **रि** થાય છે અને તેમાં વિકરણ પ્રત્યય अ ઉમેર્યાથી **रिय** થાય છે; જેમ કે **दृ** અને **मृ** નાં **द्रियते** અને **म्रियते** એવાં રૂપ થાય છે.

† આ ધાતુના ઉપાંત્ય સ્વરનો ગુણ થતો નથી. પૃ. ૮ ની ટીપ † જુઓ. આ ધાતુ કેવળ આત્મનેપદી છે.

देवं वन्दे ।
भयं शङ्कसे ।
भयाद्वेपते हृदयम् ।
सूर्यः प्रकाशते ।
व्याघ्रो म्रियते ।
असत्यं भाषसे ।
हरेरुद्यमं श्लाघे ।
पुस्तकानि मृगयसे ।
वीरोऽरिं निषूदयते ।
मोदको बालकाय*रोचते ।
हे राम सुष्ठु शोभसे विनयेन ।
ज्ञानात्सुखं जायते ।
नारायणे रामस्य स्नेहो वर्धते ।
जनानां कल्याणाय नृपो यतते ।
आचार्यं शिष्यः सेवते ।
विश्वामित्रादस्त्राणि शिक्षते रामः ।
सदाचारेण मनुष्यः स्वास्थ्यं लभते ।
पुत्रस्य दुराचारात्सुखं नाशंसे ।

(હું) ન્યાયનો અભ્યાસ શરુ કરું છું.
(તું) દુ:ખ ખમે છે.
કૃષ્ણ છોકરાઓ જોડે રમે છે.
ઝાડ હાલે છે.
(તું) રાજાને સેવે છે.
યોદ્ધો શત્રુઓ જોડે લઢે છે.
(તું) ઈનામ તકાસે છે.
(હું) મિત્રોની આબાદી ઉપર ખુશ થાઉં છું.
લુચ્ચો રાજાના હુકમોને તિરસ્કારે છે.
(હું) વાંદરાને જોઉં છું.
તે ઋષિયોને પગે લાગે છે.

પાઠ ૧૧.

દ્વિવચન અને બહુવચન.

	પુ. ૧.	પુ. ૨.	પુ. ૩.
દ્વિવચન.	**वहे**	**इथे**	**इते**
બહુવચન.	**महे**	**ध्वे**	**अन्ते**†

* रुच् અને એવા અર્થનાં બીજાં ક્રિયાપદો સાથે રુચિ ધરાવનારનું નામ ચતુર્થીમાં આવે છે.

† પૃ. ૬ ની ટીપ ‡ જુઓ.

પરસ્મૈપદ પ્રત્યયોની પેઠે **व्** ને **म्** થી શરુ થતા આત્મનેપદ-પ્રત્યયો લાગતાં પૂર્વનો **अ** દીર્ઘ થાય છે.

वन्दावहे	वन्देथे	वन्देते
वन्दामहे	वन्दध्वे	वन्दन्ते

ધાતુ.

ગણ ૧.

कत्थ् વખાણવું, ઓપાવવું.
क्षम् માફ કરવું.
प्र (ઉપ.) + **गल्भ्** બડાઇ મારવી.
वृत् (**वर्त्**) હોવું.
डी (**डय्**) ઊડવું.
भिक्ष्* માગવું, જાચવું.
याच् માગવું, જાચવું.
स्पन्द् ધડકવું, ફરકવું.
स्मि (**स्मय्**) હસવું, મ્હો મલકાવવું.
वि (ઉપ.)+**स्मि** (**स्मय्**) આશ્ચર્ય પામવું, ચમકવું.
स्वाद् ચાખવું, ભાવવું

ગણ ૪.

अनु (ઉપ.) + **रुध्** માનવું, અનુસરવું, તાબે રહેવું.

ગણ ૧૦.

अभि+वाद् નમવું, પગે પડવું.

નામ.

अपराध પુ. ગુન્હો.
अभ्युदय પુ. આબાદી, ચડતી.
आम्र ન. કેરી.
उद्योग પુ. ઉદ્યોગ, મહેનત.
कपट ન. કપટ.
गायक પુ. ગવૈયો.
गुण પુ. ગુણ.
चातुर्य ન. હોશિયારી.
तण्डुल પુ. ચોખા.
द्रव्य ન. દ્રવ્ય, પૈસો.
नयन ન. આંખ.
नारायण પુ. વિશેષ નામ.
निर्देश પુ. ફરમાશ, હુકમ.
नृत्य ન. નાચવું.
मयूर પુ. મોર.
भङ्ग પુ. ઉલ્લંઘન.
वसंत પુ. વસંતઋતુ.
वातायन ન. બારી.
विहग પુ. પક્ષી.
वैयात्य ન. બેઅદબી, જંગલીપણું.
शुक પુ. પોપટ.
सङ्गीत ન. ગાયન.
स्वीय વિશે. પોતાનું.

---

* પૃ. ૨૯ ની ટીપ § જુઓ.

વાક્ય.

मोदकान् स्वादन्ते ब्राह्मणाः । [कौ ।
धनिकं द्रव्यं याचेते भिक्षु-
मित्राणामभ्युदये नरा मोदन्ते ।
मुनीनभिवादयावहे ।
स्वीयान् गुणान् कत्थेथे ।
उद्योगाद्धनं लभध्वे ।
वृथा प्रगल्भध्वे ।
बुधा मोक्षं विन्दन्ते ।
कपटं शङ्केथे ।
आकाशे विहगा डयन्ते ।

कृष्णस्य चातुर्येण विस्मयन्ते जनाः । [हे ।
मूर्खाणां वैयात्यं न सहाम-
वृक्षेषु कुसुमानि वर्तन्ते ।
आचार्यस्य निर्देशमनुरुन्ध्यध्वे ।
भृत्यानामपराधान् क्षमामहे ।
रामस्य नयने स्पन्देते ।
शासनस्य भङ्गं न क्षमन्ते नृपतयः ।
गायकात्सङ्गीतं शिक्षावहे ।

(આપણે) વસંતઋતુમાં ફૂળો મેળવિયે છિયે.
(તમે) જૂઠું બોલો છો.
પર્વતો હાલે છે.
તારા પ્રકાશે છે.
(તમે) નાચવું શીખો છો.
નારાયણના કલ્યાણુસારું (તેના બે) મિત્રો મહેનત કરે છે.
(અમે બે) રાજાને સેવિયે છિયે.
(તમે બે) કેરિયો ખાઓ છો.
(અમે બે) હરિ તરફથી કલ્યાણ તકાસિયે છિયે.

(બે) છોકરા વાડીમાં રમે છે.
(તમે બે) મિત્રોના ગુન્હા માફ કરો છો.
(તેઓ) ડાહ્યા માણસોના ગુણો વખાણે છે.
પોપટો બારિયે ઊડે છે.
પાપથી દુઃખો ઉત્પન્ન થાય છે.
માણસો મરે છે.
યાચકો ચોખા માગે છે.
(અમે) હવેલીની ટોચે મોર જોઇયે છિયે.

પાઠ ૧૨.

કર્મણિ રૂપ અને ભાવે રૂપ.*

આ રૂપો ધાતુને †**य** લગાડી આત્મનેપદ પ્રત્યયો ઉમેરવાથી થાય છે; ‡**त्यज्** + **य** + **ते**=**त्यज्यते**; **त्यज्यसे**, **त्यज्ये** ઈ૰.

જો ધાતુને છેડે **ऋ** હોય અને તે **ऋ** ની પેહેલાં જોડાક્ષર ન હોય તો આ રૂપોમાં **य** લાગતાં તે **ऋ** ને બદલે **रि** મૂકાય છે; જેમ કે **कृ**નો **क्रि** થાય છે.

જો કોઈ ધાતુને છેડે **इ** કે **उ** હોય તો તે **य** લાગતાં દીર્ઘ થાય છે; જેમકે **जि** નો **जी** થાય છે.

ધાતુ.

प्र (ઉપ.) + **अर्थ्** વિનવવું.	**दा**§ [दी] આપવું.	**रुद्** રડવું.
कृ કરવું.	**आ** (ઉપ.) + **दिश्** ફરમાવવું.	**श्रु** સાંભળવું.
ज्ञा જાણવું, ઓળ-[ખવું.	**पा** [पी] પીવું.	**स्था** [स्थी] ઊભા [રહેવું.
		हन् હણવું.

નામ.

आदेश પુ. હુકમ.
काष्ठ ન. લાકડું.
चाप પુ. કામઠું.
ध्वनि પુ. અવાજ.
पौर પુ. શહેરમાં રહેનારો, નગરવાસી.

---

* ગુજરાતી વ્યાકરણમાં જેને સત્વભેદ કહે છે તે.

† ધાતુના વિશેષ રૂપ કે આદેશને આ **य** નથી લાગતો, પરંતુ લાગલો ધાતુનેજ લાગે છે; જેમ **गम्** [गच्छ्] ઉપરથી **गच्छ्यते** નહિ, પરંતુ **गम्यते**.

‡ કર્મણિ રૂપ કે ભાવે રૂપ ગણભેદે કરી જૂદાં નથી થતાં, એ રૂપો તો બધાએ ધાતુઉપરથી એકસરખીજ રીતે થાય છે; માત્ર ખુદ ધાતુઓમાંજ અમુક ફેરફાર થાય છે; આથી કરીને જે ગણો ગુંચવણ ભરેલા ધારી આ પુસ્તકમાં દાખલ નથી કર્યા, તે ગણના ધાતુઓ પણ ચાલુ પાઠમાં આપ્યા છે. અલબત શીખનાર તેમનાં કર્તરિ રૂપો કરી શકશે નહિ.

§ કર્મણિ રૂપ કે ભાવે રૂપનો **य** લાગતાં ખુદ ધાતુનું જે વિશેષ રૂપ થાય છે તે અહિં કાટખૂણ કૌંસમાં મૂકેલું છે

વાક્ય.

निष्का ब्राह्मणेभ्यो दीयन्ते ।
नृपतेरादेशः क्रियते ।
अग्निना काष्ठं दह्यते ।
शठौ पुरुषैस्ताड्येते* ।
जनैर्दृश्यामहे ।
व्याधिभिः पीड्यध्वे ।
प्रेक्ष्यसे जनेन ।
पुत्रैः पूज्येथे ।
आचार्यैर्धर्म उपदिश्यते ।
भृत्यैः सेव्यसे ।
सारथी हन्येते ।
ऋषयो जनेन वन्द्यन्ते ।
सूर्येण प्रकाश्यते ।
धान्यस्य राशयो नीयन्ते ।
बालकै †रुद्यते ।
तत्त्वं बुध्यते प्राज्ञैः ।
नृपेणारयो जीयन्ते ।
ईश्वरेण भूयते ।
लोकैः प्रशस्यध्वे‡ ।
शिष्यैर्नम्यावहे ।

मित्रैस्त्यज्ये ।

શત્રુ તીરવડે મરાય છે.
છોકરાના હાથ પાણિયે ધોવાય છે.
(તું) કવિયોવડે વખણાય છે.
(તમે) લોકોવડે શોધાઓછો.
(હું) ચાકરોવડે સેવાઉં છું.
(આપણે) ઇશ્વરવડે સંભાળાઇયે છિયે.
(તમે બે) લોકોવડે ઓળખાઓ છો.
હાથીઓ પલાણાય છે.
કૃષ્ણનું શરીર ઘરેણાંવડે શણગરાય છે.
ડાહ્યા માણસોના ગુણો કવિયોવડે પ્રસિદ્ધ કરાય છે.
શબ્દ સંભળાય છે.
(બે) ફળો હરિવડે ખવાય છે.
(બે) તીરો ફેંકાય છે.
(તમે) રાજાવડે ફરમાવાઓ છો.
ચોરો રાજાવડે દંડાય છે.

(અમે બે) નગરવાસિયોવડે વિનવાઇયે છિયે.

---

* દશમા ગણના ધાતુઓના સ્વરમાં જે ગુણ કે વૃદ્ધિનો ફેરફાર કર્તરિ રૂપમાં થાય છે, તે કર્મણિ રૂપ કે ભાવે રૂપનો य પ્રત્યય લગાડતાં પહેલાં પણ કરવામાં આવે છે; ઉ૦—चुर् કર્તરિરૂપ चोरयति, અને કર્મણિરૂપ चुर्यते નહિ પણ चोर्यते.

† પૃ. ૧૭ ની ટીપ† જુઓ.

‡ જો ધાતુમાં ઉપાંત્યે न् કે અનુસ્વાર હોય, તો તે કેટલાંએક ઠેકાણાંસિવાય બીજે બધે य પ્રત્યય લાગતાં લોપાય છે.

સારાંશ તથા સવાલ.

स्मि આત્મને. હસવું.

(વર્તમાનકાળ કર્તરિરૂપ.)

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પુરૂષ ૧.	स्मये	स्मयावहे	स्मयामहे
પુરૂષ ૨.	स्मयसे	स्मयेथे	स्मयध्वे
પુરૂષ ૩.	स्मयते	स्मयेते	स्मयन्ते

श्रु સાંભળવું (વર્તમાનકાળ કર્મણિરૂપ).

પુરૂષ ૧.	श्रूये	श्रूयावहे	श्रूयामहे
પુરૂષ ૨.	श्रूयसे	श्रूयेथे	श्रूयध्वे
પુરૂષ ૩.	श्रूयते	श्रूयेते	श्रूयन्ते

૧ છઠ્ઠા ગણમાં અંત્ય ऋ નો શો ફેરફાર થાય છે? તેવોજ ફેરફાર બીજા કયા પ્રસંગે થતો જોવામાં આવે છે?

૨. કર્મણિરૂપ કે ભાવે રૂપનો य પ્રત્યય લાગતાં ધાતુના અંત્ય હ્રસ્વ સ્વરનો શો ફેરફાર થાય છે? અને દશમા ગણના ધાતુનું શું થાય છે? તેમજ आ (ઉપ.) + स्था, दा અને पा (પીવું) એ ધાતુઓનું શું થાય છે?

૩. નીચેના ધાતુનાં વર્તમાનકાળ કર્તરિરૂપ લખો.—
वृध्, पृ ગ. ૬ [અહિં જોઇયે તેટલા આત્મનેપદી ધાતુ મૂકવા.]

૪. रुच् ને એવા અર્થનાં બીજાં ક્રિયાપદો સાથે રુચિ ધરાવનાર કઈ વિભક્તિમાં આવે છે, તે દાખલા સાથે લખો.

૫. નીચેના ધાતુનાં કર્મણિ રૂપ યા ભાવે રૂપ આપો.
गम्, दृश्, स्था [અહિં જોઇયે તેટલા પરસ્મૈપદી અને આત્મનેપદી ધાતુ મૂકવા].

૬. च અને वा નો પ્રયોગ શી રીતે થાય છે તે લખો.

પાઠ ૧૩.

આકારાંત અને ईકારાંત સ્ત્રીલિંગ નામો.

પ્રથમા અને **દ્વિતીયા** વિભક્તિ.

પ્રત્યય.

		એકવચન.	દ્વિવચન.	બહુવચન.
આકારાંત.	પ્ર०	०	ई	अस्
	દ્વિ०	आम्	,,	,,
	પ્ર०	रमा	रमे	रमाः
	દ્વિ०	रमाम्	,,	,,
ईકારાંત.	પ્ર०	०	औ	अस्
	દ્વિ०	म्	,,	इस्
	પ્ર०	नदी	नद्यौ*	नद्यः
	દ્વિ०	नदीम्	,,	नदीः

નામ.

સ્ત્રીલિંગ.

अरुन्धती વસિષ્ઠઋષિની વહુનું નામ.
आज्ञा હુકમ.
कथा વાત, કથા.
कन्या દીકરી, છોકરી.
कला હુન્નર, કળા.
कुमारी ન પરણેલી છોકરી, કુમારી.
क्षमा, ક્ષમા, માફી.
गङ्गा ગંગા.
जननी મા.
नटी નટી, સૂત્રધારની વહુ.
नदी નદી.
नारी સ્ત્રી.
पत्नी વહુ.
पृथ्वी પૃથ્વી.
प्रजा રૈયત, સંતતિ.
प्रमदा જુવાન સ્ત્રી.
भार्या વહુ.
मही પૃથ્વી.
माला માળા, હાર.
रजनी રાત્રિ.
लज्जा લાજ, શરમ.
लता વેલ.
ललना સ્ત્રી.
वापी વાવ.
शोभा શોભા.
सखी બહેનપણી.
सहचरी સહિયર, સોબતણ, સોબતમાં રેહેનારી.

---

* પૃ. ૧૯ ની ટીપ* જુઓ.

उपवन ન. બાગ, વાડી.
कण्ठ પુ. ડોક, ગળું.
गमन ન. જવું, નીકળવું.
जनक પુ. રામની વહુ સીતાનો બાપ.
नारद પુ. દેવઋષિનું નામ.
प्रासाद પુ. મેહેલ.
तल ન. તળ, પૃષ્ઠ.
प्रासादतल ન. અગાશી, મેહેલનું ઉપલું પૃષ્ઠ.
सूत्रधार પુ. નાટક મંડળીનો મુખ્ય.
हरिण પુ. હરણ.

ધાતુ, ગણ ૧.

सम् (ઉપ.)+ **गम्** આ. જોડાવું, મળવું.
तृ (तर्) પ. તરવું, ઓળંગવું.
अव (ઉપ.)+**तृ** (तर्) ઉતરવું.
परि (ઉપ.) **नी** પરણવું.
शुच् પ. શોક કરવો.
अनु (ઉપ.)+ **सृ** પાછળ જવું, અનુસરવું.

વાક્ય.

वसिष्ठस्य पत्न्यरुन्धती ।
नार्यो हर्म्याणां वातायनेभ्यः पश्यन्ति ।
कृष्णः कलाः शिक्षते ।
रामो जनकस्य कन्यां परिणयति ।
गङ्गा समुद्रं गच्छति ।
क्षमा वीरस्य भूषणम् ।
नारायणो जननीमाह्वयति ।
प्रजा नृपतिना रक्ष्यन्ते ।
उद्यानस्य शोभां पश्यति ।
नृपस्याज्ञे* अनुरुध्येते ।
उपवने नृपस्य कन्ये रमेते ।
लते स्पृशति ।
चन्द्रेण रजनी शोभते ।
नद्यौ संगच्छेते ।
कुमारी सख्यौ भाषते ।
वराहाः सहचरीः शोचन्ति ।
लज्जां त्यजति मूर्खः ।
नटी सूत्रधारस्य भार्या ।
ललनाः प्रासादतलमारोहन्ति ।
ब्राह्मणा महीमटन्ति ।

નારદ સ્વર્ગથી પૃથ્વી ઉપર ઉતરે છે.
કૃષ્ણ રાજાઓની વાતો કહે છે.
જુવાન સ્ત્રિયો બાગમાં રમે છે.
(તે) ગળે ફૂલોના (બે) હાર પહેરે છે.

---

* પૃ. ૨૦ ની ટીપ+ જુઓ.

રામની વહુ અરુન્ધતીને પગે પડે છે. [ઈએ છિયે.
(અમે બે) કુમારીઓને જો-
સોબતણો હરણને અનુસરે છે.
ગામમાં (બે) વાવ છે.
સૂત્રધાર નટીને બોલાવે છે.
હરિ નદિયે* જાય છે.
વનમાં વસવા માટે રામના નીકળવાનો† (તેની બે) મા શોક કરે છે.

પાઠ ૧૪.

તૃતીયા, ચતુર્થી અને પંચમી વિભક્તિ.

પ્રત્યય.

		એકવચન.	દ્વિવચન.	બહુવચન.
આકારાંત અને ઈકારાંત.	તૃ.	**आ**	**भ्याम्**	**भिस्**
	ચ.	**ए**	,,	**भ्यस्**
	પં.	**अस्**	,,	,,

તૃતીયા વિભક્તિનો એકવચનનો પ્રત્યય લગાડતાં છેલ્લા **आ** નો **ए** થાય છે.

ચતુર્થી, પંચમી, ષષ્ઠી અને સપ્તમીના એકવચનના પ્રત્યયો લાગતાં **आ**કારાંત નામોમાં **या** અને **ई**કારાંત નામોમાં **आ** ઉમેરાય છે. ઉ.—**माला+या+ए=मालायै; नदी+आ+ए=नद्यै.**

અથવા તો એકવચનના નીચે પ્રમાણે પ્રત્યયો ગણવા.

	ચતુર્થી.	પંચમી.	ષષ્ઠી.	સપ્તમી.
आકારાંત.	**यै**	**यास्**	**यास्**	**याम्**
ईકારાંત.	**ऐ**	**आस्**	**आस्**	**आम्**

---

* પૃ. ૧૮ ની ટીપ † જુઓ.

† **शुच्** (શોક કરવો) ધાતુ સકર્મક છે માટે આ નામ દ્વિતીયામાં મૂકવું. વળી આ "વસવા માટે" શબ્દનો અર્થ લાવવા "વન" શબ્દ ચતુર્થીમાં વાપરવો.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
તૃતીયા	मालया	मालाभ्याम्	मालाभिः
ચતુર્થી	मालायै	,,	मालाभ्यः
પંચમી	मालायाः	,,	,,
તૃતીયા	नद्या	नदीभ्याम्	नदीभिः
ચતુર્થી	नद्यै	,,	नदीभ्यः
પંચમી	नद्याः	,,	,,

નામ (સ્ત્રીલિંગ).

अवन्ती એક શહેરનું નામ.
कान्ता વહાલી, વહુ.
कौशाम्बी એક શહેરનું નામ.
क्रीडा રમત, ખેલ.
चिन्ता ફિકર.
जरा ઘરડપણ.
दासी દાસી.
देवता દેવ કે દેવી.
पञ्चवटी દંડકારણ્યના એક ભાગનું નામ.
पाठशाला નિશાળ.
पुरी શેહેર.
पूजा પૂજા.
प्रभा તેજ.
महिषी પટરાણી.
वाचा વાણી.
व्यथा દુઃખ, પીડા.
सीता રામની વહુ.

गीत ન. ગીત.
जरठ પુ. ઘરડો માણસ.
दूत પુ. જાસુદ.
नाग પુ. હાથી.
संदेश પુ. સંદેશો.
हित ન. ફાયદાકારક, હિત.

निर् (ઉપ.) + **गम्** નીકળવું, બહાર આવવું.
द्युत् (द्योत्) ગ. ૧, આ. પ્રકાશવું.
परि (ઉપ.) + **वृ** * ઘેરવું.
नि (ઉપ.) + **वृत्** પાછા ફરવું.
प्र (ઉપ.) + **हि** * મોકલવું.

વાક્ય.

देवताभ्यो बलिं यच्छति । कौशाम्ब्या निवर्तते दूतः । चित्तस्य व्यथया रामो मुह्यति ।

* આ બે ધાતુઓનાં કર્મણિ રૂપોજ આ પુસ્તકમાં વાપર્યાં છે.

कान्तायै सन्देशः प्रहीयते ।
अवन्त्या आगच्छति ।
कृष्णस्य पत्न्यै* फलानि रोचन्ते ।
दास्या सेव्यते महिषी ।
जरया क्षीयते शरीरम् ।
मणीनां प्रभाभिर्द्योतते प्रासादः ।
लज्जया प्रविशति गृहम् ।
देवस्य पूजायाः सुखं लभते।

सखीभिः परिव्रियते सीता।
सहचरीभ्यामनुगम्यते नागः । [मः)
पञ्चवट्या निर्गच्छति रालताभ्यां शोभते वृक्षः ।
गङ्गायाः पुरी क्रोशौ ।
वापीभ्यो जलं वहति ।
बालकाः पाठशालाभ्य आगच्छन्ति ।
प्रजाभ्यो हितमिच्छन्ति नृपतयः ।

क्रीडायै प्रविशत्युद्यानम् ।

હરિ વાણીવડે મિત્રને શાંત કરે છે.
શહેર નદિયોવડે ઘેરાયલું છે.
ક્ષમાથકી માણસ ચિત્તની સ્વસ્થતા મેળવે છે.
ડાહ્યામાણુસો પૃથ્વીથી સ્વર્ગ જાય છે.
(તે) ઘરડા આદમીની વાતોથી સુખ મેળવે છે.
નારાયણની વહુવડે ચોખા રંધાય છે.
રાજાના હુકમે (હું) અવન્તી જાઉં છું.

વસિષ્ઠ અરુન્ધતીની જોડે આવે છે. [છે.
રામ દીકરિયોને ઘરેણાં આપે (તે) હારવડે શરીર શણગારે છે.
પટરાણી દાસીઉપર† ગુસ્સે થાય છે. [કરાય છે.
(બે) કુમારિયોવડે બળિદાન
ફિકરથી દુઃખ ઉત્પન્ન થાય છે.
સીતા બેનપણિયોપાસેથી ગીતો શીખે છે.
સેનાપતિના હુકમે લશ્કરના સિપાઇયો શહેરની બહાર આવે છે.

---

* પૃ. ૩૫ ની ટીપ* જુઓ. † પૃ. ૨૬ ની ટીપ† જુઓ.

પાઠ ૧૫.

ષષ્ઠી, સપ્તમી અને **સંબોધન** વિભક્તિ.

પ્રત્યય.

		એકવચન.	દ્વિવચન.	બહુવચન.
आકારાંત અને **ई**કારાંત નામો.	ષષ્ઠી	**अस्**	**ओस्**	**नाम्**
	સપ્તમી	**आम्**	,,	**सु**

ईકાર પછી **सु** નો **षु** થાયછે. **ओस्** લાગતાં અંત્ય **आ**ને **ए** થાય છે. **आ**કારાંત નામના સંબોધનનું એકવચન અંત્યસ્વરનો **ए** કરવાથી થાય છે, જેમકે **हे रमे**; અને **ई**કારાંત નામનું સ્વર ટુંકાવવાથી થાય છે, જેમકે **हे नदि**. બંને પ્રકારનાં નામોનાં સંબોધનનાં દ્વિવચન, બહુવચન પ્રથમાનાં તે તે રૂપો જેવાંજ છે. પૃષ્ઠ ૨૭ નો નિયમ જુઓ.

ષષ્ઠી	मालायाः	मालयोः	मालानाम्
સપ્તમી	मालायाम्	,,	मालासु
સંબોધન	माले	माले	मालाः
ષષ્ઠી	नद्याः	नद्योः	नदीनाम्
સપ્તમી	नद्याम्	,,	नदीषु
સંબોધન	नदि	नद्यौ	नद्यः

શબ્દ.

अयोध्या સ્ત્રી. એક શહેરનું નામ.
इन्द्राणी સ્ત્રી. ઇંદ્રની વહુ.
उदक ન. પાણી.
कौमुदी સ્ત્રી. ચંદની.
गोदावरी સ્ત્રી. નદીનું નામ.
चकोर પુ. એક જાતનું પક્ષી.
छाया સ્ત્રી. છાયા.
जयन्त પુ. ઇંદ્રના પુત્રનું નામ.
तीर ન. કાંઠો, તીર.
दण्डका સ્ત્રી. એક જંગલનું નામ.
निशा સ્ત્રી. રાત.
निशाचर પુ. રાક્ષસ, દુષ્ટ માણસ.
प्रभूत વિશે. પુષ્કળ.
प्रवर्त्तन ન. પ્રેરણા.
प्रावीण्य ન. હુંશિયારી.
प्रिय વિશે. વહાલું.

मण्डप પુ. માંડવો.
मत्स्य પુ. માછલું.
माधुर्य ન. સુંદરતા, મધુરપણું.
रथ्या સ્ત્રી. શેરી, પોળ.
अर्ह् ગ. ૧, પરસ્મૈ. લાયક હોવું.
वल्लभ પુ. પ્રીતમ, ધણી.
वाणी સ્ત્રી. વાચા, ભાષા.
विवाह પુ. લગ્ન.
क्रीड् ગ. ૧, પરસ્મૈ. રમવું, ક્રીડા કરવી.
शकुन्तला સ્ત્રી, એક સ્ત્રીનું નામ.
शिला સ્ત્રી. પત્થર.
शूद्रक પુ. એક રાજાનું નામ.
सम्भार પુ. તૈયારી.
वि (ઉપ.) + **हृ** મજા મારવી, રમવું.

વાક્ય.

अवन्त्यां शूद्रको वसति ।
गङ्गायां प्रभूतं जलं वर्त्तते ।
प्रजानां धर्मे प्रवर्तनं नृपैः क्रियते ।
उज्जयिन्यां शिवस्य पूजासु नृत्यन्ति नार्यः । [म् ।
सखि गच्छामि नद्यास्तीर-
वृक्षाणां छायासु शिलायामुपविशति । [सति ।
कृष्णो भार्याया विनयं शं-
चन्द्रो निशाया वल्लभः ।
गोदावर्या जले गजौ विहरतः ।
ग्रीष्मे नदीनामुदकेषु नृपाः प्रमदाभिः क्रीडन्ति ।
लतानां मण्डपं प्रविशन्ति ललनाः । [न्ति ।
वाप्यां कमलानि प्ररोह-
जनन्यो राज्ञामनुरुध्यते रामः ।
प्रिये पुत्रो ग्रामं गच्छति ।
सख्योः परमः स्नेहः शकुन्तलायाः ।
कन्ययोर्विवाहस्य संभाराः क्रियन्ते ।

ગંગાના કાંઠાઓ ઉપર ઝાડો છે.
જયન્ત ઇંદ્રાણીનો દીકરો છે.
રામના મિત્રો શહેરમાં રહે છે.
ચકોર ચંદનીમાં ખુશ થાય છે.
તે વેલનું ફૂલ લાવે છે. [ણે છે.
હરિ દીકરિયોના ગુણો વખા-
નદિયોમાં માછલાં હોય છે.
(હું) અયોધ્યાના રસ્તામાં રથો જોઉં છું. [લાયક છે.
શકુન્તલા સખીઓના પ્રેમને
રામની વાણીમાં મિઠાશ છે.
સીતાના (બે) દીકરા ક્યાં છે.
દંડકામાં રાક્ષસો છે.
પૃથ્વી ઉપર દ્વીપો છે. [જોઉં છું.
(હું) ઝાડની છાયામાં માણસો

સારાંશ તથા સવાલ.

शाला (સ્ત્રીલિંગ) જગા.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	शाला	शाले	शालाः
દ્વિતીયા	शालाम्	,,	,,
તૃતીયા	शालया	शालाभ्याम्	शालाभिः
ચતુર્થી	शालायै	,,	शालाभ्यः
પંચમી	शालायाः	,,	,,
ષષ્ઠી	,,	शालयोः	शालानाम्
સપ્તમી	शालायाम्	,,	शालासु
સંબોધન	शाले	शाले	शालाः

दासी (સ્ત્રીલિંગ) દાસી.

પ્રથમા	दासी	दास्यौ	दास्यः
દ્વિતીયા	दासीम्	,,	दासीः
તૃતીયા	दास्या	दासीभ्याम्	दासीभिः
ચતુર્થી	दास्यै	,,	दासीभ्यः
પંચમી	दास्याः	,,	,,
ષષ્ઠી	,,	दास्योः	दासीनाम्
સપ્તમી	दास्याम्	,,	दासीषु
સંબોધન	दासि	दास्यौ	दास्यः

૧. નીચેનાં નામોનાં રૂપો લખોઃ—

सहचरी, प्रमदा ઇત્યાદિ.

પાઠ ૧૬.

હ્યસ્તન ભૂત કાળ.

પરસ્મૈપદ–પ્રત્યય.

	પુરુષ ૧.	પુરુષ ૨.	પુરુષ ૩.
એકવચન.	**अम्***	**स्**	**त्**
દ્વિવચન.	**व**	**तम्**	**ताम्**

આ કાળમાં ધાતુની પૂર્વે† આગમ **अ** આવે છે.

એકવચન.	अबोधम्	अबोधः	अबोधत्
દ્વિવચન.	अबोधाव	अबोधतम्	अबोधताम्

હ્યસ્તન ભૂતકાળના પ્રત્યયો લાગતાં પ્રથમ વિકરણ પ્રત્યય ઉમેરવામાં આવે છે; **स्** અને **त्** પ્રત્યયો પૂર્વે **अस्** (=હોવું) ધાતુમાં **ई** અને **अद्** (ખાવું) ધાતુમાં **अ** વધારવામાં આવે છે; ઉ.— **आसीः, आसीत्; आदः, आदत्.**

નામ.

अज પુ. બકરો.
गोष्ठ પુ. કોઢ, ગાયનો વાડો.
ग्रन्थ પુ. પુસ્તક, ગ્રંથ.
तनय પુ. દીકરો.
दशरथ પુ. એક રાજાનું નામ, રામનો બાપ.
महिष પુ. પાડો.
संकट ન. સંકટ, સંકડામણ, આફત.
समराङ्गण ન. રણભૂમિ.
सेना સ્ત્રી. લસ્કર.

रामो रावणमजयत् ।
सीता गोदावर्यास्तीरमगच्छत् ।
गङ्गाया जलमपिबम् ।
योधोऽरौ शरानक्षिपत् ।
ललने छायायामुपाविशताम् ।
पुत्राणां धर्ममकथयः ।

---

* પૃ. ૬ ની ટીપ ‡ જુઓ.

† જો ઉપસર્ગસહિત ધાતુ હોય તો ઉપસર્ગની પછી એટલે ધાતુની પૂર્વે આગમ મૂકાય છે.

सीतां वनेऽत्यजाव ।
संकटेभ्यो जनमरक्षः । [म ।
गिरेः शिखरादजावपतता-
रथं समराङ्गणमनयम ।
हरिरश्वमारोहत् ।
देवानयजाव ।
अरण्ये महिषानपश्यम् ।
स्तेनौ धनिकस्य धनमचोर-
यताम् ।

दशरथस्तनयमाह्वयत् ।
ईश्वरस्य प्रसादेन हरेः क्ले-
शोऽनश्यत् । [मवसम् ।
पुरा भार्यया सहोज्जयिन्या-
शिष्यावाचार्यमनमताम् ।
अवन्त्यामभवः ।
अयोध्यामासीः ।
अग्निर्वनमदहत् । [म ।
भिक्षुकेभ्यो निष्कानयच्छ-

સરોવરનું પાણી સૂકાયું.
સેનાપતિ લશ્કરને રણભૂમિ-
ઉપર* લેઈ ગયો.
રામને (બે) મિત્રોએ સંભાર્યો.
(તું) રામની ચાલવડે ખુશ
થયો. [કર્યા.
(અમે બેએ) ઋષિયોને શાંત
પરમેશ્વરે પૃથ્વી સરજી.
(બે) માણસો વાડીમાં† પેઠા.

(બે) વાઘ કોટ તરફ‡ દોડયા.
(તમે બે) વનમાં રહ્યા.
સંઘ (એક) શહેરથી (બીજે)
શહેર§ ભટક્યો.
(મેં) પુસ્તક પ્રસિદ્ધ કર્યું.
(તમે બે) હરિની વાડીમાંથી
ફળો હરી ગયા.
(તમે) રામને વાત કહી.¶
કૃષ્ણે પગ ધોયા.

---

* नी (લેઇ જવું) દ્વિકર્મક છે, માટે અહિં દ્વિતીયા વાપરવી.

† विश सકર્મક છે માટે દ્વિતીયા વાપરવી.

‡ સ્થળાર્થે દ્વિતીયા વાપરવી.

§ અહિં नगर શબ્દ વાપરતાં નીચેનો સંધિનો નિયમ યાદ રાખવો જોઇયે.

પદ કે શબ્દને અંતે આવેલા વ્યંજન પછી અનુનાસિક આવે, તો તે વ્યંજનને બદલે તેનાજ વર્ગનો અનુનાસિક વિકલ્પે મૂકવામાં આવેછે. ઉ.—एतद् + मुरारि = एतन्मुरारि અથવા एतद्मुरारि. જો વ્યંજન પછી આવનાર અનુનાસિક તદ્ધિત પ્રત્યયનો આદ્યક્ષર હોય તો તે વ્યંજનને બદલે અનુનાસિકજ મુકાય છે; ઉ.—चित् + मय = चिन्मय.

¶ कथ् ધાતુનાં બંને કર્મો કેટલીકવાર દ્વિતીયામાં મૂકવામાં આવે છે, અથવા તો અનુપસ્થ કર્મ ચોથી કે છઠ્ઠીમાં મુકાય છે.

પાઠ ૧૭.

હ્યસ્તન ભૂત કાળ.

પરસ્મૈપદ બહુવચન અને આત્મનેપદ એકવચન.

પ્રત્યય.

	પુરુષ ૧.	પુરુષ ૨.	પુરુષ ૩.
પરસ્મૈ. બહુ.	**म**	**त**	**अन्**
	अगच्छाम	अगच्छत	अगच्छन्
આત્મને. એક.	**इ**	**थास्**	**त**
	अलभे	अलभथाः	अलभत

જે ધાતુઓને આરંભે સ્વર હોય છે, તેની પેહેલાં **अ**ને બદલે **आ** આગમ મૂકવામાં આવે છે. તે **आ**માં ધાતુની શરુઆતની **इ** કે **ई** મળવાથી તેનો **ऐ** થાય છે, અને **उ** કે **ऊ** મળવાથી **औ** થાય છે; ઉ.—**आ**+**ईक्ष्**+**अ**+**त**=**ऐक्षत.**

નામ.

गोप પુ. ગોવાળ.
चित्रकूट પુ. એક પર્વતનું નામ.
देवी સ્ત્રી. પટરાણી, દેવી.
धार्तराष्ट्र પુ. પાંડુના પિત્રાઇ ધૃતરાષ્ટ્રનો પુત્ર.
नृशंस વિશે૦ ક્રૂર.
पण्डित પુ. પંડિત.
पांडव પુ. પાંડુ નામના રાજાનો પુત્ર.
बलि પુ. એક રાજાનું નામ.
माणवक પુ. વિશેષ નામ.
मारुत પુ. પવન; પવનનો અધિષ્ઠાતા દેવ.
मार्ग પુ. રસ્તો.
राक्षस પુ. દૈત્ય, રાક્ષસ.
लव પુ. રામના પુત્રનું નામ.
वसुधा સ્ત્રી. પૃથ્વી.
विराव પુ. બૂમ, પોકાર.
शव ન. મડદું.
शृगाल પુ. શિયાળ.
सभा સ્ત્રી. બેઠકની જગા; મંડળી.

વાક્ય.

पाण्डवानां धार्तराष्ट्रैः सह युद्धान्यभवन्।
आचार्या धर्ममुपादिशन्।
रामः सीतया सह गोदावर्यास्तीरेऽरमत।
मित्रस्य कल्याणायायते।
गोपा अजान् *ग्राममन-
पुरुषमताडयत। [यन्।
शृगालोऽम्रियत। [विशन्।
नृपस्य सभां पण्डिताः प्रा-
उद्यमेन धनमलभथाः।
व्याघ्रस्य विरावेण नार्या हृदयमवेपत।

माणवकं मार्गमपृच्छाम*।
क्लेशो रामेणासह्यत।
देवीमभाषे।
शवमस्पृशत।
प्रासादे नार्योऽनृत्यन्।
नृपतेः शासनमवाधीरयथाः।
लवस्य विनयेनर्षयोऽतुष्यन्।
हरिणा जनकोऽसेव्यत।
चित्रकूटस्य शिखरेऽवसाम।
नृशंसो राक्षसोऽहन्यत।

(અમે) ઝાડની છાયામાં બેઠા.
(તેણે) ચાકરોના ગુન્હા માફ કર્યાં.
બ્રાહ્મણો ગંગાના જળોમાં પડ્યા.
ઘોડાઓ રણભૂમિતરફ દોડ્યા.
રામે બાપના હુકમો માન્યા.
હરિ નારાયણ પાસેથી ગાયન શીખ્યો.
(મેં) કેરીઓ ચાખી.

(તમે) સોનામહોરો ગણી.
બનસુદો અયોધ્યા ગયા.
(તું) જૂઠું બોલ્યો.
કૃષ્ણ મિત્રની આબાદીમાં ખુશ થયો.
(તમે) ત્યારે કૌશાંબીમાં રહ્યા.
(તું) રામના પરાક્રમોએ આશ્ચર્ય પામ્યો.
(તું) શત્રુજોડે લઢ્યો.
લુચ્ચો રાજાના હુકમથી મરાયો.

---

* પૃ. ૨૬ ની ટીપ § જુઓ.

પાઠ ૧૮.

હ્યસ્તન ભૂત કાળ.

આત્મનેપદ પ્રત્યય.

	પુરુષ ૧.	પુરુષ ૨.	પુરુષ ૩.
દ્વિવચન.	**वहि**	**इथाम्**	**इताम्**
બહુવચન.	**महि**	**ध्वम्**	**अन्त**
	अलभावहि	अलभेथाम्	अलभेताम्
	अलभामहि	अलभध्वम्	अलभन्त

ધાતુ.

ध्वंस्......... ગ૦ ૧, આત્મને. ફના થવું; નાશ પામવું.
नि (ઉપ.)+**मन्त्र्** ગ૦ ૧૦, આત્મને. તેડવું; નોતરવું.
लज्ज्......... ગ૦ ૬, આત્મને. શરમાવું; લાજવું.
स्पर्ध्......... ગ૦ ૧, આત્મને. સરસાઈ કરવી.
स्रंस्......... ગ૦ ૧, આત્મને. પડી જવું.
वि (ઉપ.) + **हस्** ગ૦ ૧, પરસ્મૈ. મશ્કરીમાં હસવું.

નામ.

असुर પુ૦ દેવના શત્રુ, રાક્ષસ.
उपालम्भ પુ૦ ઠપકો, ઠોક, મ્હેણું.
कबरी સ્ત્રી૦ અંબોડો, વેણી.
ज्योत्स्ना સ્ત્રી૦ ચાંદની.
त्याग પુ૦ તજવું તે, ત્યાગ.
प्राची સ્ત્રી૦ પૂર્વદિશા.
भूप પુ૦ રાજા.
रमण પુ૦ વહાલો, ધણી.
राज्य ન૦ રાજ્ય.
व्याध પુ૦ શિકારી.
सचिव પુ૦ પ્રધાન.

વાક્ય.

पाण्डवा राज्यमविन्दन्त ।
आचार्याञ्* शिष्या अभ्यवादयन्त ।
सचिवा भूपमभाषन्त ।
नार्याः कबर्याः पुष्पे अस्रंसेताम् ।

* પૃષ્ઠ ૨૦ ની ટીપ * જુઓ.

जनेन व्यहस्यध्वम् ।
रथ्यायां जनानां समूहमैक्षामहि ।
रामस्य दुःखान्यध्वंसन्त ।
मित्राणां त्यागे नालज्जेथाम् ।
वृक्षेभ्यः शुका उदडयन्त ।
मृगावहन्येतां व्याधैः ।
जनानां सुखायायतामहि ।
देवैः सहासुरा अस्पर्धन्त ।
रमणैः सह ज्योत्स्नायामरमन्त नार्यः ।
उज्जयिन्याः कदा न्यवर्तध्वमिति जनैरपृच्छ्यामहि* ।

વાંદરા રાક્ષસો સાથે લઢ્યા.
(અમે બે) કાશીમાં પંડિતો સાથે બોલ્યા. [હિણું સણ્યાં.
(તેઓએ) સ્વસ્થતાએ મ-
(બે) તારા પૂર્વમાં પ્રકાસ્યા.
(તમે) માણુસોવડે વખણાયા.
(અમે) નિશાળમાં ચોપડિયો મેળવી.
(તમે બે) રામવડે પ્રરમાવાયા.
(અમે) જમવાસારૂ ઋષિયોને નોતર્યા.
અયોધ્યાથી જાસુદ ક્યારે પાછો આવ્યો ?
(અમે) હરિપાસેથી મ્હેરબાની ન તકાસી.

સારાંશ તથા સવાલ.

नी.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પુરુષ ૧.	अनयम्	अनयाव	अनयाम
પુરુષ ૨.	अनयः	अनयतम्	अनयत
પુરુષ ૩.	अनयत्	अनयताम्	अनयन्

द्युत्.

પુરુષ ૧.	अद्योते	अद्योतावहि	अद्योतामहि
પુરુષ ૨.	अद्योतथाः	अद्योतेथाम्	अद्योतध्वम्
પુરુષ ૩.	अद्योतत	अद्योतेताम्	अद्योतन्त

૧. નીચેના ધાતુઓનો હ્યસ્તન ભૂત કાળ આપો.

अस्, अद्, ईक्ष्, मृग्, सृज्, रुच्, नि + मन्त्र्, इष्, शिक्ष्, जीव्, डी, मृ, जन्, वृत् ૯૦.

૨. અંત્ય વ્યંજનપછી અનુનાસિક આવે તો શો ફેરફાર થાય છે? ક્યારે આ ફેરફાર આવશ્યક છે.

* કર્મણિરૂપમાં प्रच्छ नुं पृच्छ थाय છે.

પાઠ ૧૯.

उकारांत અને ऋकारांत પુલ્લિંગ તથા નપુંસકલિંગ નામો.

उकारांत પુલ્લિંગ નામોનાં રૂપો इकारांत પુલ્લિંગ નામોનાં રૂપો જેવાંજ થાય છે. તફાવત એટલોજ છે, કે इकारांत નામોમાં જ્યાં જ્યાં इ, ई, ए અથવા य् આવે છે, ત્યાં ત્યાં उकारांत નામોમાં અનુક્રમે उ, ऊ, ओ કે व् આવે છે.

નપુંસક उकारांत અને ऋकारांत નામોના રૂપો वारिના જેવાંજ થાય છે. वारिના અંત્ય इकारनो इ, ई કે ए થાય છે તેને બદલે उकारांतमां અનુક્રમે उ, ऊ કે ओ અને ऋकारांतમાં ऋ, ॠ કે अर् થાય છે.

गुरु (પુલ્લિંગ) ગુરુ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	गुरुः	गुरू	गुरवः
દ્વિતીયા	गुरुम्	,,	गुरून्
તૃતીયા	गुरुणा	गुरुभ्याम्	गुरुभिः
ચતુર્થી	गुरवे	,,	गुरुभ्यः

मधु (નપુંસક) મધ.

પ્ર૰ તથા દ્વિ૰	मधु	मधुनी	मधूनि
તૃતીયા	मधुना	मधुभ्याम्	मधुभिः
ચતુર્થી	मधुने	,,	मधुभ्यः

कर्तृ (નપુંસક) કરનારું.

પ્ર૰ તથા દ્વિ૰	कर्तृ	कर्तृणी	कर्तॄणि
તૃતીયા	कर्तृणा	कर्तृभ्याम्	कर्तृभिः
ચતુર્થી	कर्तृणे	,,	कर्तृभ्यः

ऋકારાંત પુલ્લિંગ નામોને પ્રથમાના ત્રણે વચનના અને દ્વિતીયાના એકવચન તથા દ્વિવચનના પ્રત્યયો લાગતાં **ऋ**કારનો **आर्** થાય છે. **पितृ, भ्रातृ, जामातृ, देवृ, नृ** અને **सव्ये-ष्टृ** જેવાં કેટલાંએક નામોના અંત્ય **ऋ**કારનો માત્ર **अर्** થાય છે. બધાંએ **ऋ**કારાંત નામોના પ્રથમાના એકવચનમાં **र्** અને પ્રત્યય **स्** નો લોપ થાય છે; એટલે છેડે **आ** લખાય છે.

પ્રત્યય.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	**स्**	**औ**	**अस्**
દ્વિતીયા	**अम्**	,,	**न्**
તૃતીયા	**आ**	**भ्याम्**	**भिस्**
ચતુર્થી	**ए**	,,	**भ्यस्**

न् પ્રત્યય લાગતાં પૂર્વનો **ऋ** દીર્ઘ થાય છે.

नेतृ (પુલ્લિંગ) સરદાર.

પ્રથમા	नेता	नेतारौ	नेतारः
દ્વિતીયા	नेतारम्	,,	नेतॄन्
તૃતીયા	नेत्रा	नेतृभ्याम्	नेतृभिः
ચતુર્થી	नेत्रे	,,	नेतृभ्यः

भ्रातृ (પુલ્લિંગ) ભાઈ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	भ्राता	भ्रातरौ	भ्रातरः
દ્વિતીયા	भ्रातरम्	,,	भ्रातॄन्
તૃતીયા	भ्रात्रा	भ्रातृभ्याम्	भ्रातृभिः
ચતુર્થી	भ्रात्रे	,,	भ्रातृभ્यः

નામ (પુલ્લિંગ).

इषु તીર. [તું નામ.	**जामातृ** જમાઈ.	**त्वष्टृ** વિશ્વકર્મા.
ऋतुपर्ण એક રાજા-	**तडाग** તલાવ.	**देवृ** દિયર.
कपोल ગાલ.	**तरु** ઝાડ.	**धातृ** પેદા કરનાર.

नृ પુરુષ.
परशु ફરસી, કુહાડો.
परशुराम નક્ષત્રિય પૃથ્વી કરનાર બ્રાહ્મણ યોદ્ધો.
पांसु ધૂળ, રજ.
पितृ બાપ.
प्रभु ધણી, રાજા.
बाहु હાથ.
बिन्दु ટીપું.
भर्तृ ધણી, સ્વામી.
मनु હિંદુ ધર્મશાસ્ત્રનો રચનાર. [ઈ.
लक्ष्मण રામનો ભા-
वायु પવન.
विष्णु વિષ્ણુ.
शत्रु દુશ્મન.
शम्भु શિવ.
शिशु બાલક.
सव्येष्टृ સારથી.

પુલ્લિંગ તથા નપુંસક.

कर्तृ કરનાર, રચનાર.
गन्तृ જનાર.
दातृ આપનાર, દાતાર.
द्रष्टृ જોનાર.
द्वेष्टृ દ્વેષ કરનાર.
रक्षितृ રક્ષણ કરનાર.

નપુંસક.

अश्रु આંસુ.
तालु તાળવું.
मधु મધ.
वसु ધન.
विश्व* બ્રહ્માંડ, જગત, વિશ્વ.

સ્ત્રીલિંગ.

अमरावती ઇંદ્રની રાજધાની. | **जिह्वा** જીભ.

ધાતુ.

अनु (ઉપ.) + **गम्** અનુસરવું, પાછળ જવું.
गल् ગ. ૧. પરસ્મૈ. નિગળવું, ઝરવું.
प्र (ઉપ.) + **नी** રચવું; લખવું.
भृ ગ. ૧. ઉભય. ભરવું. (ध्रियते કર્મણિ.)
निर् (ઉપ.) + **मा** ઉપજાવવું, (निर्मीयते કર્મણિ.)
वाञ्छ् ગ. ૧. પરસ્મૈ. ચહાવું.

નિષેધ બતાવવાને માટે વ્યંજનથી શરૂ થતા શબ્દને આરંભે **अ**, અને સ્વરથી શરૂ થતા શબ્દને આરંભે **अन्** મુકાય છે.

---

* જ્યારે આ શબ્દનો અર્થ સઘળું એવો થાય છે, ત્યારે એનાં સર્વનામજેવાં રૂપ થાય છે.

વાક્ય.

शम्भुर्जयति ।
बाहू स्फुरतः ।
वायुना तरवः कम्पन्ते ।
भ्रमरा मधु पिबन्ति ।
नरो वसूनि वाञ्छन्ति ।
इन्द्रः शत्रूनजयत् ।
योधोऽराविषू क्षिपति ।
चातको जलस्य बिन्दुमपि न लभते ।
विष्णवे पूजा रोचते ।
प्रभुभिर्भृत्या आदिश्यन्त ।
विश्वस्य कर्तारं नमामि ।
गुरुभ्यः शिष्यस्याविनयं कथयामि ।

कन्याया भर्तारं जामातरं वदन्ति ।
नार्याः कपोलयोर्नयनाभ्यामश्रूणिगलन्ति ।
भर्त्रे सन्देशः प्रहीयते ।
त्वष्टामरावती निरमीयत ।
पितरो वन्द्यन्ते पुत्रैः ।
रामो जनकस्य जामाता ।
पाण्डवा द्विषून् युद्धेऽजयन् ।
भर्तारमनुसरति किङ्करः ।
मनुना धर्मः प्राणीयत ।
धात्रा प्रजाः सृज्यन्ते ।
तडागस्य जलं मार्गे गन्तृभिरपीयत ।
याचका दातारं नालभन्त ।

सीता लक्ष्मणं देवरमन्वगच्छत् ।

રામ છોકરાઓને લાડુ આપે છે.
આકાશ ધૂળથી ભરાય છે.
પરશુરામે ફરસીવડે શત્રુઓને માર્યા.
હરિ જીભવડે તાળવાને અડક્યો.
સ્ત્રિયો સ્વામીસાથે વાડિયે ગઈ.
ઋષિયો મંત્રોના જોનારા* હતા.

રામ (પોતાના) ભાઈ લક્ષ્મણ સાથે વન ગયો.
લોકો વિષ્ણુને પૂજે છે.
પાણીનાં ટીપાં વાદળાંમાંથી પડે છે.
રાજાએ શહેરના રક્ષણ કરનારને બોલાવ્યો.
બાળક બાપને તાબે રહે છે.
ઋતુપર્ણે સારથિયોને કહ્યું.
અવન્તીના ધણિયે પ્રધાનોને કહ્યું.

---

* અર્થાત્ તેઓએ વેદના મંત્ર પોતે રચ્યા ન હતા, પરંતુ તે તેમને પરમેશ્વરતરફથી સ્ફુર્યા હતા—તેમની જ્ઞાનદૃષ્ટિથી તે સનાતન મંત્રો તેઓએ જોયા હતા, એમ હિંદુધર્મમાં માનવામાં આવે છે.

પાઠ ૨૦.

उકારાંત અને ऋકારાંત પુલ્લિંગ તથા નપુંસકલિંગ નામ.

		એકવચન.	દ્વિવચન.	બહુવચન.
ऋકારાંત પુલ્લિંગ.	પં.	०	भ्याम्	भ्यस्
	ષ.	०	ओस्	नाम्
	સ.	इ	,,	सु

પંચમી અને ષષ્ઠીનું એકવચન ऋને બદલે उर् મૂકવાથી થાય છે; સપ્તમીના એકવચનનો इ પ્રત્યય લાગતાં ऋકારનો પ્રથમ अर् થાય છે. વળી ષષ્ઠીના બહુવચનનો नाम् પ્રત્યય લાગતાં ऋકાર દીર્ઘ થાય છે; પરંતુ नृ શબ્દમાં એમ વિકલ્પે થાય છે. સંબોધનનું એકવચન ऋ ને બદલે अर् મૂકવાથી થાય છે, અને દ્વિવચન બહુવચન પ્રથમાનાં તે તે રૂપો જેવાંજ છે.

गुरु (પુલ્લિંગ.)

પંચમી	गुरोः	गुरुभ्याम्	गुरुभ्यः
ષષ્ઠી	,,	गुर्वोः	गुरूणाम्
સપ્તમી	गुरौ	,,	गुरुषु
સંબોધન	गुरो	गुरू	गुरवः

मधु (નપુંસકલિંગ.)

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પંચમી	मधुनः	मधुभ्याम्	मधुभ्यः
ષષ્ઠી	,,	मधुनोः	मधूनाम्
સપ્તમી	मधुनि	,,	मधुषु
સંબોધન	मधो, मधु	मधुनी	मधूनि

कर्तृ (નપુંસકલિંગ.)

પંચમી	कर्तृणः	कर्तृभ्याम्	कर्तृभ्यः
ષષ્ઠી	,,	कर्तृणोः	कर्तॄणाम्
સપ્તમી	कर्तृणि	,,	कर्तृषु
સંબોધન	कर्तर् કે कर्तः, कर्तृ	कर्तृणी	कर्तॄणि

नेतृ (પુંલ્લિંગ.)

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પંચમી	नेतुः	नेतृभ्याम्	नेतृभ्यः
ષષ્ઠી	,,	नेत्रोः	नेतॄणाम्
સપ્તમી	नेतरि	,,	नेतृषु
સંબોધન	नेतर् કે नेतः	नेतारौ	नेतारः

૨૦૯.

अज्ञान ન. અજ્ઞાન.
अर्जुन પુ. પાંડુના પાંચ-પુત્રોમાંના ત્રીજાનું નામ.
अलङ्घनीय વિશે. ન ઓળં-ગાય એવું. [મિથ્યા પદાર્થ.
अवस्तु ન. અવાસ્તવિક ચીજ.
अवस्त्वारोप પુ. મિથ્યા પદા-ર્થની કલ્પના.
आदर પુ. માન, સત્કાર.
आरोप પુ. કલ્પના, ધારવું તે.
आर्य પુ. સજ્જન, હિંદુના અ-તિ પ્રાચીન પૂર્વજોનું નામ.
इच्छा સ્ત્રી. ઇચ્છા.
इन्दु પુ. ચંદ્ર.
उत्साह પુ. ઉમંગ, ઉલટ.
कर्ण પુ. એક શૂરવીરનું નામ.
कलङ्क પુ. લાંછન, ડાઘો.
कुरु પુ. બહુ. એક દેશનું નામ.
कृपा સ્ત્રી. મહેરબાની.
द्विज પુ. બ્રાહ્મણ, ક્ષત્રિય, કે વૈશ્ય જાતિમાંનો કોઇ મા-ણસ.
नप्तृ પુ. દીકરાનો દીકરો, પૌત્ર.
पशु પુ. પશુ.
पितृव्य પુ. કાકો.
बन्धु પુ. સગો.
बल ન. જોર.
भ्रातृ પુ. ભાઇ.
भीम પુ. પાંડુના પાંચ પુત્રોમાં-ના બીજાનું નામ.
मद પુ. મદ, ખુમારી.
मृत्यु પુ. મોત. [વંશજો.
रघु પુ. બહુ૦ રઘુ રાજાના
रमा સ્ત્રી. વિશેષ નામ.
लक्ष्मी સ્ત્રી. વિષ્ણુની પત્ની, ધનની અધિષ્ઠાત્રી દેવી.
लङ्घ् ગ. ૧. આ. ઓળંગવું, તોડવું. [પદાર્થ.
वस्तु ન. ચીજ, વાસ્તવિક
श्रोतृ પુ. ન. સાંભળનાર.
साधु પુ. સત્પુરુષ.
साधु વિશે. સારૂં.
स्रष्टृ પુ. ન. સરજનાર.

વાક્ય.

तरोः पुष्पाण्यपतन् ।
शम्भोः कृपया कल्याणं
भवति । [हे ।
गुरूणामादेशाननुरुध्याम-
साधवो मृत्योर्भयं न गण-
यन्ति । [रः ।
पितरि रामस्य परम आद-
त्रिश्वस्य स्वसुरिच्छाऽलङ्घ-
नीया* ।
द्रष्टृणामुत्साहं न सहते ।

इन्दौ कलङ्को दृश्यते ।
रामो बन्धुषु स्नेहेन वर्तते ।
मधुनि माधुर्यमस्ति ।
नृषु द्विजः श्रेष्ठः ।
दातृभ्यो धनं लभन्ते ।
कुरुभ्यो दूत आगच्छत् ।
पितृव्यः पितुर्भ्राता । [म ।
वस्तुन्यवस्त्वारोपोऽज्ञान-
भीमस्य भ्रातर्यर्जुने कर्णो
बाणानमुञ्चत् ।

बाह्वोर्बलेन पृथ्वीमजयत् ।

રામ રઘુઓમાં મુખ્ય હતો.
(તે) સાંભળનારાઓપાસે માફી
માગેછે. [મેળવી.
(મેં) રચનાર પાસેથી ચોપડી
લક્ષ્મી† વિષ્ણુની પત્ની હતી.
આર્યો કુરુદેશમાં રહેતા.
પોપટ ઝાડઉપર બેઠા. [ગયો.
હરિના પૌત્રનો ચાકર ગામ

જનકે (પોતાના) પૌત્રનો રથ
જોયો.
નારાયણે હરિના જમાઇના
ઘોડા જોયા.
કર્ણ દાતારોમાં પ્રથમ હતો.
સિંહ પશુઓનો ધણી છે.
હરિ રમાના ધણીનો ભાઇ-
બંધ છે.

સવાલ.

૧. નીચેના શબ્દોનાં રૂપાખ્યાન કરો.

स्रष्टृ પુ. ન., मधु, मनु, जामातृ, अश्रु, धातृ પુ. नृ, देवृ, शत्रु, विभु પુ. ન. भ्रातृ, स्रष्टृ પુ. वस्तु, वायु ઇ. ઇ.

---

* સંસ્કૃતમાં સ્ત્રીલિંગના પ્રત્યય आ અને ई છે. અકારાંત વિશેષણો હમેશાં તો નહિ, પરંતુ ઘણું કરીને સ્ત્રીલિંગમાં आ પ્રત્યય લે છે.

† આ શબ્દનું પ્રથમાનું એકવચન स् લગાડ્યાથી થાય છે.

૨. **इ**કારાંત તથા **उ**કારાંત પુલ્લિંગ અને નપુંસક નામોનાં રૂપો સરખાવો.

૩. પહેલાં પાંચ રૂપોમાં **ऋ**કારાંત પુલિંગ નામોમાં જે ફેરફાર થાય છે તે જણાવો.

૪. સંસ્કૃતમાં સ્ત્રીલિંગ પ્રત્યયો કયા છે? **अ**કારાંત વિશેષણોનું ઘણું કરીને સ્ત્રીલિંગ અંગ શી રીતે થાય છે?

પાઠ ૨૧.

इકારાંત, **उ**કારાંત, **ऊ**કારાંત અને **ऋ**કારાંત સ્ત્રીલિંગ નામો.

ऊકારાંત સ્ત્રીલિંગ નામોનાં રૂપો **ई**કારાંત સ્ત્રીલિંગ નામો જેવાં છે. **ई**કારાંત નામોમાં જ્યાં જ્યાં **इ**, **ई** કે **य्** આવે છે, ત્યાં ત્યાં **ऊ**કારાંત નામોમાં અનુક્રમે **उ**, **ऊ** કે **व्** આવે છે. પ્રથમાનું એકવચન **स्** પ્રત્યય લગાડવાથી થાય છે.

इકારાંત અને **उ**કારાંત સ્ત્રીલિંગ નામોના તૃતીયાના એકવચનનો પ્રત્યય **आ** છે, અને દ્વિતીયાના બહુવચનનો પ્રત્યય **स्** છે. આ **स्** પ્રત્યય લાગતાં પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે. બીજી બધી વાતે આ નામોનાં રૂપો **इ**કારાંત અને **उ**કારાંત પુલ્લિંગ નામોના જેવાં છે. ચતુર્થી, પંચમી, ષષ્ઠી અને સપ્તમીના એકવચનમાં રૂપો **ई**કારાંત કે **ऊ**કારાંત સ્ત્રીલિંગ નામોનાં જેવાં પણ વિકલ્પે થાય છે.

ऋકારાંત સ્ત્રીલિંગ નામોમાં સગાઇવાચક શબ્દો આવે છે. તે આ પ્રમાણે છે. **स्वसृ**, **मातृ**, **दुहितृ**, **ननान्दृ** અને **यातृ**. દ્વિતીયાના બહુવચનનો પ્રત્યય **स्** છે. તે પ્રત્યય લાગતાં આ નામોનો અંત્ય સ્વર દીર્ઘ થાય છે. બીજી બધી વાતે **स्वसृ** નાં રૂપો **नप्तृ** કે **गन्तृ** પુ૦ જેવાં અને બાકીનાનાં **पितृ** જેવાં થાય છે.

श्रोतृ, **गन्तृ** અને તેવાંજ બીજાં **ऋ**કારાંત વિશેષણોનું સ્ત્રીલિંગ અંગ **ई** ઉમેરવાથી થાય છે. જેમકે **श्रोत्री**, **गन्त्री** ઇત્યાદિ.

श्वश्रू.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	श्वश्रूः	श्वश्र्वौ	श्वश्र्वः
દ્વિતીયા	श्वश्रूम्	,,	श्वश्रूः
તૃતીયા	श्वश्र्वा	श्वश्रूभ्याम्	श्वश्रूभिः
ચતુર્થી	श्वश्र्वै	,,	श्वश्रूभ्यः
પંચમી	श्वश्र्वाः	,,	,,
ષષ્ઠી	,,	श्वश्र्वोः	श्वश्रूणाम्
સપ્તમી	श्वश्र्वाम्	,,	श्वश्रूषु
સંબોધન	श्वश्रु	श्वश्र्वौ	श्वश्र्वः

मति.

પ્રથમા	मतिः	मती	मतयः
દ્વિતીયા	मतिम्	,,	मतीः
તૃતીયા	मत्या	मतिभ्याम्	मतिभिः
ચતુર્થી	मतये, मत्यै	,,	मतिभ्यः
પંચમી	मतेः, मत्याः	,,	,,
ષષ્ઠી	,, ,,	मत्योः	मतीनाम्
સપ્તમી	मतौ, मत्याम्	,,	मतिषु
સંબોધન	मते	मती	मतयः

धेनु.

પ્રથમા	धेनुः	धेनू	धेनवः
દ્વિતીયા	धेनुम्	,,	धेनूः
તૃતીયા	धेन्वा	धेनुभ्याम्	धेनुभिः
ચતુર્થી	धेनवे, धेन्वै	,,	धेनुभ्यः
પંચમી	धेनोः, धेन्वाः	,,	,,
ષષ્ઠી	,, ,,	धेन्वोः	धेनूनाम्
સપ્તમી	धेनौ, धेन्वाम्	,,	धेनुषु
સંબોધન	धेनो	धेनू	धेनवः

मातृ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	माता	मातरौ	मातरः
દ્વિતીયા	मातरम्	,,	मातॄः
તૃતીયા	मात्रा	मातृभ्याम्	मातृभिः
ચતુર્થી	मात्रे	,,	मातृभ्यः
પંચમી	मातुः	,,	,,
ષષ્ઠી	,,	मात्रोः	मातॄणाम्
સપ્તમી	मातरि	,,	मातृषु
સંબોધન	मातर् કે मातः	मातरौ	मातरः

નામ.

(સ્ત્રીલિંગ).

अङ्गभूमि ઇંગ્લાંડ.
कान्ति કાંતિ, તેજ.
कीर्ति કીર્તિ, જશ.
कृति કામ.
गति ચાલવાની ઢબ, જવું તે.
जाति જાત, નાત.
दुष्कृति ખરાબ ચાલ.
दुहितृ દીકરી.
धृति હિંમત, ધીરજ.
धेनु ગાય.
ननान्दृ નણંદ.
नीति રાજનીતિ.
प्रकृति પ્રધાનમંડળી, પ્રધાન, સ્વભાવ.
प्रतिकृति છબિ, નકલ.
प्रीति પ્રેમ, પ્રસન્નતા.
बुद्धि અક્કલ.
भूति આબાદી.
भूमि ભોંય, પૃથ્વી.
मातृ મા.
मुक्ति મોક્ષ.
मूर्ति મૂર્તિ, પ્રતિમા.
यातृ દેરાણી કે જેઠાણી.
रति ખુશી, મજા, કામદેવની સ્ત્રી.
रात्रि રાત.
वधू વહુ, જુવાન સ્ત્રી.
वसति રહેઠાણ.
वृत्ति ધંધો.
श्वश्रू સાસુ.
सुकृति સારું કામ.
सृष्टि સૃષ્ટિ. [ખાણ.
स्तुति સ્તુતિ, વખાણ.
स्मृति યાદદાસ્ત, હિંદુધર્મશાસ્ત્રનું પુસ્તક.
स्वसृ બહેન.

अङ्ग પુ. ઇંગ્રેજ.
आध्यान ન. ધ્યાન.
आश्रम પુ. આશ્રમ.
ऋष्यशृङ्ग દશરથનો જમાઈ ને રામનો બનેવી.
अधि (ઉપ.) + **कृ** અધિકાર આપવો, ઠરાવવું. (કૃ-

ર્મણિરૂપ) ઠરવું, અધિકારી થવું.
कृषीवल પુ. ખેડૂત. [ચલવું.
चल् ગ. ૧, પરસ્મૈ.
धीर વિશે૦ બહાદુર.
निन्दा સ્ત્રી. નિંદા, ખોટું બોલવું તે.
निपुण વિશે૦ હુંશિયાર, પ્રવીણ.
उत् (ઉપ.) + **पद्** ગ. ૪, આત્મને. ઉત્પન્ન થવું, નીપજવું.
पश्चात् (અવ્યય) પછી.
पिण्ड પુ. મરનારને ભાતનો બળિ આપવામાં આવે છે તે.
प्रकर्ष પુ. અત્યંતતા.
आ (ઉપ.) + **प्रच्छ्** [पृच्छ्] આત્મને. રજા લેવી, વદાય માગવી.
बहु વિશે૦ બહુ.
मदन પુ. કામદેવ.
लोभ પુ. લોભ.
विवर ન. ગુફા.
शम्बूक પુ. એક માણસનું નામ.
शान्ता સ્ત્રી. રામની બહેન.
शूद्र પુ. શૂદ્ર.
आ (ઉપ.) + **श्लिष्** ભેટવું.
नि (ઉપ.) + **सद्** [निषीद्] ગ. ૧, પરસ્મૈ. બેસવું.
संनिधि પુ. પડોશ.
प्र (ઉપ.) + **सृ** પસરવું.

स्निह् ગ. ૪, પરસ્મૈ. સ્નેહ રાખવો.

વાક્ય.

सुजनस्य कीर्तिर्लोके प्रसरति ।
संकटे धीरो धृतिं न मुञ्चति ।
रामः प्रीत्या पुत्रमाश्लिष्यति ।
मुक्तये देवं भजति । [त् ।
यक्षाणां वसत्या आगच्छमदनो रतेर्वल्लभः ।
सृष्ट्याः पालक ईश्वरः ।
बुद्धेः प्रकर्षः कीर्तये भवति ।
भूमौ निषीदति ।
जामातुर्ऋष्यशृङ्गस्याश्रमं रामस्य मातरोऽगच्छन् ।
यातॄर्ननान्दरं चापृच्छत सीता पश्चादगच्छत्पितुर्गृहम् ।
रघोः पिता वसिष्ठस्य धेनुमरक्षत् ।
नारायणस्य कृतयो हरेः प्रीत्यै न भवन्ति ।
श्रुत्यां शूद्रो नाधिक्रियते ।
मूर्खाणां स्तुतीर्निन्दा वा न गणयन्ति बुधाः ।
प्रकृतिभिर्नृपः सेव्यते ।
गोपो धेनू रक्षति ।
वध्वो नद्या जलमानयन्ति ।
श्वश्रूर्जामातरि स्निह्यति ।
चन्द्रस्य कांतिं पश्यति ।
सुकृतीनां फलमनुभवति ।
लोभेन बुद्धिश्चलति ।
हरिः प्रकृत्या साधुर्वर्तते ।

रामः पित्रे मात्रे च पिण्डानयच्छत् ।
स्मृत्यां धर्मः कथ्यते ।
दुःखं दुष्कृतेरुत्पद्यते ।

સીતા નણંદના વર ઋષ્યશૃંગને નમી.
વિશ્વામિત્ર જાતે ક્ષત્રિય હતો પછીથી (તે) બ્રાહ્મણ થયો.
શંબૂક ધંધે ખેડૂત છે.
સીતાએ હમેશ સાસુને ખુશી કરી.
રાજાનો પ્રધાન રાજનીતિમાં હુંશિયાર છે.
સ્મૃતિયોમાં મનુની શ્રેષ્ઠ છે.
હરિએ રાત ધ્યાનમાં ગાળી*
અંગ્રેજો આહિં ઇંગ્લાંડથી આવે છે.
મહારાષ્ટ્ર દેશમાં જુવાન સ્ત્રિયોનો વિનય વખાણવા લાયક છે.
રામે (પોતાની) બ્હેન શાંતાને જોઈ અને (તે) માને નમ્યો.
રામે (તે) માણસને (તેની) જાત પૂછી.
માણસો આબાદી ચહાય છે.
વેરૂળના પડોશમાં ગુફાઓમાં દેવોની બહુ† પ્રતિમાઓ છે.
કૃષ્ણને‡ બહુ દીકરિયો છે.

સવાલ.

૧. (क) ऊકારાંત અને ईકારાંત સ્ત્રીલિંગ નામોનાં રૂપો સરખાવો.

(ख) इકારાંત તથા उકારાંત પુલ્લિંગ નામોનાં રૂપો સાથે સ્ત્રીલિંગ इકારાંત અને उકારાંત રૂપો સરખાવો. આ સ્ત્રીલિંગ નામોનાં જે વિકલ્પે રૂપ થાય છે તે શાને મળતાં આવે છે?

(ग) स्वसृ, मातृ, पितृ, नप्तृ, गन्तृ પુ૦ નાં રૂપો માંહોમાંહિ સરખાવો.

૨. उકારાંત તથા ऋકારાંત વિશેષણોનું સ્ત્રીલિંગ રૂપ શી રીતે થાય છે?

૩. નીચેના શબ્દોનાં રૂપો આપોઃ—

ननान्दृ, स्वसृ, रुचि, कीर्ति, वधू, रज्जु, स्त्री, नीति, पृथु, પુ. સ્ત્રી. ઈ. ઈ.

---

* नी ધાતુ વાપરવો.

† उકારાંત વિશેષણોનું સ્ત્રીલિંગ અંગ મૂળ જેવુંજ રહે છે, અથવા તો મૂળમાં ई ઉમેરી ઉપજાવાય છે.

‡ છઠ્ઠી વિભક્તિ વાપરવી.

પાઠ ૨૨.

આજ્ઞાર્થ.*

પરસ્મૈપદ પ્રત્યય.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પુરુષ. ૧	**आनि**	**आव**	**आम**
પુરુષ. ૨	०	**तम्**	**त**
પુરુષ. ૩	**तु**	**ताम्**	**अन्तु**
	वदानि	वदाव	वदाम
	वद	वदतम्	वदत
	वदतु	वदताम्	वदन्तु

આજ્ઞાર્થના પ્રત્યયો લાગતાં પ્રથમ ધાતુઓને વિકરણ પ્રત્યય જોડવામાં આવે છે.

શબ્દ.

अनृत ન. અસત્ય.
अभिधान ન. નામ.
उपदेश પુ. શિખામણ.
डिम्भ પુ. બચ્ચું, [બાળક.
दुर्ग ન. સંકડામણ.
पाठ પુ. પાઠ.
भद्र ન. કલ્યાણ, [ભલું.
अनु (ઉપ.)+**भू** અનુભવવું, ભોગવવું.
मा અવ્યય નહિ.
रस પુ. રસ.
राज्ञी સ્ત્રી. રાણી.
रे रे અ૦ અરે અરે.
वंश પુ. કુળ.
पठ् ગ. ૧ પરસ્મૈ. [શીખવું
वत्स પુ. પુત્ર.
वयस्य પુ. મિત્ર.
शङ्का સ્ત્રી. વહેમ, શક.
सर्वदा અ૦ હમેશ.
सोम પુ૦ યજ્ઞમાં વપરાતો એક વેલો કે તેનો રસ.

વાક્ય.

सत्त्वं जयतु ।
वत्स पितरं प्रणम ।
अयोध्यां दूता गच्छन्तु ।
पुत्रावश्वमारोहताम् ।
रे रे! मा विनयं त्यजत ।
सख्यौ पुष्पाण्यानयतम् ।
वयस्योपवनं प्रविशाव ।
जलं त्यज घृतं पिब ।

---

* **अस्** અને **अद्** ધાતુનાં આજ્ઞાર્થરૂપો બીજી ચોપડીમાં આપ્યાં છે.

कथं व्याघ्राणां संनिधौ निवसानि ।
लोको दुर्गाणि तरतु भद्राणि पश्यतु ।
नराणां व्याधयो नश्यन्तु ।
मयूरो प्रासादस्य शिखरे नृत्यताम् ।
बालका अनृतं मा वदत ।
आसनयोर्निषीदतम् ।
डिम्भ जननीमाह्वय ।
भूपतयः सर्वदा प्रजा धर्मेण रक्षन्तु ।
जनः सदानन्दमनुभवतु ।

(તમારા) ભાઇનું નામ કહો.
હે બાળકો (તમે) નિશાળે જાઓ ને પાઠ શીખો.
રાજા રાણીને રક્ષે.
આપણે ડાહ્યા માણસોની શિખામણોને અનુસરિયે.
દેવો પ્રસન્ન થાય.
અરે હરિ અને માધવ (તમે) બડબડો મા.
આ પ્રમાણે માણસોના શત્રૂઓ ફના થાય.
ગરીબોને ધન આપ.
હે ચાંડાલ, બ્રાહ્મણને અડક મા.
(અમે) સોમરસ પિયે.
(તે) (પોતાના) કુળનાં સારાં કામો સંભારે. [લાયક થઇયે.
(અમે) માણસોના વખાણોને
રામની ફતેહ વિષે શક તજો.

પાઠ ૨૩.

આજ્ઞાર્થ. (સાંધણુ.)

આત્મનેપદ પ્રત્યય.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પુરૂપ. ૧.	**ऐ**	**आवहै**	**आमहै**
પુરૂપ. ૨.	**स्व**	**इथाम्**	**ध्वम्**
પુરૂપ. ૩.	**ताम्**	**इताम्**	**अन्ताम्**
	मोदै	मोदावहै	मोदामहै
	मोदस्व	मोदेथाम्	मोदध्वम्
	मोदताम्	मोदेताम्	मोदन्ताम्

ધાતુ.

वि (ઉપ.)+**जि** આત્મને. ફ-તેહ મેળવવી.
प्रति (ઉપ.)+**पद्** ધારણ કરવું, આચરવું.
मन् ગ. ૪, આત્મને. વિચારવું, માનવું, ધારવું.
प्र (ઉપ.)+**वृत्** મંડવું, કામે લાગવું.

નામ.

अभिलाष પુ. કોડ, મનોરથ.
आचार પુ. યોગ્ય વર્તણુક, ચાલ.
खल પુ. લુચ્ચો.
देवदत्त પુ. એક માણસનું નામ.
पार्थिव પુ. રાજા.
वार्ता સ્ત્રી. વાત, ખબર, હ-કીકત.
समृद्धि સ્ત્રી. સંપત્તિ, જથો.

વાક્ય.

शत्रुभिः सह युध्यस्व ।
चित्तं स्वास्थ्यं लभताम् ।
शिष्या गुरून् वन्दध्वम् ।
प्रजाया हिताय पार्थिवाः प्रवर्तन्ताम् ।
भ्रातुर्गुणान् मा श्लाघध्वम् ।
नरा धान्यस्य समृद्ध्या मोदन्ताम् ।
आचारं प्रतिपद्येथाम् ।
कन्ये गीतं शिक्षेताम् ।
भर्तारं सेवेथाम् ।
कथं दुःखं सहै ।
कीर्तये यतामहै ।
भूपते विजयस्व ।
जनानां धर्मेऽभिलाषो वर्धताम् ।
शृगालौ म्रियेताम् ।
वार्ताः श्रूयन्ताम् ।

રાણીના શત્રુઓ થરથરે.
(તું) કેરી ચાખ.
(તમે) સંસ્કૃતનો અભ્યાસ શરુ કરો.
(આપણે) ઈશ્વરના હુકમને તાબે થઇયે.
(બે) પુસ્તકો અહિં અણાય.
(તમે બે) દેવદત્તને શત્રુ ન ધારો.
(તમે) માણસોની આબાદીમાં ખુશ થાઓ.
હે લુચ્ચા (તું) મર.
ચંદ્ર પ્રકાશે.
માણસો ખરાબ કામથી લાજે.

પાઠ ૨૪.

કેટલાક બહુ ઉપયોગી કૃદંત.

ધાતુને **त** લગાડવાથી **કર્મણિ ભૂત કૃદંત*** થાય છે; ઉ.–**श्रु** (સાંભળવું) ઉપરથી **श्रुत** સાંભળેલું. સાંભળ્યું.

ધાતુને **तुम्**† લગાડ્યાથી **હેત્વર્થ કૃદંત** થાય છે; ઉ.–**श्रु** (સાંભળવું) ઉપરથી **श्रोतुम्** સાંભળવાને.

ધાતુને **त्वा** લગાડ્યાથી **સંબંધક ભૂતકૃદંત** થાય છે; ઉ.–**श्रु** (સાંભળવું) ઉપરથી **श्रुत्वा** સાંભળીને. જો ધાતુની પૂર્વે ઉપસર્ગ લાગેલો હોય તો **त्वा**ને બદલે **य** પ્રત્યય મૂકવામાં આવે છે; ઉ.—**अनुभूय** અનુભવીને. તેમાં વળી જો ધાતુને છેડે હ્રસ્વ સ્વર હોય તો આ **य**ની પૂર્વે **त्** જોડવામાં આવે છે; ઉ.—**अनुकृत्य** નકલ કરીને.

આ **य** સિવાય બીજા બધા પ્રત્યયો લગાડતાં કેટલાએક ધાતુમાં **इ** નો વધારો થાય છે. તોપણ જે ધાતુઓનો અંત્ય સ્વર હ્રસ્વ હોય છે. તેઓમાં ઘણું કરીને **इ** નું ઉમેરણ થતું નથી. ધાતુઓમાં બીજા પણ કેટલાક ફેરફાર થાય છે, પણ તે એટલા બધા છે કે આ ઠેકાણે તે આપી શકાય નહિ.

વર્તમાન કૃદંત કરવો હોય, તો પ્રથમ ધાતુમાં વિકરણ પ્રત્યય ઉમેરવો, અને પછી અંગ અકારાંત હોય તો પરસ્મૈપદી ધાતુને **त्** અને આત્મનેપદી ધાતુને **मान** પ્રત્યય લગાડવો, પણ જો અંગ અકારાંત ન હોય તો પરસ્મૈપદી ધાતુને **अत्** અને આત્મનેપદી ધાતુને **आन** પ્રત્યય લગાડવો.

---

* આ કૃદંતનું સ્ત્રીલિંગ અંગ **आ** ઉમેરવાથી થાય છે.

† આ પ્રત્યય લગાડતાં અંત્ય સ્વરનો, અથવા ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

‡ અથવા સામાન્ય રીતે બોલિયે, તો વર્તમાન કાળ ત્રીજા પુરુષના બહુવચનનો પ્રત્યય લગાડતાં પહેલાં ધાતુનું જે રૂપ થાય છે તેજ રૂપ લેવું, અને પછી તેને વર્તમાન કૃદંતનો પ્રત્યય લગાડવો.

કેટલાએક ધાતુના કર્મણિ ભૂત કૃદંતોની યાદી.

अस् ફેંકવું,	**अस्त.**
आप् મેળવવું,	**आप्त.**
कम् ચહાવું,	**कान्त.**
कृष् લિસોટા કરવા, ખેડવું,	**कृष्ट.**
क्रम् જવું,	**क्रान्त.**
क्रुध् કોપવું,	**क्रुद्ध.**
क्लम् થાકી જવું,	**क्लान्त.**
क्षम् માફ કરવું, ખમવું,	**क्षान्त.**
क्षुभ् ખળભળવું, વ્યાકુળ થવું,	**क्षुब्ध.**
खन् ખોદવું,	**खात.**
गम् જવું,	**गत.**
गुह् સંતાડવું,	**गूढ.**
जन् ઉત્પન્ન થવું,	**जात.**
तुष् ધરાવું,	**तुष्ट.**
त्यज् તજવું,	**त्यक्त.**
दह् બાળવું,	**दग्ध.**
दिश् બતાવવું,	**दिष्ट.**
दुष् દોષિત કરવું,	**दुष्ट.**
दृश् જોવું,	**दृष्ट.**
धा મૂકવું, ધારણ કરવું,	**हित.**
धृष् તિરસ્કાર પૂર્વક વર્તવું,	**धृष्ट.**
नम् નમવું,	**नत.**
नश् ફના થવું, જતા રહેવું,	**नष्ट.**
पच् રાંધવું, પકવવું,	**पक्व.**
पद् જવું,	**पन्न.**
पुष् પોષવું,	**पुष्ट.**
प्रच्छ् પૂછવું,	**पृष्ट.**
बन्ध् બાંધવું,	**बद्ध.**
भज् સેવવું,	**भक्त.**
मन् વિચારવું, માનવું,	**मत.**
मस्ज् [मज्ज्] ડૂબવું,	**मग्न.**
मुच् છોડવવું,	**मुक्त.**
मुह् ઘેલા થવું,	**मूढ** કે **मुग्ध.**
यज् પૂજવું,	**इष्ट.**
युज् જોડવું,	**युक्त.**
रभ् આરંભવું,	**रब्ध.**
रम् રમવું,	**रत.**
रुह् ઉગવું,	**रूढ.**
लभ् મેળવું,	**लब्ध.**
लुभ् લોભ કરવો,	**लुब्ध.**
वच् બોલવું,	**उक्त.**
वद् બોલવું,	**उदित**
वह् લઈ જવું,	**ऊढ.**
विश् પેસવું,	**विष्ट.**
वृत् હોવું,	**वृत्त.**
शंस् વખાણવું,	**शस्त.**

शम् શાંત થવું,	**शान्त.**	**सृज्** સરજવું, તજવું,	**सृष्ट.**
श्लिष् ભેટવું,	**श्लिष्ट.**	**स्पृश्** અડકવું,	**स्पृष्ट.**
सह् ખમવું,	**सोढ.**	**हन्** હણવું,	**हत.**

શબ્દ.

उटज પુ. ઝુંપડું.
उपाय પુ. ઇલાજ.
कुम्भकार પુ. કુંભાર.
कूप પુ. કુવો.
घट પુ. ઘડો.
उत् (ઉપ.)+**धृ** ગ. ૧, ઉભય. ઉગારવું, છોડવવું, ખેંચી કાઢવું.
पङ्क પુ. કાદવ.
पीडा સ્ત્રી. પીડા.
मति સ્ત્રી. મતિ.
मद પુ. ગર્વ.
यज्ञिय વિશે. યજ્ઞસંબંધી.
समर्थ વિશે. શક્તિમાન.
सर्प પુ. સાપ.

વાક્ય.

जलं पातुं नदीमगच्छत् । कुम्भकारेण घटः कृतः* । हरिणा सर्पो दृष्टः । ग्रामं गन्तुमिच्छामि । जनानां पीडाः परिहर्तुमीश्वरः समर्थोऽस्ति । भार्यां त्यक्त्वा वनं गतः । रामस्य पीडा नष्टा । उपायश्चिन्तितः । गृहं प्रविष्टः किंकरः । शम्बूकेन कथिताम् वार्तां श्रुत्वा रामोऽमुह्यत् । नद्यास्तीरे चिरं विहृत्योटजं निवृत्ता सीता । गृहं प्रविश्य क्व मातेत्यपृच्छत् । लक्ष्म्या मदेन स्पृष्टोऽसि । रामेण बहवः कूपास्तडागाश्चोत्खाताः । नमयच्छत् । एवमुक्तो हरिर्ब्राह्मणाय धनमयच्छत् । अश्वमारोढुं† मतिर्जाता । शत्रून् जित्वा नगरीं प्राविशत् । सखीभिः पृष्टा ललनाऽलज्जत । क्लेशः सोढः सीतया । पृथिव्यां चरितुं यज्ञियोऽश्वो मुक्तः । वनात्प्रतिनिवृत्य रामो राज्यं कर्तुमारभत । पङ्के पतितां धेनुमुद्धरति । रक्षितोऽस्मि देवेन ।

* આવી રીતે જે વાક્યોમાં કર્મણિ ભૂતકૃદંત વાપરેલો હોય ત્યાં **अस्ति** ક્રિયાપદ અધ્યાહાર સમજવું.

† **रुह्** ધાતુ ઉપરથી હેત્વર્થ કૃદંત.

સવાલ.

૧. નીચેના ધાતુનાં આજ્ઞાર્થ રૂપ લખો.

जीव्, ईक्ष्, जन्, स्पृश्, हृ, दृ, स्था (કર્તરિરૂપ અને કર્મણિરૂપ), पा (પીવું), स्फुर्, अट्, निन्द्, शुभ्, अनु+भू (કર્તરિરૂપ અને કર્મણિરૂપ), मह् ઇ. ઇ.

૨. કર્મણિ ભૂત કૃદંત, કર્તરિ વર્તમાન કૃદંત, કર્મણિ વર્તમાન કૃદંત, હેત્વર્થ કૃદંત, અને ઉપસર્ગ રહિત તથા ઉપસર્ગ સહિત સંબંધક ભૂતકૃદંત શી રીતે થાય છે, તે જણાવો.

૩. *નીચેના ધાતુના હેત્વર્થ આદિ કૃદંતનાં રૂપ લખો.

मन्, यज्, मुच्, खन्, दह्, सृज्, वह्, लभ्, रभ्, क्षिप्, ઇ. ઇ.

પાઠ ૨૫.

વ્યંજનાંત નામ.

સંસ્કૃત વ્યાકરણમાં વિભક્તિના સામાન્ય પ્રત્યય નીચે પ્રમાણે આપેલા છે:–

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્ર. અને સં.	स्	औ	अस्
દ્વિતીયા	अम्	,,	,,
તૃતીયા	आ	भ्याम्	भिस्
ચતુર્થી	ए	,,	भ्यस्
પંચમી	अस्	,,	,,
ષષ્ઠી	,,	ओस्	आम्
સપ્તમી	इ	,,	सु

---

* આ સવાલનો જવાબ વધારે ભણેલાથીજ અપાય એવો છે; માટે નવા અભ્યાસકને શિક્ષકની મદદની જરૂર પડશે.

આ પ્રત્યયો કાંઈપણ ફેરફાર વિના પુલ્લિંગ તથા સ્ત્રીલિંગ વ્યંજનાંત નામને લગાડાય છે; પરંતુ તે નામોનાં મૂળરૂપમાંજ કેટલાક ફેરફાર થાય છે, તે આગળ જણાવીશું.

૧. કેટલાંએક નામો એવાં હોય છે કે તેમનું મૂળરૂપ પ્રત્યય લાગતાં એવું ને એવુંજ રહે છે. આ નામો પુલ્લિંગ હોય કે સ્ત્રીલિંગ હોય તોએ પણ તેમનાં એકસરખાંજ રૂપ થાય છે; ઉ.–भूभृत् પુ० मरुत् પુ० दृषद् સ્ત્રી० ઇ.

मरुत् પુલ્લિંગ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્ર. તથા સં.	मरुत्*	मरुतौ	मरुतः
દ્વિતીયા	मरुतम्	,,	,,
તૃતીયા	मरुता	मरुद्भ्याम्	मरुद्भिः
ચતુર્થી	मरुते	,,	मरुद्भ्यः
પંચમી	मरुतः	,,	,,
ષષ્ઠી	,,	मरुतोः	मरुताम्
સપ્તમી	मरुति	,,	मरुत्सु

वाच् સ્ત્રીલિંગ.

પ્ર. તથા સં.	वाक्†	वाचौ	वाचः
દ્વિતીયા	वाचम्	,,	,,
તૃતીયા	वाचा	वाग्भ्याम्	वाग्भिः

---

* પદને અંતે એકથી વધારે વ્યંજન હોય તો તેમાંનો પહેલોજ કાયમ રહે છે અને બીજા બધા ઊડી જાય છે; ઉ. **मरुत्+स्=मरुत्स्**=(**स्** નો લોપ થતાં) **मरुत्**.

† **च्** કે **ज्** પછી અઘોષ અક્ષર આવે તો તે **च्** કે **ज्** નો **क्** અને અંતસ્થ કે અનુનાસિક સિવાય ઘોષ અક્ષર આવે તો **ग्** થાય છે. આ અક્ષરો પદને અંતે આવ્યા હોય તોપણ એ ફેરફાર થાય છે. અનુનાસિક સિવાય કોઇપણ વ્યંજન પદને છેડે આવ્યો હોય તો તેને બદલે તેના વર્ગનો વિકલ્પે પહેલો કે ત્રીજો મૂકાય છે.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
ચતુર્થી	वाचे	वाग्भ्याम्	वाग्भ्यः
પંચમી	वाचः	,,	,,
ષષ્ઠી	,,	वाचोः	वाचाम्
સપ્તમી	वाचि	,,	वाक्षु*

૨. **मत्** અને **वत्** છેડાવાળાં નામોનાં પુલ્લિંગ પેહેલા પાંચ રૂપોમાં **त्** ની પૂર્વે **न** ઉમેરાય છે.

भगवत् પુલ્લિંગ.

પ્રથમા	भगवान्†	भगवन्तौ	भगवन्तः
દ્વિતીયા	भगवन्तम्	,,	भगवतः
તૃતીયા	भगवता	भगवद्भ्याम्	भगवद्भिः
ચતુર્થી	भगवते	,,	भगवद्भ्यः
પંચમી	भगवतः	,,	,,
ષષ્ઠી	,,	भगवतोः	भगवताम्
સપ્તમી	भगवति	,,	भगवत्सु
સંબોધન	भगवन्	भगवन्तौ	भगवन्तः

૩. આ રૂપોમાં અને વર્તમાન કૃદંતના પુલ્લિંગ રૂપોમાં માત્ર એટલોજ તફાવત છે, કે પ્રથમાના એકવચનમાં ઉપર જે **अ** દીર્ઘ કરવામાં આવ્યો છે તે વર્તમાન કૃદંતનાં રૂપમાં હ્રસ્વજ રહે છે; ઉ.—**गच्छत्** વ. કૃ. **गच्छन्** પ્ર. એ.

૪. વ્યંજનાંત નપુંસક નામોની પ્રથમા, સંબોધન અને દ્વિતીયાનાં રૂપોના પ્રત્યયો નીચે પ્રમાણે છેઃ—

એકવચન.	દ્વિવચન.	બહુવચન.
०	**ई**	**इ**

---

* જો પ્રત્યયના **स्** ની પૂર્વે **अ**, **आ** સિવાય કોઇ પણ સ્વર કે કંઠ્ય અક્ષર કે **र्** આવ્યો હોય તો ઘણું ખરું **स्** નો **ष्** થાય છે.

† **वत्** અને **मत्** ને ઠેકાણે પુલ્લિંગ પ્રથમાના એકવચનમાં **वान्** અને **मान्**, અને સંબોધનના એકવચનમાં **वन्** અને **मन्** થાય છે.

અંત્ય વ્યંજન જો અનુનાસિક કે અર્ધસ્વર ન હોય તો તેને બહુવચનનો इ પ્રત્યય લગાડતાં તે અંત્ય વ્યંજન પૂર્વે न् ઉમેરાય છે. अकारांत નપુંસકલિંગ નામોની પેઠે આહિપણ બાકીની વિભક્તિનાં રૂપો તેમને મળતા રૂપના પુલ્લિંગ નામનાં જેવાં થાય છે.

जगत् न.	जगत्	जगती	जगन्ति
गच्छत् व. कृ.	गच्छत्	गच्छन्ती	गच्छन्ति

૫. પ્રથમા, સંબોધન અને દ્વિતીયાના દ્વિવચનના વર્તમાન કૃદંતનાં નપુંસક રૂપ સ્ત્રીલિંગ અંગ* જેવાંજ છે; भवत् વ. કૃ. भवन्ती સ્ત્રીલિંગ અંગ અને નપુંસક દ્વિવચન; विशत् વ. કૃ. विशन्ती કે विशती સ્ત્રીલિંગ અંગ અને નપુંસક દ્વિવચન.

શબ્દ.

आपद् સ્ત્રી. આફત, પડતી.
आयुष्मत् વિશે. લાંબા ઉંમરવાળું.
गुणवत् વિશે. ગુણવાન.
जगत् ન. જગત.
दृशद् સ્ત્રી. પત્થર.
धीमत् વિશે. બુદ્ધિમાન, ડાહ્યું.
परवत् વિશે. પરાધીન.
प्रतिपद् સ્ત્રી. પડવે.
भगवत् વિશે. દિવ્ય, પૂજ્ય.
भवत् સર્વ. આપ, તું.
भूभृत् પુ. રાજા.
मरुत् પુ. પવન, દેવ. [ણેહૃષ.
मूर्तिमत् વિશે. પ્રત્યક્ષ. આ-
यशस्वत् વિશે. પ્રખ્યાત.
वाच् સ્ત્રી. વાણી, વાચા.
विद्युत् સ્ત્રી. વીજળી.
शरद् સ્ત્રી. શરદૃઋતુ.
श्रीमत् વિશે. આબાદ, સુખી.
संपद् સ્ત્રી. સંપત, ચઢતી.
सुखभाज् વિશે. સુખી.
सुहृद् પુ. મિત્ર.
हुतभुज् પુ. અગ્નિ.
वियत् ન. આકાશ.

* वत् અને मत् છેડાવાળાં વિશેષણો અને વર્તમાનકૃદંતોનું સ્ત્રીલિંગ અંગ ई ઉમેરવાથી થાય છે. ઉ.—**आयुष्मती** લાંબા આવરદાવાળી. પરંતુ પહેલા, ચોથા અને દશમા ગણના ધાતુના વર્તમાન કૃદંતોને આ ई લાગતાં અંત્ય त् ની પૂર્વે न् અવશ્યે ઉમેરાયછે, અને છઠ્ઠા ગણમાં વિકલ્પે ઉમેરાય છે.

उप (ઉપ.) + **ईक्ष्** ન સંભાળવું, ન ગણકારવું.
कार्त्तिक પુ. કાર્તિક મહિનો.
नल પુ. એક રાજાનું નામ.
महोत्सव પુ. મોટો ઓચ્છવ.
मृग પુ. હરણ, પશુ.
वासुदेव પુ. કૃષ્ણનું નામ.
विद् ગ. ૪, આત્મને. હોવું. થવું.

વર્તમાનકૃદંત.

कुर्वत् કરતું.　**जयत्** જીતતું.　**पश्यत्** જોતું.
गच्छत् જતું.　**नोदयत्** પ્રેરતું, હાંકતું.　**वसत्** વસતું.
शासत्* રાજ્ય કરતું.

વાક્ય.

नृशंसेभ्यो गुणवतामपि भयं विद्यते ।
चन्द्रस्य प्रकाशः शरद्याह्लादको भवति । [वर्तते ।
विद्युता सह मेघो वियति
वत्स आयुष्मान् भव ।
नमो भगवते वासुदेवाय ।
पश्यतो† गुरोः शिष्येणाविनयः कृतः ।
हुतभुजा दग्धमरण्यमपश्यन्नलः ।
दिनेषु‡ गच्छत्सु नारायणः पण्डितोऽभवत् ।
धीमन्तो लोके यशस्वन्तो भवन्ति ।
रामो मूर्तिमान् धर्म इव ।
जयतः शत्रून् मोपेक्षस्व ।
भवद्भिरादिष्टः किंकरो नगरमगच्छत् ।
मरुतां भर्तार्जुनं द्रष्टुमिच्छति ।
कवीनां वाक्षु माधुर्यमस्ति ।
सुहृदोर्वचनमलङ्घनीयम् ।
भवन्तः पुत्रैः सहागच्छन्त्विति श्रीमतो देवस्याज्ञा ।
महीं शासति दशरथे भूभृति जनाः सुखभाजोऽभवन् ।

---

* આ કૃદંતના રૂપોમાં न् નો ઉમેરો થતોજ નથી.

† આ **અનાદરાર્થ** પષ્ઠીનો દાખલો છે; તેનો અર્થ "ગુરુ દેખતાં છતાં એ" એ શબ્દે કરી થાય છે.

‡ આ **સતિસપ્તમી**નો દાખલો છે તેનો અર્થ "દિવસો ગયા છતાં" એવો થાય.

નારાયણ પરાધીન નથી.
હરણો જંગલમાં પત્થરોઉપર બેસે છે.
ઇંદ્ર દેવોનો રાજા છે.
કાર્તિકની પડવેએ મોટો ઓચ્છવ છે.
(મેં) (એક) છોકરાને નિશાળે જતો જોયો.
રામ આબાદ અયોધ્યા શહેરમાં રહ્યો.
ચઢતીમાં માણસને બહુ જણ અનુસરે છે.
પડતીમાં માણસ મિત્રોવડે તજાય છે.
કૃષ્ણે માણસોને ઘોડા હાંકતા જોયા.
સંન્યાસિયો જગતને જંગલ માને છે.
બુદ્ધિમાન નારાયણવડે (એક) પુસ્તક રચાય છે.

સવાલ.

૧. સંસ્કૃત વ્યાકરણના વિભકિતના સામાન્ય પ્રત્યયો આપો.

૨. વર્તમાનકૃદંત સાથે તથા **भूभृत्** જેવાં વ્યંજનાંત નામો સાથે **वत्** અને **मत्** છેડાવાળાં નામોનાં રૂપો સરખાવો.

૩. વર્તમાનકૃદંતના તથા **वत्** અને **मत्** છેડાવાળાં વિશેષણોનાં સ્ત્રીલિંગ અંગ, તથા નપુંસકલિંગ દ્વિવચન શી રીતે થાય છે?

૪. **च्** અથવા **ज्** પછી અઘોષ વ્યંજન આવ્યો હોય ત્યારે, ઘોષવ્યંજન આવ્યો હોય ત્યારે, અને કશુંએ ન આવ્યું હોય ત્યારે શું થાય છે?

૫. ક્યારે **स्** નો **ष्** થાય છે?

૬. નીચેનાં નામોનાં રૂપો આપો.

प्रतिपद्, हुतभुज्, यशस्वत् (त्रि.), कुर्वत् (त्रि.), सुखभाज् (पु. न.) आयुष्मत्, (पु. न.), दिशत् (त्रि.), परवत् (पु.), आपद्, नोदयत् (त्रि.) ઈ. ઈ.

૭. અનાદરાર્થ ષષ્ઠી અને સતિસપ્તમીના પ્રયોગ ઉદાહરણ સાથે સમજાવો.

પાઠ ૨૬.

अन् અને इन् છેડાવાળાં નામો.

૧. પ્રથમા તથા સંબોધનના એકવચનનો स् પ્રત્યય લોપાય છે (પૃ. ૭૪ ની ટીપ* જુઓ.)

૨. પ્રથમાના એકવચનમાં અને બધા વ્યંજનાદિ પ્રત્યય આગળ અંત્ય न् લોપાય છે.

૩. પહેલાં પાંચ રૂપોમાં अ દીર્ઘ થાય છે; इ તો માત્ર પ્રથમાના એકવચનમાંજ દીર્ઘ થાય છે. આ નિયમ નપુંસક નામોને લાગુ પડતો નથી; પરંતુ એ લિંગમાં પ્રથમા, દ્વિતીયા અને સંબોધનના બહુવચનના अ તથા इ દીર્ઘ થાય છે.

૪. દ્વિતીયાના બહુવચનના अस् પ્રત્યયથી માંડીને તે પછીના કોઈપણ સ્વરાદિ પ્રત્યય લાગતાં अ લોપાય છે. પરંતુ જ્યારે अની પૂર્વે એવો જોડાક્ષર આવ્યો હોય કે જેમાંનો બીજો વ્યંજન म् કે व् હોય ત્યારે अ ઊડી જતો નથી. પુલ્લિંગ અને નપુંસકલિંગની સપ્તમીના એકવચનમાં અને નપુંસકલિંગની પ્રથમા, દ્વિતીયા અને સંબોધનના દ્વિવચનમાં આ નિયમ વિકલ્પે લાગુ પડે છે.

૫. સંબોધનનું એકવચન મૂળરૂપથી ભિન્ન નથી; નપુંસકલિંગમાં न् વિકલ્પે લોપાય છે.

राजन् પુલ્લિંગ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	राजा	राजानौ	राजानः
દ્વિતીયા	राजानम्	,,	राज्ञः*
તૃતીયા	राज्ञा	राजभ्याम्	राजभिः

* અંત્ય अन् માંના अ નો લોપ કરવાથી राजन् રહ્યા. પછી પૃ. ૨૦ ની ટીપ*માં બતાવેલા સંધિના નિયમ પ્રમાણે न् નો ञ् થયો તે પૂર્વના ज સાથે જોડાઈ ज्ञ् થયો.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
ચતુર્થી	राज्ञे	राजभ्याम्	राजभ्यः
પંચમી	राज्ञः	,,	,,
ષષ્ઠી	राज्ञः	राज्ञोः	राज्ञाम्
સપ્તમી	राज्ञि—राजनि	,,	राजसु
સંબોધન	राजन्	राजानौ	राजानः

आत्मन् પુલ્લિંગ.

પ્રથમા	आत्मा	आत्मानौ	आत्मानः
દ્વિતીયા	आत्मानम्	,,	आत्मनः
તૃતીયા	आत्मना	आत्मभ्याम्	आत्मभिः
ચતુર્થી	आत्मने	,,	आत्मभ्यः
પંચમી	आत्मनः	,,	,,
ષષ્ઠી	,,	आत्मनोः	आत्मनाम्
સપ્તમી	आत्मनि	,,	आत्मसु
સંબોધન	आत्मन्	आत्मानौ	आत्मानः

नामन् નપુંસકલિંગ.

પ્રથમા	नाम	नामनी-नाम्नी	नामानि
દ્વિતીયા	,,	,,	,,
તૃતીયા	नाम्ना	नामभ्याम्	नामभिः
ચતુર્થી	नाम्ने	,,	नामभ्यः
પંચમી	नाम्नः	,,	,,
ષષ્ઠી	,,	नाम्नोः	नाम्नाम्
સપ્તમી	नामनि—नाम्नि	,,	नामसु
સંબોધન	नामन्—नाम	नामनी—नाम्नी	नामानि

शशिन् પુલ્લિંગ.

પ્રથમા	शशी	शशिनौ	शशिनः
દ્વિતીયા	शशिनम्	,,	,,

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
તૃતીયા	शशिना	शशिभ्याम्	शशिभिः
ચતુર્થી	शशिने	,,	शशिभ्यः
પંચમી	शशिनः	,,	,,
ષષ્ઠી	,,	शशिनोः	शशिनाम्
સપ્તમી	शशिनि	,,	शशिषु
સંબોધન	शशिन्	शशिनौ	शशिनः

भाविन् નપુંસકલિંગ.

પ્ર. તથા દ્વિ.	भावि	भाविनी	भावीनि
સંબોધન	भाविन्–भावि	,,	,,

બાકીનાં રૂપ **शशिन्** પ્રમાણે.

શબ્દ.

अनुजीविन्*વિશે. ચાકરી કરનાર, આશ્રિત.
अपराधिन् વિશે. ગુન્હેગાર.
अश्मन् પુ. પત્થર.
आत्मन् પુ. આત્મા, જીવ, પંડ.
उत्सङ्गवर्तिन् વિશે. (उत्सङ्ग, પુ. ખોળો) ખોળામાં બેઠેલું.
कञ्चुकिन् પુ. અંતઃપુરનો વડો નોકર.
कर्मन् ન. કામ.
कुशलिन् વિશે. સુખી.
क्षेत्रगामिन् વિશે. તીર્થભણી જતું.
चर्मन् ન. ચામડું.
नामन् ન. નામ.
पक्षिन् પુ. પંખી.
प्राणिन् પુ. પ્રાણી.
प्रियवादिन् વિશે. મીઠું બોલનાર.
प्रेमन् પુ. સ્નેહ, પ્રેમ.
फलाशिन् વિ. ફળ ખાઇને રહેનાર.
ब्रह्मन् પુ. બ્રહ્મા.
भर्मन् ન. ઘર.
भाविन् વિશે. થનાર, થવાનું, નીપજવાનું.
महिमन् પુ. મહિમા.
मेधाविन् વિશે. બુદ્ધિમાન્, ડાહ્યું.
योगिन् વિશે. જોગી.
राजन् પુ. રાજા.
वर्त्मन् પુ. રસ્તો.
विश्वकर्मन् પુ. વિશ્વકર્મા, દેવનો શિલ્પી.
शिखरिन् પુ. પર્વત.
स्वामिन् પુ. ધણી.

---

* **इन्** છેડાવાળાં વિશેષણોનું સ્ત્રીલિંગ અંગ **ई** ઉમેરવાથી થાય છે; ઉ.—अनुजीविनी ચાકરી કરનારી દાસી.

अनर्थ પુ. નુકસાન, અનિષ્ટ.
अन्तःपुर ન. જનાનખાનું.
अमात्य પુ. પ્રધાન.
अम्बर ન. આકાશ.
अवतरत् [अव (ઉપ.) + तॄનો વ. કૃ.] ઉતરતું.
आत्मजा સ્ત્રી. દીકરી. [त, કામ.
आरम्भ પુ. શરુઆ-
उपकार પુ. ઉપકાર.
उपानह्* સ્ત્રી. જોડો, ખાસડું.
कुण्ठित (कुण्ठ्નો ભૂ. કૃ.) ખળાયલું, અટકાવાયલું.
कौशल ન. હુશિયારી, પ્રવીણતા.
जगत्कर्तृ પુ. દુનિયાં ઉપજાવનારા, પરમેશ્વર.
जीवित ન. જીવતર, જીંદગી. [દુષ્ટ.
दुष्ट (दुष्નો ભૂ. કૃ.)
दैन्य ન. હલકાપણું.
द्रु ગ. ૧, પરસ્મૈ. દયાથી પિગળવું.
न कदापि (અવ્યય) કદીપણ નહિ.
नाश પુ. હાનિ.
निर्मित [निर् (ઉપ.) + मा નો ભૂ. કૃ.] નિર્મેલું, બનાવેલું.
निर्वृतिमत् વિશે. નિરાંતવાળું, સુખી.
परिणाम પુ. છેવટ, પરિણામ.
पुण्यवत् વિશે. પુણ્યશાલી.
प्रियवादित्व ન. મીઠાબોલાપણું.
यात्रिक પુ. જાત્રાળુ.
वसुदेव પુ. કૃષ્ણના બાપનું નામ.
शुभ વિશે. સારૂં, માંગાલક.
श्रवण ન. સાંભળવું.
श्रीषेण પુ. વિશેષનામ.
स्वप्न પુ. સ્વપ્ન.

વાક્ય.

योगिनःफलाशिनो भवन्ति ।
अपराधिनं मा क्षमस्व ।
अनुजीविने कुप्यति भर्ता ।
दशरथस्य पुत्रो नाम्ना रामः ।
ब्रह्मणः प्रजाः प्रजायन्ते ।
राजन् कुशली भव ।
कञ्चुकी राज्ञामन्तःपुरेऽधिकृतः पुरुषः ।
जनस्य कल्याणाय यतमानेन रामेणात्मा क्लेशमुपानीयत ।
आत्मनः पुत्राणां कर्मसु कौशलं प्रशंसति ।

---

* આ શબ્દના અંત્ય ह् નો અઘોષ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં त्, ઘોષ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં द्, અને પદાંતે त् અથવા द् થાય છે.

कृष्णो वसुदेवस्य भर्मणि वस*न्नम्बरादवदरन्तं नारदमपश्यत् ।
श्रीषेणस्य राज्ञो महिषी सूर्यं चन्द्रं चात्मन उत्सङ्गवर्तिनौ स्वप्नेऽपश्यत् ।
अपराधिनः पुरुषान्दण्डयन्तु राजानः ।
भाविनोऽनर्थान्न् ज्ञातुं न समर्थोऽस्ति जनः ।
अश्मभिरश्वस्य गतिः कुण्ठिता । [वित्र दृश्यते ।
जगत्कर्तुर्महिम्नां फलं सक्षेत्रगामिना वर्त्मना गच्छन्तं यात्रिकमपश्यम् ।
अश्मनेव निर्मितं दुष्टानां हृदयं परकीयस्य दुःखस्य श्रवणेन न कदापि द्रवति ।
शुभानां कर्मणामारम्भः कल्याणाय ।
जगता कुटुम्बिनं मन्यत† आत्मानं साधुः ।
प्राणिनामुपकारायैव साधूनां जगति जीवितम् ।
प्रियवादिनां प्रियवादित्वं दैन्यं गण्यते शठैः ।

દેવદત્ત બુદ્ધિમાન છે.
બાપ દીકરાને પ્રીતિપૂર્વક‡ ભેટ્યો.
ચાકરો ધણીને તાબે રહે છે.
ઝાડો પર્વતોઉપર ઉગે છે.
(હું) છોકરાઓનાં નામ જાણતો નથી.§
નળ વિશ્વકર્માનો પુત્ર હતો.
પંખીઓ આકાશમાં ઉડે છે.
ચામડાના જોડા કરાય છે.
હરિનો નાશ (તેના) કામોનો પરિણામ છે.
બ્રહ્માએ પ્રાણી, પથરા ને આકાશ સરજ્યાં.

સવાલ.

૧. ક્યારે **अन्** છેડાવાળા નામના **न्** નો અને ક્યારે **अ** નો લોપ થાય છે? **अ** નો લોપ ન થતો હોય એવાં નામના દાખલા આપો.

---

* પદને અંતે **ङ्**, **ण्** કે **न्** આવ્યો હોય અને તેની પૂર્વે હ્રસ્વ સ્વર હોય અને પર કોઈપણ સ્વર આવ્યો હોય, તો તે બેવડાય છે.

† પદને અંતે **ए**, **ऐ**, **ओ** કે **औ** હોય ને પછી કોઇપણ સ્વર આવે, તો તેમને બદલે થતા **अय्**, **आय्**, **अव्**, **आव्** ના અંત્ય **य्**, **व्** નો વિકલ્પે લોપ થાય છે.

‡ તૃતીયા વાપરવી.

§ **स्मृ** ધાતુ વાપરવો.

૨. **अन्** છેડાવાળાં અને **इन्** છેડાવાળાં નામોનાં રૂપો સરખાવો.

૩. નીચેનાં નામોનાં રૂપો આપો.

मूर्धन् पु. महिमन्, वर्तमन्, यज्वन्, लघिमन्, कुशलिन्, भर्मन्, पक्षिन्, सीमन्, स्त्री० ई. ई.

૪. **इन्** છેડાવાળાં નામનું સ્ત્રીલિંગ અંગ શી રીતે થાય છે?

પાઠ ૨૭.

स्, **वस्**, **ईयस्**, ને **एयस्** છેડાવાળાં નામો.

૧. **स्** છેડાવાળાં નામોનું પ્રથમાનું એકવચન **स्** પ્રત્યયનો લોપ કરી, નામમાં ઉપાંત્ય **अ** હોય તો તેને દીર્ઘ કરવાથી થાય છે. નામના અંત્ય **स्** નો વિસર્ગ કરાય છે. (પૃ. ૭ ની ટીપ † જુઓ.)

૨. વ્યંજનાદિ પ્રત્યય લાગતાં **स्** નો વિસર્ગ થાય છે, પછી પહેલાં આપેલા નિયમ પ્રમાણે તેની સંધિ થાય છે. (પૃ. ૧૫ ની ટીપ* અને પૃષ્ઠ ૧૭ ની ટીપ* તથા ટીપ ‡ જુઓ.)

૩. **वस्**, **ईयस्** અને **एयस्** છેડાવાળાં નામોના **स्** ની પૂર્વે પહેલાં પાંચ રૂપોમાં **न्** ઉમેરાય છે, તથા ઉપાંત્ય **अ** દીર્ઘ કરાય છે; પ્રથમાના એકવચનને છેડે તો **वान्** અને **यान्** થાય છે.

૪. દ્વિતીયાના બહુવચનથી માંડીને સ્વરાદિ પ્રત્યય લાગતાં, અને નપુંસકલિંગની પ્રથમા, દ્વિતીયા અને સંબોધનના દ્વિવચનનો **ई** પ્રત્યય લાગતાં, **वस्** છેડાવાળાં નામોના **व** નો **उ*** થાય છે; અને વ્યંજનાદિ પ્રત્યય લાગતાં તથા નપુંસકલિંગની પ્રથમા, દ્વિતીયા અને સંબોધનના એકવચનમાં અંત્ય **स्** નો **द्** થાય છે.

---

* **वस्** ની પૂર્વે જો **इ** સ્વર આવ્યો હોય તો **व** નો **उ** થતાં તે **इ** લોપાય છે. ઉ.—**सेदिवस्**—**सेदुषः** (દ્વિ. બહુ.)

૫. કલમ ૨ માં આપેલો નિયમ **ईयस्** ને **एयस्** છેડાવાળાં નામોને પણ લાગુ પડે છે.

૬. નપુંસકલિંગમાં તો ઉપાંત્યે **अ** આવ્યો હોય તો પણ પ્રથમા, દ્વિતીયા ને સંબોધનના એકવચનમાં તે દીર્ઘ કરાતો નથી. બહુવચનનો **इ** પ્રત્યય લાગતાં ઉપાંત્યે જે કોઈ સ્વર આવ્યો હોય તે દીર્ઘ કરાય છે, અને તેના પર અનુસ્વાર વધારાય છે.

૭. સંબોધનના એકવચનમાં આ બધામાંથી એકેનો ઉપાંત્ય **अ** દીર્ઘ થતો નથી; ઉ. **चन्द्रमः**, **विद्वन्** ઈત્યાદિ.

चन्द्रमस् પુલ્લિંગ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	चन्द्रमाः	चन्द्रमसौ	चन्द्रमसः
દ્વિતીયા	चन्द्रमसम्	,,	,,
તૃતીયા	चन्द्रमसा	चन्द्रमोभ्याम्	चन्द्रमोभिः
ચતુર્થી	चन्द्रमसे	,,	चन्द्रमोभ्यः
પંચમી	चन्द्रमसः	,,	,,
ષષ્ઠી	,,	चन्द्रमसोः	चद्रमसाम्
સપ્તમી	चन्द्रमसि	,,	चन्द्रमःसु-स्सु
સંબોધન	चन्द्रमः	चन्द्रमसौ	चन्द्रमसः

विद्वस् પુલ્લિંગ.

પ્રથમા	विद्वान्	विद्वांसौ*	विद्वांसः
દ્વિતીયા	विद्वांसम्	,,	विदुषः
તૃતીયા	विदुषा†	विद्वद्भ्याम्	विद्वद्भिः
ચતુર્થી	विदुषे	,,	विद्वद्भ्यः
પંચમી	विदुषः	,,	,,

* શબ્દ કે પદના અંગમાં જો **न्** ની પછી **श ष स्** કે **ह्** આવ્યો હોય તો **न्** નો અનુસ્વાર થાય છે.

† પૃ. ૭૫ ની ટીપ* જુઓ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
ષષ્ઠી	विदुषः	विदुषोः	विदुषाम्
સપ્તમી	विदुषि	,,	विद्वत्सु
સંબોધન	विद्वन्	विद्वांसौ	विद्वांसः

श्रेयस् પુંલિંગ.

પ્રથમા	श्रेयान्	श्रेयांसौ	श्रेयांसः
દ્વિતીયા	श्रेयांसम्	,,	श्रेयसः
તૃતીયા	श्रेयसा	श्रेयोभ्याम्	श्रेयोभिः
ચતુર્થી	श्रेयसे	,,	श्रेयोभ्यः
પંચમી	श्रेयसः	,,	,,
ષષ્ઠી	,,	श्रेयसोः	श्रेयसाम्
સપ્તમી	श्रेयसि	,,	श्रेयःसु-स्सु
સંબોધન	श्रेयन्	श्रेयांसौ	श्रेयांसः

मनस् નપુંસકલિંગ.

પ્ર. દ્વિ. અને સં. मनः मनसी मनांसि

બાકીનાં **चन्द्रमस्** પ્રમાણે.

तस्थिवस् નપુંસકલિંગ.

પ્ર. દ્વિ. અને સં. तस्थिवत् तस्थुषी* तस्थिवांसि

બાકીનાં **विद्वस्** પ્રમાણે.

अर्चिस् સ્ત્રીલિંગ.

પ્રથમા	अर्चिः	अर्चिषी	अर्चिषः
દ્વિતીયા	अर्चिषम्	,,	,,
તૃતીયા	अर्चिषा	अर्चिर्भ्याम्	अर्चिर्भिः
ચતુર્થી	अर्चिषे	,,	अर्चिर्भ्यः

* **वस्** છેડાવાળાં નામોનું સ્ત્રીલિંગ અંગ નપુંસકલિંગની પ્રથમા, દ્વિતીયા, અને સંબોધનના દ્વિવચન જેવું છે. **ईयस्** અને **एयस्** છેડાવાળાં નામોનું સ્ત્રીલિંગ અંગ તો માત્ર **ई** ઉમેરવાથી થાય છે.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પંચમી	अर्चिषः	अर्चिर्भ्याम्	अर्चिर्भ्यः
ષષ્ઠી	,,	अर्चिषोः	अर्चिषाम्
સપ્તમી	अर्चिषि	,,	अर्चिःषु-ष्षु
સંબોધન	अर्चिः	अर्चिषौ	अर्चिषः

શબ્દ.

अध्यूषिवस् વિશે. વસેલું.
कनीयस् વિશે. વધારે નાનું.
चक्षुस् ન. આંખ.
छन्दस् ન. વેદ.
ज्यायस्* વિશે. વધારે મોટું.
तपस् ન. તપ.
तमस् ન. અંધકાર.
तस्थिवस् વિશે. ઉભેલું.
तेजस् ન. તેજ, તાપ.
दिवौकस् પુ. દેવ, સ્વર્ગમાં રહેનાર.
दुर्वासस् પુ એક ઋષિનું નામ.
धनुस् ન. કામઠું.
नभस् ન. આકાશ.
पयस् ન. પાણી.
प्रेयस् વિશે. વધારે વહાલું.
भूयस् વિશે. વધારે મોટું.
मनस् ન. મન.
यशस् ન. કીર્તિ.
रक्षस् ન. રાક્ષસ.
रजस् ન. ધૂળ, પરાગ.
वक्षस् ન. છાતી.
वचस् ન. વચન.
वनौकस् વિશે. વનમાં રહેનાર.
वयस् ન. ઉંમર.
वासस् ન. લુગડું, કપડું.
विद्वस् વિશે. ભણેલું.
वेधस् પુ. બ્રહ્મા.
शिरस् ન. માથું.
श्रेयस् વિશે. ચઢતું, આબાદ.
सरस् ન. સરોવર.
हविस् ન. બળિદાન.

अभूमि સ્ત્રી. અવિષય, અગોચર.
आश्रम પુ. મઠ.
कीचक પુ. વિરાટ રાજાના સેનાપતિનું નામ.
कुश પુ. રામના પુત્રનું નામ.
कृत (कृ નો ભૂ. કૃ.) કરાયેલું.
गुणिन् વિશે. ગુણવાન્.
जीर्ण વિશે. જીરણ, જૂનું.
द्वारका સ્ત્રી. એક શહેરનું નામ.
नव વિશે. નવું.
परिहित વિશે. પહેરેલું.
पान्थ પુ. મુસાફર.

---

* આ તથા भूयस् શબ્દનાં રૂપ श्रेयस् પ્રમાણે થાય છે.

पूजास्थान ન. પૂજાનું કારણ, સત્કારનું કારણ.

प्रियंवदा સ્ત્રી. શકુન્તલાની સખીનું નામ.

भगीरथ પુ. એક સૂર્યવંશી [રાજા.

लिङ्ग ન. જાતિ (સ્ત્રીવર્ગ કે પુરુષવર્ગમાં હોવાપણું)

शाखा સ્ત્રી. ડાળ, ડાળી, શાખા.

आ (ઉપ.) + **श्रि** ગ. ૧, ઉભય. આશ્રય લેવો, આધાર રાખવો.

श्वेत વિશે. ધોળું.

संतप्त (सम् + तप् નો ભૂ. કૃ.) તપેલો, તાપથી બળેલો.

वि (ઉપ.) + **आप्** વ્યાપવું, છાવું.
अनु (ઉપ.) + **मन्** હા કહેવી, મળતું મત આપવું.
उत् (ઉપ.) + **यत्** (=उद्यत्) વ. કૃ. ઊગતું.
व्रज् ગ. ૧, પરસ્મૈ. જવું.
आ (ઉપ.) + **हृ** લાવું, યજ્ઞ કરવો.

વાક્ય.

मुनयो वनौकसोऽभवन् ।
देवान् दिवौकसो वदन्ति ।
कनीयांसं भ्रातरमाह्वय ।
कुशो लवस्य ज्यायान् भ्राता । [ष्णः ।
प्रेयसो जनान् स्मरति कृ-
उद्यन्तं चन्द्रमसं प्रेक्षस्व ।
तमोभिर्नभो व्याप्यते ।
वाससी परिहिते कन्यया ।
श्रेयसे यतते ।

शत्रूञ् शिरस्सु प्रहरति ।
वनसा हरिं व्रजति ।
तपसां फलमनुभवतु ।
दुर्वासाः पाण्डवानां वसतिमगच्छत् । [वर्तन्ते ।
भूयांसोऽत्र धान्यराशयो
रामो रक्षांसि हत्वा यशोऽविन्दत् ।
गङ्गायाः पयांसि श्वेतानीति श्रूयते ।

विद्वद्भिरुपदिष्टो दशरथो यज्ञमाहरत् ।
भीमेन वक्षसि ताडितः कीचकोऽमुह्यत् ।
बहूनि हवींष्यग्नौ प्रास्यति ।
नगरस्य समीपे तस्थिवद्राजसैन्यमपश्यम् ।
सूयस्य तेजसा संतप्तः पान्थश्छायामाश्रयते ।

***द्वारकामध्यूषुषो जनस्य संपदो मनसोऽप्यभूमिरभवन् । वसिष्ठस्य वचांसि श्रुत्वा विश्वामित्रेण सह रामस्य गमनं दशरथोऽन्वमन्यत । गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ।**

હરિયે વાણીવડે માને શાંત કરી.
નારાયણનો નાન્હો ભાઇ કાશીમાં છે.
પાણિનિ વેદોને "છંદસ્" એવું કહે છે.
પવન ફૂલોનો પરાગ લાવે છે.
રાણીની કીર્તિ પૃથ્વી ઉપર પસરે.
પ્રિયંવદા દુર્વાસાપાસે† ગઇ અને માફી માગી. [જોયો.
હરિયે સારથિને રથ હાંકતો
રામ નાન્હા ભાઈવડે સેવાયો.
રઘુએ કામઠાં અને તીરોવડે પૃથ્વીને જીતી.
ભગીરથે બ્રહ્માને તપવડે ખુશ કર્યાં.
વનમાં રહેનારા ઋષિઓના મઠો ઝાડનાં ડાળાં અને પાંદડાંના કરાયા. [છે.
સરોવરોનાં પાણીમાં કમળો
રાજા વિદ્વાનોને પૂજે છે.
જેમ માણસ જૂનાં કપડાં તજી દે છે, અને નવાં ધારણ કરે છે; તેમ જીવ જૂનાં શરીર તજે છે અને નવાંમાં પેસે છે.
અગ્નિમાં નખાએલાં બળિદાન અગ્નિવડે દેવતાઓ પાસે‡ લેઈ જવાય છે.

સવાલ.

૧. **अस्, इस्, ईयस्** કે **यस्** અને **वस्** છેડાવાળાં નામોનાં રૂપો સરખાવો.

૨. **वस्** ના **व** નું **उ** ક્યારે થાય છે? અને તેમ થતાં પૂર્વની **इ** નું શું થાય છે?

---

* એટલે તેઓની ચાહનાથીએ જ્યાદે તેઓની સુખસંપત્તિ હતી, અર્થાત્ તેઓએ જેટલા સુખી થવા ચાહ્યું તેથી એ પૈસે ટકે વધારે સુખી હતા.

† દ્વિતીયા વિભક્તિ વાપરવી

‡ ચતુર્થી વિભક્તિ વાપરવી.

૩. **वस्** અને **ईयस्** કે **यस्** છેડાવાળાં નામોનાં સ્ત્રીલિંગ-રૂપ શી રીતે થાય છે?

૪. નીચેનાં નામોના રૂપો લખો.

नभस्, धनुस्, जग्मिवस् (त्रि.), ज्यायस् (त्रि.), पयस्, चकृवस् (त्रि.), लघीयस् (त्रि.), चक्षुस्, वनौकस् (पु., स्त्री.), सेदिवस् (त्रि.) ૯.

પાઠ ૨૮.

વિધ્યર્થ.

પરસ્મૈપદ પ્રત્યય.*

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પુ. ૧	**ईयम्**	**ईव**	**ईम**
પુ. ૨	**ईस्**	**ईतम्**	**ईत**
પુ. ૩	**ईत्**	**ईताम्**	**ईयुस्**

આત્મનેપદ પ્રત્યય.*

પુ. ૧	**ईय**	**ईवहि**	**ईमहि**
પુ. ૨	**ईथाः**	**ईयाथाम्**	**ईध्वम्**
પુ. ૩	**ईत**	**ईयाताम्**	**ईरन्**

આ વિધ્યર્થના પ્રત્યયો ધાતુમાં વિકરણ પ્રત્યય ઉમેર્યા પછી લગાડાય છે.

---

* વિધ્યર્થના પ્રત્યય પ્રથમભૂત જેવાજ છે. અપવાદ માત્ર નીચેપ્રમાણે છે. પરસ્મૈપદ પુ. ૩ બ. વ. પ્રત્યય **अन्** ને બદલે **उस्** છે, અને આત્મનેપદ પુ. ૩ બ. વ., પુ. ૧ એ. વ., અને પુ. ૨ અને પુ. ૩ દ્વિ. વ. પ્રત્યયો **अन्त, इ, इताम्,** અને **इथाम्** ને બદલે **रन्, अ, आताम्** અને **आथाम्** છે. આ પ્રત્યયોમાંથી વ્યંજનાદિ પ્રત્યયોની પૂર્વે **ई** અને સ્વરાદિ પ્રત્યયોની પૂર્વે **ईय्** ઉમેરાય છે; એટલી વિલક્ષણતા છે.

वस् પરસ્મૈ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પુ. ૧	वसेयम्	वसेव	वसेम
પુ. ૨	वसेः	वसेतम्	वसेत
પુ. ૩	वसेत्	वसेताम्	वसेयुः*

युध् આત્મને.

પુ. ૧	युध्येय	युध्येवहि	युध्येमहि
પુ. ૨	युध्येथाः	युध्येयाथाम्	युध्येध्वम्
પુ. ૩	युध्येत	युध्येयाताम्	युध्येरन्

વિધ્યર્થ (૧) સંભવ, આજ્ઞા, પ્રાર્થના, ઇચ્છા, આશા ઇત્યાદિ બતાવે છે, અને તેવા અર્થના સાદા વાક્યમાં વપરાય છે; (૨) વળી તેવા અર્થના ઉપવાક્યોમાં પણ વપરાય છે; (૩) તેમજ જેમાંનું એક વાક્ય બીજા વાક્ય ઉપર આધાર રાખતું હોય અને હેતુ કે શરત બતાવતું હોય તેવા સાંકેતિક† વાક્યમાં વપરાય છે.

શબ્દ.

अध्वखेद પુ. (**अध्वन्** પુ. રસ્તો અને **खेद** પુ. થાક.) મુસાફરીનો થાક.
अनुरञ्जन ન. પ્રસન્ન કરવું.
अपण्डित પુ. અભણ માણસ.
अपाय પુ. હરકત.
अभिभूत { अभि (ઉપ.) + भू નો ભૂ. કૃ. } હરાવાયલું, જીતાયલું.
अहित ન. નુકસાન, ઈજા.
आवरण ન. આચ્છાદન, અંતરાય, ઢાંકવું.
उत (અવ્યય) અથવા.
क्लृप् ગ. ૧, આત્મને. સમર્થ થવું.
क्षुद्र વિશે. તુચ્છ.
गान ન. ગાયન.
अव (ઉપ.) + **गाह्** ગ. ૧. આત્મને, ન્હાવું.

---

* **अस्** અને **अद्** નાં વિધ્યર્થ રૂપ બીજી ચોપડીમાં આપ્યાં છે.

† ક્રિયાતિ પત્ત્યર્થનાં સાંકેતિક વાક્યો આમાંથી બાતલ કરવાં.

आ (ઉપ.) + **चर्** આચરવું.
जायापती પુ. દ્વિ. વ. વરવહૂ.
तप् ગ.૧,પરસ્મૈ.પ્રકાશવું,તપવું.
तमिस्रा સ્ત્રી. રાત્રિ.
तृषित વિશે. તરસ્યુ.
दारिद्र्य ન. ગરીબ હાલત.
दीन વિશે. કંગાલ, ગરીબ.
दुर्दशा સ્ત્રી. અવદશા, માઠી હાલત.
द्रुह् ગ. ૪, પરસ્મૈ. દગો દેવો.
धीर વિશે. ડાહ્યો, ધીરજ-વાળો.
नीचैराख्य વિશે. (नीचैस् અને आख्या સ્ત્રી. નામ.) જેનું **नीचैस्** નામ છે તે.
न्यायसभा સ્ત્રી. (न्याय પુ. ઇનસાફ અને सभा સ્ત્રી. કચેરી.) ઈનસાફની કચેરી.
निस् (ઉપ.) + **पद्** નીપજવું.
परकीय વિશે. પારકું.
पितरौ પુ. (पितृ નું દ્વિ. વ.) માબાપ.
पुण्य વિશે. પવિત્ર.
प्रथमसुकृत ન. (प्रथम વિશે. પેહેલું, પૂર્વનું અને सुकृत ન. સત્કર્મ) પૂર્વનું સત્કર્મ.
प्राप्त { प्र (ઉપ.) + आप् નો ભૂ. કૃ. } પામેલું, પહોચેલું.
बहिस् (અવ્યય) બહાર.
भज् ગ.૧,ઉભય. સેવવું. ધારણ કરવું.
भागीरथी સ્ત્રી. ગંગા.
भूरि વિશે. બહુ.
भोस्* (અવ્યય) અરે, અહો, રે.
मौन ન. મૂગારહેવાપણું.
रक्षण ન. બચાવ.
रज्जु સ્ત્રી. દોરડું.
अव (ઉપ.) + **लम्ब्** ગ. ૧, આત્મને. ધારણ કરવું, અઢીંગવું, આધારે રહેવું.
अधि (ઉપ.) +**वस्** ઉપર વિ-સામો લેવો.
विपत्ति સ્ત્રી. આફત.
विमार्ग પુ.આડો રસ્તો,ખોટી ચાલ.
विमुख વિશે. ફેરવેલા મ્હો-વાળો.
विश्रामहेतोः (विश्रामहेतु પુ. ની પંચમી. विश्राम પુ. વિસામો, हेतु પુ. સબબ) વિસામાના સબબથી.
शोभन વિશે. સારું.
संश्रय આશ્રય, વિશ્રામનું-ઠેકાણું.
समाज પુ. સભા.
सुकृत } ન. સત્કર્મ.
सुचरित }
सुरभि વિશે. ખુશબોદાર.
सुवृत्त વિશે. સારું, સદ્ગુણી.
वि (ઉપ.) + **स्मृ** વીસરવું.

---

* આ શબ્દ પછી કોઈ પણ સ્વર કે ઘોષ વ્યંજન આવે તો स् નો લોપ થાય છે.

वाक्य.

विपदाभिभूतोऽपि न धर्मं त्यजेयम् ।
इच्छामि सोमं पिबेद्भवान् ।
किं भो नृत्यं शिक्षेयोत गानम् ।
भूरिणा प्रयत्नेन तत्त्वमवगच्छेः ।
पुत्राः सुचरितैः पितरौ प्रीणयेयुः ।
ईश्वरस्य पूजया शान्तिं विन्देवहि ।
रज्जुं सर्पं न मन्येध्वम् ।
दुर्दशां गते नरि क्षुद्रोऽप्यहितमाचरेत् ।
वर्धमानं व्याधिं जयन्तं शत्रुं च नोपेक्षेत ।
पण्डितानां समाजेऽपंडिता मौनं भजेयुः ।
कुसुमैः सुरभिणि हर्म्येऽध्वखेदं नयेथाः ।
प्रजानामनुरञ्जनाय राजानो यतेरन् ।
सुवृत्ताय नृपतये प्रजा न द्रुह्येयुः ।
यदि हरिर्विमार्गान्निवर्त्तेत शोभनं भवेत् ।
धर्मे रताः प्रज्ञा हरिं पश्येयुः ।
वत्सौ मातुराज्ञामनुरुध्येयाथाम् ।
धैर्यमवलम्ब्य शत्रुभिः सह युध्येथाः ।
नारायणस्यालस्याद्दारिद्र्यं निष्पद्येत ।
शिष्यस्याविनयं गुरुर्न सहेत ।
विपत्तौ धीरो न मुह्येद्धर्मं वा न परित्यजेत् ।
इच्छामि पुनरपि पुण्यां भागीरथीमवगाहेवहीत्य-
वदद्रामं सीता ।
संश्रयाय प्राप्ते मित्रे प्रथमसुकृतानि स्मृत्वा क्षुद्रो-
ऽपि न विमुखो भवेत् ।
तृषिताय जलं यच्छे*द्धरेद्दीनस्य चापदम् ।

---

* વર્ગીય પેહેલા ચાર વ્યંજનમાંથી કોઈ પણ વ્યંજન પછી ह् આવે તો પૂર્વ વ્યંજનના વર્ગનો ચોથો અક્ષર ह् ને ઠેકાણે થાય.

नीचैराख्यं गिरिमधिवसेस्तत्र विश्रामहेतोः ।
सूर्ये तपत्यावरणाय दृष्टेः कल्पेत लोकस्य कथं तमिस्रा ।

(તમે બે) ઘેર પાછા આવો ત્યારે હાથ પગ ધોવા.
માણસોએ* મિત્રોને વીસરવા ન જોઇયે.
(તું) જો (તે) ઝાડનું ફળ ચાખે તો મરે.
(બે) ચોપડિયો (બે) હાથમાં લેઈ જવાય.
(તમે બેએ) ગુરુ પાસે ન્યાયશાસ્ત્ર શીખવું.
અહિં ઝાડની છાયામાં (આપણે) બેશિયે.
રાજાઓએ પ્રજાને ઇજામાંથી બચાવવી.
(આપણે) પરમેશ્વરને શુદ્ધ અંતઃકરણથી પૂજવો જોઇયે.
(તારે) ગરીબ માણસોને ધન આપવું જોઇયે.
(તમારી) ફરજોમાં (તમારે) ચૂકવું નહિ.
માણસે બીજાનું ધન તકાસવું નહિ.
(બે) લુચ્ચાઓ મરાય એ પ્રમાણે રાજાએ ફરમાવ્યું.
જો(આપણે)દેશના રક્ષણમાં મરિયે, તો કીર્તિ મેળવિયે.
સાક્ષિયોએ ઇનસાફની કચેરીમાં હમેશાં સાચું બોલવું.
જો (હું) કાશી જાઉં તો બહુ સંસ્કૃત પુસ્તકો લાવું.
જો (તમે) જૂઠું બોલો તો ગુરુવડે મરાઓ.
(પોતે) શત્રુસાથે લડે એટલામાટે રાજા સિપાઇયોને શહેર બહાર લેઈ ગયો.
જો (હું) ખરાબ કામ કરતો જોવાઉં તો ગુરુવડે દંડાઉં.
જો ગરીબ માણસો શહેરમાં માગે તો તેઓ ધન મેળવે.
માબાપ ખુશ થાય એટલામાટે મેં બહેનોને બહુ ધન આપ્યું.
વરવહૂએ દરરોજ ઘરમાં અગ્નિ પૂજવો જોઇયે.

સવાલ.

૧. હ્યસ્તન ભૂત અને વિધ્યર્થના પ્રત્યયો સરખાવો.
૨. વિધ્યર્થ શા શા અર્થમાં વપરાય છે?

---

* આવા વાક્યમાં ગુજરાતીમાં કર્તા તૃતીયામાં આવેછે, પરંતુ સંસ્કૃતમાં તો કર્તા ત્યાં પ્રથમામાંજ રહે.

૩. **भोस्** ના **स्** નો લોપ ક્યારે થાય છે ?

૪. નીચેના ધાતુનાં વિધ્યર્થરૂપ આપો.

मृ, ईक्ष्, नि (ઉપ.) + मन्त्र्, मृज्, हृ, ह्वा, मृग्, स्था, जन्, पा (કર્તરિરૂપ અને કર્મણિરૂપ), सृ (કર્તરિરૂપ અને કર્મણિરૂપ), कृ (કર્મણિરૂપ), अनु (ઉપ.) + भू (કર્તરિરૂપ અને કર્મણિરૂપ), श्रु (કર્મણિરૂપ), मुच् (કર્તરિરૂપ અને કર્મણિરૂપ) ઈ. ઈ.

પાઠ ૨૯.

સર્વનામ.

સંસ્કૃતમાં મુખ્ય સર્વનામ આ છે. **सर्व** સઘળું, **तद्** તે, **एतद्** આ, **यद्** જે (સંબંધાર્થ સર્વનામ), **किम्** કોણ અથવા શું (પ્રશ્નાર્થ સર્વનામ), **अस्मद्** હું, **युष्मद्** તું, **इदम्** આ, **अदस्** આ કે પેલું.

૧. **अ**કારાંત સર્વનામના પ્રત્યયો **अ**કારાંત નામના જેવાજ છે, માત્ર નીચેના પાંચ પ્રત્યયો પુલ્લિંગમાં વિલક્ષણ છે.

પ્ર. બહુ	ચ. એક.	પં. એક.	ષ. બહુ.	સ. એક.
ई	**स्मै**	**स्मात्**	**इषाम्**	**स्मिन्**

सर्व પુલ્લિંગ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	सर्वः	सर्वौ	सर्वे
દ્વિતીયા	सर्वम्	,,	सर्वान्
તૃતીયા	सर्वेण	सर्वाभ्याम्	सर्वैः
ચતુર્થી	सर्वस्मै	,,	सर्वेभ्यः
પંચમી	सर्वस्मात्	,,	,,
ષષ્ઠી	सर्वस्य	सर्वयोः	सर्वेषाम्
સપ્તમી	सर्वस्मिन्	,,	सर्वेषु

૨. **आ**કારાંત સ્ત્રીલિંગ સર્વનામનાં રૂપ **आ**કારાંત સ્ત્રીલિંગ નામો જેવાંજ થાય છે, જે પ્રત્યયો વિલક્ષણ છે તે નીચે આપ્યા છે. એમાંના **साम्** સિવાય બાકીના પ્રત્યયો લાગતાં **आ** ટુંકાવાય છે.

ચ. એક.	પં. એક.	ષ. એક.	ષ. બહુ.	સ. એક.
स्यै	**स्यास्**	**स्यास्**	**साम्**	**स्याम्**

सर्वा સ્ત્રીલિંગ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	सर्वा	सर्वे	सर्वाः
દ્વિતીયા	सर्वाम्	,,	,,
તૃતીયા	सर्वया	सर्वाभ्याम्	सर्वाभिः
ચતુર્થી	सर्वस्यै	,,	सर्वाभ्यः
પંચમી	सर्वस्याः	,,	,,
ષષ્ઠી	,,	सर्वयोः	सर्वासाम्
સપ્તમી	सर्वस्याम्	,,	सर्वासु

सर्व નપુંસકલિંગ.

પ્ર. તથા દ્વિ.	सर्वम्	सर्वे	सर्वाणि

બાકીનાં રૂપ પુલ્લિંગ પ્રમાણે.

૩. પુલ્લિંગમાં **तद्**, **एतद्**, **यद्**, અને **किम्** એ સર્વનામોનાં રૂપ તેઓ **त**, **एत**, **य** અને **क** એટલે **अ**કારાંત હોય અને તેમનાં જેવાં રૂપ થાય તેવાં થાય છે. તોપણ **तद्** અને **एतद्** નું પ્રથમાનું એકવચન અનુક્રમે **सः*** અને **एषः** થાય છે.

૪. સ્ત્રીલિંગમાં આ સર્વનામનાં રૂપો તેઓ અનુક્રમે **ता**, **एता**, **या** અને **का** એટલે **आ**કારાંત હોય ને જેવાં રૂપ તેઓનાં થાય તેવાં થાય છે. પરંતુ **तद्** અને **एतद्** નું પ્રથમાનું એકવચન અનુક્રમે **सा** અને **एषा** થાય છે.

---

* વાક્યમાં **सः** અને **एषः** પછી કોઇ પણ વ્યંજન આવે તો તેમના વિસર્ગનો લોપ થાય છે; ઉ.—**स पुरुषः** ઇત્યાદિ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
નપુંસકલિંગ પ્રથમા અને દ્વિતીયા.	तद्	ते	तानि
	एतद्	एते	एतानि
	यद्	ये	यानि
	किम्	के	कानि

બાકીનાં રૂપ પુલિંગ પ્રમાણે.

૫. ત્રણે લિંગમાં દ્વિતીયાનાં ત્રણે વચન, તૃતીયાનું એકવચન અને ષષ્ઠી સપ્તમીના દ્વિવચનમાં **एत**ને બદલે વિકલ્પે **एन** વપરાય છે.

પુલ્લિંગ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
દ્વિતીયા.	एतम् કે एनम्	एतौ કે एनौ	एतान् કે एनान्
તૃતીયા.	एतेन કે एनेन		
ષષ્ઠી, સપ્તમી.		एतयोः કે एनयोः	

સ્ત્રીલિંગ.

દ્વિતીયા.	एताम् કે एनाम्	एते કે एने	एताः કે एनाः
તૃતીયા.	एतया કે एनया		
ષષ્ઠી, સપ્તમી.		एतयोः કે एनयोः	

નપુંસકલિંગ.

દ્વિતીયા.	एतद् કે एनद्	एते કે एने	एतानि કે एनानि

તૃતીયાનું એકવચન તથા ષષ્ઠી સપ્તમીનું દ્વિવચન પુલ્લિંગપ્રમાણે થાય છે.

શબ્દ.

अखिल વિશે. બધું, સઘળું.
अटवी સ્ત્રી. જંગલ.
आत्मज પુ. દીકરો.
इष्ट વિશે ઇચ્છેલું, ચાહેલું.
कपिल પુ. એક મોટા ઋષિનું નામ.
काञ्चन ન. સોનું.
कुलीन વિશે. કુળવાન, ખાનદાન.

गुणज्ञ વિશે. (गुण ગુણ અને ज्ञा જાણવું.) ગુણ જાણનાર.
गै ગ. ૧, પરસ્મૈ. ગાવું.
चौर्य ન. ચોરી.
दक्षिणा સ્ત્રી. દક્ષિણા.
दर्शनीय વિશે. ખુબસૂરત.
दुर्गा સ્ત્રી. દેવીનું નામ.
देश પુ. દેશ, મુલક.
नाट् ગ. ૧૦, ઉભય ભજવવું.
निष्णात વિશે. પ્રવિણ, હોશિયાર.
पूत (पू નો ભૂ. કૃ.) પવિત્ર, શુદ્ધ કરાયલું.
प्रपन्न વિશે. યુક્ત, જોડાયલું.
प्रयाग ન. પ્રયાગ, અલ્હાબાદ.
ब्रह्मविद् વિશે. બ્રહ્મને જાણનાર, તત્વજ્ઞાની.
महिषासुर પુ. પાડાના આકારનો એક દૈત્ય.
मेदिनी સ્ત્રી. પૃથ્વી.
वित्त ન. દોલત.
श्रुतिमत् વિશે. વેદ જાણનાર, [વિદ્વાન.

વાક્ય.

कोऽत्रागतः ।
कस्यैतानि पुस्तकानि ।
कस्याः पुत्रा एते ।
यं पुरुषं ह्योऽपश्यं तमेवाह्वयामि ।†
सा बाला न* किंचिदवदत् ।
तेभ्यो ब्राह्मणेभ्यो दक्षिणामयच्छम् ।
कस्मान्नगराद्दूता आगतः ।
एतेषां यद्यदिष्टं तत्तत्क्रियताम् ।
याः कथाः पुराणेषु श्रुयन्ते ता एवैते नाटयन्ति ।
स एवैष प्रदेशो यस्मिन् प्रियया सह चिरमवसम् ।
कयोस्ते वाससी ।
तेषु तेषु शास्त्रेषु निष्णातैः पण्डितैः सह राजाऽभाषत ।
ययात्मानं पूतं मन्यते वसिष्ठस्तामरुन्धतीं वन्दस्व ।
सर्वासु कलासु प्रावीण्यमुपगतो राजपुत्रः ।
ते नद्यौ प्रयागे संगच्छेते ।
यैर्मेदिन्युत्खाता ये च कपिलस्य कोपेन दग्धास्तान् सगरस्यात्मजान् भगीरथो गङ्गाया जलेनोदधरत् ।
येनैतदखिलं जगन्निरमीयत तस्मै नम ईश्वराय ।

---

* **किम्** સર્વનામનાં રૂપોને **चित्** પ્રત્યય લગાડવાથી અનિશ્ચિતાર્થ થાય છે; ઉ.—**किंचित्** કંઈ; **कश्चित्** કોઇ (પુ.) ઈ.

† પૃ. ૫૦ ની ટીપ § જુઓ.

यया महिषासुरो हतस्तस्यै दुर्गायै नमः ।
याभ्यां चौर्यं कृतं तौ पुरुषौ राजाऽदण्डयत् ।
एतस्यामटव्यां पुरा ब्रह्मविदो मुनयो न्यवसन् ।
यासां विवाहाः स्वपुत्रैः सह समजायन्त ताभिर्जनकस्य कन्याभिः प्रपन्नो राजा दशरथोऽयोध्यामगच्छत् ।

यस्यास्ति वित्तं स नरः कुलीनः
स पण्डितः स श्रुतिमान् गुणज्ञः ।
स एव वक्ता स च दर्शनीयः
सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ॥

આઓ કોણ છે?
તેઓ ધંધે કોણ છે?
તે હરિની દીકરી છે?
તેણીનું નામ શું છે?
રામે કોને એમ કહ્યું?
તે ગોવિંદનો ભાઇ છે.
(હું) તે (છોકરા) સાથે નિશાળે ગયો.
તેણે નારાયણને છોકરાઓ સાથે રમતો જોયો.
તે મિત્રોમાંથી કોને સંભારે છે?
નદીમાં માછલાં છે.
તે તેણિયે અનુસરાય છે.
જે તે ગામોમાંથી આવેલા છે તે માણસો ક્યાં છે?
જે દેશનો શૂદ્રક રાજા છે ત્યાંથી તેઓ આવ્યા છે.
પાસે (=પડોશમાં) જે દાસીઓ હતી તેઓને રાણિયે તેણીનેમાટે ફૂલો લાવવા ફરમાવ્યું.
મહારાષ્ટ્રીયોનો રાજા કયા ઘરમાં રહ્યો?
તે છોકરિયોમાંથી કઇ ગાય-[છે?

સવાલ.

૧. નામનાં રૂપોથી સર્વનામનાં રૂપો શી બાબતમાં જૂદાં પડેછે?

૨. દર્શક, સંબંધાર્થ અને પ્રશ્નાર્થ સર્વનામનાં મૂળ વ્યંજનાંત છે કે સ્વરાંત છે, અને તેમનાં રૂપો વ્યંજનાંત નામનાં કે સ્વરાંત નામનાં રૂપોને મળતાં છે?

૩. વાક્યમાં સંધિમાં सः અને एषः ના વિસર્ગનું શું થાય છે?

૪. यद्, तद्, किम् અને एतद् નાં ત્રણે લિંગમાં રૂપો લખો.

પાઠ ૩૦.

પહેલો તથા બીજો પુરુષ સર્વનામ.

अस्मद् (હું).

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	अहम्	आवाम्	वयम्
દ્વિતીયા	माम् કે मा	,, કે नौ	अस्मान् કે नः
તૃતીયા	मया	आवाभ्याम्	अस्माभिः
ચતુર્થી	मह्यम् કે मे	,, કે नौ	अस्मभ्यम् કે नः
પંચમી	मत्	आवाभ्याम्	अस्मत्
ષષ્ઠી	मम કે मे	आवयोः કે नौ	अस्माकम् કે नः
સપ્તમી	मयि	आवयोः	अस्मासु

युष्मद् (તું).

પ્રથમા	त्वम्	युवाम्	यूयम्
દ્વિતીયા	त्वाम् કે त्वा	,, કે वाम्	युष्मान् કે वः
તૃતીયા	त्वया	युवाभ्याम्	युष्माभिः
ચતુર્થી	तुभ्यम् કે ते	,, કે वाम्	युष्मभ्यम् કે वः
પંચમી	त्वत्	युवाभ्याम्	युष्मत्
ષષ્ઠી	तव કે ते	युवयोः કે वाम्	युष्माकम् કે वः
સપ્તમી	त्वयि	युवयोः	युष्मासु

શ૭૯.

अपराधलव પુ. અપરાધનો લેશ.
अव् ગ. ૧, પરસ્મૈ. રક્ષણ કરવું.
अविश्वास्य વિશે. અણભરૂસાદાર.
आर्या સ્ત્રી. શાણી સ્ત્રી.
काल પુ. કાળ, વખત.
शरणम् કે **वशम्** + **गम्** શરણે જવું, તાબે થવું.
जेतृ પુ. જિતનારો.
दासजन પુ. દાસ, સેવક.
दैव ન. નશીબ.
नन्दिनी સ્ત્રી. છોકરી.

निरस्त વિશે. વિખરાયલું, નાશ કરાયલું.
निष्फल વિશે. વ્યર્થ, ફળરાહિત.
पार् ગ. ૧૦, ઉભય. ઓળંગવું. [ન્હાનું.
प्रतनु વિશે. થોડું,
भूतार्थ પુ. સત્ય, વસ્તુતા.
मानिनी સ્ત્રી. મદ-માન ભરેલી સ્ત્રી.
मेघजाल ન. વાદળાંનું ટોળું.
लव પુ. લેશ, ભાગ, અંશ.
वियोग પુ. વિયોગ, છૂટા પડવું.
शिव ન. કલ્યાણ, સુખ.
सवितृ પુ. સૂર્ય.
साक्षिन् પુ. સાક્ષી, સાહેદી. [મવાર.
सोमवासर પુ. સો-

વાક્ય.

नाहमपराधी ।
रघुनाथः स्निह्यत्यावयोः ।
कुत्रास्ति मे पुत्रकः ।
भगवति त्वामहं वन्दे ।
मास्मानवधीरय ।
विष्णुर्वोऽवतु । [च्छामि ।
त्वया सहोपवनं गन्तुमि-
आर्ये कथयामि ते भूतार्थम् ।
तस्य पीडां हर्तुमस्माभिश्चिन्तित उपायो निष्फलोऽभवत् ।
मह्यं धनं न यच्छसि ।
शिवो वः शिवाय भवतु ।
बालकौ युवयोः पिता क्वास्ति ।
पृथिवीं रक्षत्सु युष्मासु कुतो नो भयम् ।
युष्मदधिगतां वार्त्तां सर्वेभ्यः शंसामि ।
तव सुचरितं ममेव प्रतनु यतो न दीर्घं कालमावां सुखमन्वभवाव ।
मरुता मेघजालमिव दैवेनास्माकं सर्वे मनोरथा निरस्ताः ।
*क्षमपराधलवं मयि पश्यसि त्यजसि मानिनि दासजनं यतः
तेषां† वधूस्त्वमसि नन्दिनि पार्थिवानां
येषां कुलेषु सविता च गुरुर्वयं च ।

તું ડાહ્યો માણસ છે.
હું અણભરૂસાદાર માણસ છું એમ તું વહેમ લાવેછે.
અમારાથી છૂટા પડવામાં દિલગીર થાઓ માં.
આપણામાં હરિ શ્રેષ્ઠ છે.

* આ ધણીનું સ્ત્રી પ્રત્યે કહેવું છે. જ્યારે ઉર્વશી વેલ બની ગઈ ત્યારે પુરૂરવે ઉન્માદમાં આમ કહ્યુ છે.

† આ વસિષ્ઠનું સીતા પ્રત્યે બોલવું છે. રામ જેના વંશમાં જન્મ્યા હતા તે સૂર્યવંશી રાજાઓનો વસિષ્ઠ પુરોહિત થાય.

તારી મહેરબાનીથી અમે સંકટો ઓળંગ્યાં.
જ્યારે તમે પર્વતઉપર ચઢયા ત્યારે તમારો ભોમિયો કોણ હતો?
તમને આ વાત કોણે કહી?
મારો બાપ કાશી ગયો, અને જ્યારે તે પાછો આવ્યો ત્યારે તે બહુ પુસ્તકો લાવ્યો, અને મને તે આપ્યાં.
ત્યાં જે થયું તે અમને કહો.
મારી ચોપડી ક્યાં છે એમ મેં તમને પૂછ્યું.
તમારાવડે તે વખતે જે કરાયું તે હું જાણું છું*.
સાક્ષિયો મારાવડે સોમવારે આવવાને ફરમાવાયા.
જ્યારે તમે મારે ઘેર આવ્યા ત્યારે મેં તમને ધાનના ઢગલા આપ્યા.
તું હરાવાયો છતાં સિપાઇયો જિતનારને તાબે થયા.

પાઠ ૩૧.

अदस् આ કે પેલું **इदम्** આ.

अदस् પુલ્લિંગ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	असौ	अमू †	अमी
દ્વિતીયા	अमुम्	,,	अमून्
તૃતીયા	अमुना	अमूभ्याम्	अमीभिः

---

* પૃ. ૮૩ ની ટીપ § જુઓ.

† **अदस्** નાં રૂપ શીખવાની ટૂંકી રીતઃ—એમ ધારો કે **अदस्** ને બદલે મૂળશબ્દ **अद** છે; તેનાં **सर्व** પ્રમાણે પુલ્લિંગ રૂપ કરો; એ રૂપોમાં **द्** ને ઠેકાણે **म्** મૂકો, અને **द्** માં મળેલો સ્વર જો હ્રસ્વ હોય તો તેને બદલે **उ** મૂકો, અને દીર્ઘ હોય તો **ऊ** મૂકો; વળી તે રૂપોમાં બહુવચનમાં જ્યાં **ए** હોય ત્યાં **ई** મૂકો; એટલે ઉપર લખેલાં રૂપ થશે. તૃતીયાનાં એકવચન અને બહુવચનનાં રૂપો **अदेन** અને **अदैः** ન ધારતાં **अदना** અને **अदेभिः** ધારી ઉપજાવાય છે. **स्** નો **ष्** થવા બાબત પૂર્વે જે ટીપ આપેલી છે તે લાગુ પાડવી. આવીજ રીતે સ્ત્રીલિંગમાં પણ મૂળ **अदा** ધારી **सर्वा**ની પેઠે રૂપ ઉપજાવવાં.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
ચતુર્થી	अमुष्मै	अमूभ्याम्	अमीभ्यः
પંચમી	अमुष्मात्	,,	,,
ષષ્ઠી	अमुष्य	अमुयोः	अमीषाम्
સપ્તમી	अमुष्मिन्	,,	अमीषु

સ્ત્રીલિંગ.

પ્રથમા	असौ	अमू	अमूः
દ્વિતીયા	अमूम्	,,	,,
તૃતીયા	अमुया	अमूभ्याम्	अमूभिः
ચતુર્થી	अमुष्यै	,,	अमूभ्यः
પંચમી	अमुष्याः	,,	,,
ષષ્ઠી	,,	अमुयोः	अमूषाम्
સપ્તમી	अमुष्याम्	,,	अमूषु

નપુંસકલિંગ.

પ્ર૦ તથા દ્વિ૦	अदः	अमू	अमूनि

બાકીનાં રૂપ પુંલ્લિંગ પ્રમાણે.

* **इदम्** પુંલ્લિંગ.

પ્રથમા	अयम्	इमौ	इमे
દ્વિતીયા	इमम्	,,	इमान्
તૃતીયા	अनेन	आभ्याम्	एभिः
ચતુર્થી	अस्मै	,,	एभ्यः
પંચમી	अस्मात्	,,	,,
ષષ્ઠી	अस्य	अनयोः	एषाम्
સપ્તમી	अस्मिन्	,,	एषु

* આ સર્વનામમાં દ્વિતીયાનાં ત્રણે વચનમાં, તૃતીયાના એકવચનમાં અને ષષ્ઠી, સપ્તમીના દ્વિવચનમાં ત્રણે લિંગમાં પૂર્વે આપેલાં **एन**થી થયેલાં રૂપો પણ વિકલ્પે વપરાય છે.

સ્ત્રીલિંગ.

	એકવચન.	દ્વિવચન.	બહુવચન.
પ્રથમા	इयम्	इमे	इमाः
દ્વિતીયા	इमाम्	,,	,,
તૃતીયા	अनया	आभ्याम्	आभिः
ચતુર્થી	अस्यै	,,	आभ्यः
પંચમી	अस्याः	,,	,,
ષષ્ઠી	,,	अनयोः	आसाम्
સપ્તમી	अस्याम्	,,	आसु

નપુંસકલિંગ.

પ્ર. તથા દ્વિ.	इदम्	इमे	इमानि

બાકીનાં રૂપ–પુલ્લિંગ પ્રમાણે.

શબ્દ.

अथवा (અવ્યય) અથવા કે, કિંવા.

अवधीरणा સ્ત્રી. અવજ્ઞા, તિરસ્કાર.

उद्यत વિશે. તૈયાર, તત્પર.

उर्वशी સ્ત્રી. એક અપ્સરા.

कवीश પુ. (कवि અને ईश રાજા) કવિરાજ.

किल (અવ્યય) ખરેખર.

गृध्रराज પુ. ગીધ પક્ષિયોનો રાજા, જટાયુ.

दुःखित વિશે. દુઃખી, દિલગીર.

देवदारु પુ. દેવદાર.

द्रुतम् (અવ્યય) જલદી, [તરત.

पुत्रीकृत વિશે. (पुत्र દીકરો અને कृत કરેલું.) દીકરા, તરીકે માનેલું, દત્તક કરેલું.

पुरः (અવ્યય) સંમુખ, આગળ.

पुष्पधारिन् વિશે. ફૂલવાળું.

प्रभव પુ. ઉત્પત્તિ, ઉત્પત્તિ-[સ્થાન.

प्रसन्न વિશે. પ્રસન્ન.

प्रियतमा વિશે. વહાલામાં વહાલી.

प्रियाप्रवृत्ति (प्रिया વહાલી અને प्रवृत्ति ખબર.) વહાલીની ખબર.

भीरू વિશે. સ્ત્રી. બીકણ.

मदिराक्षी સ્ત્રી. વહાલી, મનોહર આંખવાળી.

मधुकर પુ. ભમરો.

महत्* વિશે. મોટું.
लतागृह ન. લતામંડપ, વેલનો માંડવો.
वरतनु વિશે. સુંદર અંગવાળું, [ખુબસુરત.
वशा સ્ત્રી. હાથણી.
वास પુ. રહેઠાણ.
विप्रिय વિશે. અપ્રિય.
विप्रिय ન. વાંક.
वीथि સ્ત્રી. શેરી, રસ્તો.
वृषभध्वज પુ. શિવ.
शिवालय ન. શિવનું દેરૂં.
सङ्गमोत्सुक વિશે. મળવાને [આતુર.
सारङ्ग પુ. હરણ.
स्त्रीरत्न ન. રત્નરૂપ સ્ત્રી.

વાક્ય.

† **इमं सारङ्गं प्रियाप्रवृत्तयेऽभ्यर्थये ।**

‡ **अयं स ते तिष्ठति सङ्गमोत्सुको**
विशङ्कसे भीरु यतोऽवधीरणाम् ।

§ **अमुं पुरः पश्यसि देवदारुं**
पुत्रीकृतोऽसौ वृषभध्वजेन ।

† **स्त्रीरत्नेषु ममोर्वशी प्रियतमा यूथे तवेयं वशा ।**

† **मधुकर मदिराक्ष्याः शंस तस्याः प्रवृत्तिम् ।**
वरतनुरथवासौ नैव दृष्टा त्वया मे ।

† **हंस प्रयच्छ मे कान्तां गतिरस्यास्त्वया हृता ।**

---

* આ શબ્દનો ઉપાંત્ય **अ** પહેલાં પાંચ રૂપોમાં દીર્ઘ થાય છે, અને અંત્ય **त्** ની પહેલાં **न्** મૂકવામાં આવે છે. સમાસના પૂર્વભાગમાં **महा** રૂપ ઘણું કરીને વપરાય છે. એ શબ્દનું નપુંસકલિંગની પ્રથમા દ્વિતીયાનું દ્વિવચન અને નારીજાતિ અંગ **महती** થાય છે, તથા નપુંસકલિંગની પ્રથમા દ્વિતીયાનું બહુવચન **महान्ति** થાય છે.

† આ નિશાની જે જે વાક્યોઉપર મૂકેલી છે તે તે વાક્યો એક રાજાનાં બોલેલાં છે. એ રાજા પોતાની પ્રિયપત્નીસાથે એક કુંજમાં વિહાર કરતો હતો તેવામાં કોઈ ચમત્કારી યોગે કરી તે એકાએક અલોપ થાય છે. તેની શોધમાં તે જંગલના પશુપક્ષીને તેની ખબર પૂછતો ફરે છે. આ ચિન્હનું બીજું વાક્ય હાથી પ્રત્યે કહેલું છે.

‡ કદાચ મને એ અંગીકાર નહિ કરે એવી ધાસ્તી રાખતી કુમારિકા પ્રત્યે તેના પ્રિયતમનું આ બોલવું છે.

§ શિવને વહાલા એક ઝાડવિષે એક જણનું બીજા પ્રત્યે આ કહેલું છે.

अस्मिन्नेव लतागृहे त्वमभवः ।
अस्यैवासीन् महति शिखरे गृध्रराजस्य वासः ।
मनोहरा अमी वृक्षा दृश्यन्ते पुष्पधारिणः ।
अगच्छदमुया वीथ्या दास्यमूं द्रुतमानय ।

कृतं किमेभिस्तव विप्रियं य-
दनिष्टमेषामसि कर्तुमुद्यतः ।
पादानमीषां प्रणतो यतोऽसौ
भद्रं ततोऽमीभिरमुष्य कार्यम् ॥
पुर्यां पुराऽस्यां किल कालिदासो
नाम्नाऽभवद्यो न्यवसत्कवीशः ।

यदि प्रसन्ना भगवतीमं वरं याचे ।
अस्मिँल्लोके* यत्क्रियते तस्य फलममुष्मिँल्लोकेऽनुभूयते।
एभिर्वचोभिः सान्त्वय मे दुःखितां भार्याम् ।
हे सीते पुत्राविमौ ते ।

આ મારી ચોપડી છે.
આ માણસો તેઓના રાજાની જિતથી ખુશ થાય છે.
આ છોકરાઓ નૃત્ય શીખેછે.
આ ગામોમાં બહુ વિદ્વાનો છે.
હું આ આંખોએ દેખતો નથી.
આ ઝાડઉપર વાંદરો છે.
આ નદિયોમાં બહુ પાણી છે.
આ પર્વત ઉપરથી બહુ પત્થરો પડેલા છે.
મેં આ લાકડિયો વડે ચોરને માર્યો. [દેરામાં જોઈ.
મેં આ સ્ત્રિયોને શિવના દે-
આ નદિયોનું ઉત્પત્તિસ્થાન હિમાલય છે.
આ છોકરાઓને અને પેલી છોકરિયોને કેટલાક લાડુ આપો.
અમે પેલા પર્વતના શિખરથી ઉતરતા વાઘને જોયો.

---

* દંત્ય વ્યંજન પછી ल् આવ્યો હોય તો દંત્યનો ल् થાય છે; પરંતુ જો न् પછી ल् આવ્યો હોય તો न् ને બદલે અનુસ્વારપૂર્વક ल् થાય છે; અર્થાત् न् ની પહેલાંના અક્ષર ઉપર અર્ધ અનુસ્વાર મૂકાય છે, તથા न् ને ઠેકાણે ल् થાય છે.

સવાલ.

૧. ક્યાં સર્વનામનાં રૂપ કેવળ વિલક્ષણ થાય છે.
૨. अदस् અને इदम् ત્રિ. તથા अस्मद्, युष्मद् નાં રૂપ આપો.
૩. अदस् નાં રૂપ ઉપજાવવાની ટુંકી રીત લખો.
૪. महत् નાં રૂપ લખો.
૫. દંત્ય વ્યંજનપછી ल् આવે તો સંધિ શી થાય?

પાઠ ૩૨.

विद्वत्त्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन ।
स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते ॥
वरमेको गुणी पुत्रो न च मूर्खशतान्यपि ।
एकश्चन्द्रस्तमो हन्ति न च तारागणोऽपि च ॥
एकेनापि* सुवृक्षेण पुष्पितेन सुगन्धिना ।
वासितं तद्वनं सर्वं सुपुत्रेण कुलं यथा ॥
उत्सवे व्यसने चैव दुर्भिक्षे शत्रुविग्रहे ।
राजद्वारे श्मशाने च यस्तिष्ठति स बान्धवः ॥
दुर्जनः प्रियवादी च नैतद्विश्वासकारणम् ।
मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम् ॥
दुर्जनः परिहर्तव्यो विद्ययालंकृतोऽपि सन् ।
मणिना भूषितः सर्पः किमसौ न भयंकरः ॥
कुलीनैः सह संपर्कं पण्डितैः सह मित्रताम् ।
ज्ञातिभिश्च समं मेलं कुर्वाणो न विनश्यति ॥
यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते ।
ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च ॥
पादपानां भयं वातः पद्मानां शिशिरो भयम् ।
पर्वतानां भयं वज्रः साधूनां दुर्जनो भयम् ॥

---

* एक નાં સર્વનામ તરીકે सर्व જેવાં રૂપ થાય છે.

तस्मात्स्वविषये रक्षा कर्तव्या भूतिमिच्छता ।
यज्ञैर्नावाप्यते स्वर्गो रक्षणात्प्राप्यते यथा ॥
यथा फलानां पक्वानां नान्यत्र पतनाद्भयम् ।
एवं नरस्य जातस्य नान्यत्र मरणाद्भयम् ॥

न भीतो मरणादस्मि केवलं दूषितं यशः ।
विशुद्धस्य हि मे मृत्युः पुत्रजन्मसमः किल ॥
अपापानां कुले जाते मयि पापं न विद्यते ।
यदि संभाव्यते पापमपापेन च किं मया ॥

अर्थमनर्थं भावय नित्यं नास्ति ततः सुखलेशः सत्यम् ।
पुत्रादपि धनभाजां भीतिः सर्वत्रैषा विहिता रीतिः ॥
का तव कान्ता कस्ते पुत्रः संसारोऽयमतीव विचित्रः ।
कस्य त्वं वा कुत आयातस्तत्त्वं चिन्तय तदिदं भ्रातः ॥
शत्रौ मित्रे पुत्रे बन्धौ मा कुरु यत्नं विग्रहसंधौ ।
भव समचित्तः सर्वत्र त्वं वाञ्छस्यचिराद्यदि सत्तत्त्वम् ॥

महता पुण्यपण्येन क्रीतेयं *कायनौस्त्वया ।
पारं दुःखोदधेर्गन्तुं तर यावन्न भिद्यते ॥

धैर्यं यस्य पिता क्षमा च जननी शान्तिश्चिरं गेहिनी
सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मनः संयमः ।
शय्या भूमितलं दिशोऽपि† वसनं ज्ञानामृतं भोजन-

---

* नौ શબ્દનાં રૂપ પાછલા સંધિના નિયમો પૂર્વક પાઠ ૨૫ ને મથાળે આપેલા સામાન્ય પ્રત્યયો લગાડવાથી થાય છે.

† પ્રથમાના એકવચનમાં અને વ્યંજનાદિ પ્રત્યય લાગતાં दिश् શબ્દના श् નો क् થાય છે, અને क् નો ઘોષવ્યંજનપર છતાં ग् થાય છે. (પૃ. ૨૬ ની ટીપ* જુઓ.)

मेते यस्य कुटुम्बिनो वद सखे*कस्माद्भयं योगिनः ॥

विपदि धैर्यमथाभ्युदये क्षमा सदसि वाक्पटुता युधि विक्रमः । यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ प्रकृतिसिद्धमिदं हि महात्मनाम् ॥

आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः ।
नास्त्युद्यमसमो बन्धुः कृत्वा यं नावसीदति ॥

अस्ति ब्रह्मारण्ये कर्पूरतिलको नाम हस्ती । तमवलोक्य सर्वे शृगालाश्चिन्तयन्ति स्म । यद्ययं केनाप्युपायेन म्रियते तदास्माकमेतद्देहेन मासचतुष्टयस्य भोजनं भविष्यति । तत्रैकेन वृद्धशृगालेन प्रतिज्ञातम् मया बुद्धिप्रभावादस्य मरणं साधयितव्यम् । अनन्तरं स वञ्चकः कर्पूरतिलकसमीपं गत्वा साष्टाङ्गपातं प्रणम्यावदत् देव दृष्टिप्रसादं कुरु । हस्ती ब्रूते । कस्त्वं कुतः समायातः । सोऽवदत् जम्बूकोऽहं सर्वैर्वनवासिभिः पशुभिर्मिलित्वा भवत्सकाशं प्रस्थापितो । यद्विना राज्ञाऽवस्थातुं न युक्तं, तदत्राटवीराज्येऽभिषेक्तुं भवान्सर्वस्वामिगुणोपेतो निरूपितः । तद्यथा लग्नवेला न विचलति तथा कृत्वा सत्वरमागम्यतां देवेन । इत्युक्त्वोत्थाय चालितः । ततोऽसौ राज्यलोभाकृष्टः कर्पूरतिलकः शृगालवर्त्मना धावन् महापङ्के निमग्नः । ततस्तेन हस्तिनोक्तम्, सखे शृगाल किमधुना विधेयम् । पङ्के निपतितोऽहं म्रिये । परावृत्य पश्य । शृगालेन विहस्योक्तम् । देव मम पुच्छकावलम्बनं कृत्वोत्तिष्ठ । यन्मद्वचसि प्रत्ययः कृतस्तदनुभूयतामशरणं दुःखम् ।

---

* આ શબ્દનાં રૂપો બહુ નિયમવિરૂદ્ધ થાય છે.

સંસ્કૃત ગુજરાતી શબ્દકોશ.

अ.

अखिल વિશે. બધું, સઘળું.
अगद પુ. ઓસડ.
अग्नि પુ. દેવતા, અગ્નિ.
अङ्गलभूमि સ્ત્રી. ઇંગ્લાંડ.
अचिरात् (અવ્યય) જલદી, તરત.
अज પુ. બકરો.
अज्ञान ન. અજ્ઞાન.
अट् ગ. ૧, પરસ્મૈ. ભટકવું, ભમવું.
अटवी સ્ત્રી. જંગલ, વન.
अतः (અવ્યય) આથી, તેથી.
अतिथि પુ. પરૂણો.
अतीव (અવ્યય) અત્યંત.
अत्र (અવ્યય) અહિં.
अथवा (અવ્યય) અથવા, કે, કિંવા.
अद् ગ. ૨, પરસ્મૈ. ખાવું.
अद्य (અવ્યય) આજ.
अधिपति પુ. અધિપતિ, ઉપરી.
अधुना (અવ્યય) હવણા.
अध्ययन ન. અભ્યાસ.
अध्यूषिवस् વિશે. રહેલું,
अध्रुव વિશે. અનિશ્ચિત.
अध्वखेद પુ. (अध्वन् પુ. રસ્તો અને खेद પુ. થાક) મુસાફરીનો થાક.
अनन्तरम् (અવ્યય) તરત.
अनर्थ પુ. અનર્થ, અનિષ્ટ.
अनुजीविन् વિશે. ચાકરી કરનાર, ચાકર, સેવક, આશ્રિત.
अनुरञ्जन ન. પ્રસંનતા.
अनृत ન. અસત્ય, જૂઠું.
अन्तःपुर ન. જનાનખાનું.
अन्न ન. અન્ન.
अन्यत्र (અવ્યય) બીજે ઠેકાણે.
अपण्डित પુ. મૂર્ખ.
अपराध પુ. વાંક, ગુન્હો.
अपराधलव પુ. અપરાધનો લેશ.
अपराधिन् વિશે. ગુન્હેગાર.
अपाय પુ. નુકશાન, હરકત.
अपि (અવ્યય) વળી, પણ.
अभिधान પુ. નામ.

अभिभूत { अभि (ઉપ.)+ भू નો ભૂ. કૃ. } હરાવાયલું, જિતાયલું.

अभिरुचि સ્ત્રી. રુચિ, ઇચ્છા.

अभिलाष પુ. ચાહના, ઇચ્છા.

अभिषेक्तुम् { अभि (ઉપ.) + સિચ્ નો હે. કૃ. } અભિષેક કરવાને, રાજા બનાવવાને.

अभूमि સ્ત્રી. અવિષય, અગોચર.

अभ्युदय પુ. ચઢતી.

अमरावती સ્ત્રી. ઇંદ્રની રાજધાની.

अमात्य પુ. પ્રધાન.

अम्बर ન. આકાશ.

अयोध्या સ્ત્રી. અયોધ્યા.

अरण्य ન. જંગલ.

अरि પુ. શત્રુ.

अरुन्धती સ્ત્રી. અરૂંધતી.

अर्घ्य ન. અર્ઘ્ય, પૂજાનો સામાન.

अर्जुन પુ. અર્જુન.

अर्थ् ગ. ૧૦, આત્મને-**प्र** ઉપસર્ગ સાથે, વિનવવું.

अर्थ પુ. પૈસો, ધન.

अर्ह् ગ. ૧, પરસ્મૈ. લાયક થવું.

अलंकार પુ. ઘરેણું.

अलङ्घनीय વિશે. ન ઓળંગાય એવું.

अलि પુ. ભમરો.

अव् ગ. ૧, પરસ્મૈ. રક્ષવું.

अवतरत् { अव (ઉપ.) + तॄ ગ. ૧, પરસ્મૈ. નો વ. કૃ. } ઊતરતું.

अवधीरणा સ્ત્રી. અવજ્ઞા.

अवन्ती સ્ત્રી ઉજ્જયિની.

अवलोक्य { अव (ઉપ.) लोक् નો સંબંધક ભૂ.કૃ. } જોઈને.

अवस्तु ન. મિથ્યા પદાર્થ.

अवस्त्वारोप પુ. મિથ્યા પદાર્થની કલ્પના.

अविश्वास्य વિશે. અણભરૂસાદાર.

अशरण વિશે. અનાથ.

अश्मन् પુ. પત્થર.

अश्रु ન. આંસુ.

अश्व પુ. ઘોડો.

अश्वपति પુ. વિશેષ નામ.

अस् ગ. ૨. પરસ્મૈ. હોવું.

अस् ગ. ૪, પરસ્મૈ. ફેંકવું.

असत्य ન. જૂઠું, અસત્ય.

असि પુ. તરવાર.

असुर પુ. દૈત્ય.

अस्त्र ન. ચમત્કારી હથિયાર.

अहित ન. નુકશાન, ઇજા.

आ.

आकाश પુ. ન. આકાશ.

आङ्ग्लभौम પુ. ઇંગ્રેજ.
आचार પુ. ચાલ, યોગ્ય વર્ત- [ણુક.
आचार्य પુ. આચાર્ય.
आज्ञा સ્ત્રી. હુકમ.
आत्मज પુ. દીકરો.
आत्मजा સ્ત્રી. દીકરી.
आत्मन् પુ. આત્મા, પોતે.
आदर પુ. આદર, સત્કાર.
आदेश પુ. હુકમ.
आध्यान ન. ધ્યાન.
आप् મેળવવું;— **प्र** કે **अव** ઉપસર્ગ સાથે, મેળવવું, પામવું;—**वि** ઉપસર્ગ સાથે, વ્યાપવું.
आपद् સ્ત્રી. આફત.
आम्र ન. કેરી.
आयुष्मत् વિશે. લાંબા આવરદાવાળું.
आरम्भ પુ. આરંભ, શરુઆત.
आरोप પુ. આરોપ.
आर्या સ્ત્રી. શાણી સ્ત્રી.
आवरण ન. આચ્છાદન, અંતરાય, ઢાંકવું તે.
आश्रम પુ. આશ્રમ, મઠ.
आसन ન. આસન.
आह्लादक વિશે. ખુશકારક.

इ.

इच्छा સ્ત્રી. ઇચ્છા.
इति (અવ્યય) એમ.
इत्थम् (અવ્યય) એવી રીતે.
इन्दु પુ. ચંદ્ર.
इन्द्र પુ. ઇંદ્ર.
इन्द्राणी સ્ત્રી. ઇંદ્રની સ્ત્રી.
इव (અવ્યય) પેઠે, જાણે.
इष् [इच्छ्] ગ. ૬, પરસ્મૈ. ઇચ્છવું.
इषु પુ. તીર.
इष्ट (इष् નો ભૂ. કૃ.) ઇચ્છેલું.

ई.

ईक्ष् ગ. ૧, આત્મને. જોવું;— **अप** ઉપસર્ગ સાથે, આશા રાખવી;— **प्र** ઉપસર્ગ સાથે, તપાસવું, પરીક્ષા લેવી;— **उप** ઉપસર્ગ સાથે, ઉવેખવું.
ईश्वर પુ. પરમેશ્વર.

उ.

उक्त (वच् નો ભૂ. કૃ.) કહેલું, બોલેલું.
उच्छ् ગ. ૬, પરસ્મૈ. વીણવું.
उटज પુ. ઝુંપડું.
उत (અવ્યય) અથવા.
उत्खात { उत् (ઉપ.) खन् નો ભૂ. કૃ. } ખોદેલું.
उत्थाय { उत् (ઉપ.)+स्था નો સંબંધક ભૂ. કૃ. } ઊઠીને.
उत्सङ्गवर्तिन् (વિશે. (उत्सङ्ग પુ. ખોળો) ખોળામાં બેઠેલું.

उत्सव પુ. ઓચ્છવ.
उत्साह પુ. ઉત્સાહ.
उदक ન. પાણી.
उदधि પુ. સમુદ્ર, દરિયો.
उद्यत વિશે. તત્પર.
उद्यम પુ. ઉદ્યમ.
उद्यमसम વિશે. (सम વિશે. જેવું) ઉદ્યમ જેવું.
उद्यान ન. વાડી.
उद्योग પુ. ઉદ્યોગ.
उपकार પુ. ઉપકાર.
उपदेश પુ. ઉપદેશ.
उपवन ન. બાગ, વાડી.
उपहार પુ. ભેટ.
उपानह् સ્ત્રી. જોડો, ખાસડું.
उपाय પુ. ઉપાય.
उपालम्भ પુ. ઠપકો.
उर्वशी સ્ત્રી. વિશેષ નામ.

ऋ.

ऋतुपर्ण પુ. વિશેષ નામ, એક રાજા.
ऋषि પુ. ઋષિ.
ऋष्यशृङ्ग પુ. રામનો બનેવી.

ए.

एक સર્વ. એક.
एव (અવ્યય) નક્કી.
एवम् (અવ્યય) એ પ્રમાણે.

ओ.

ओदन પુ. ભાત.

क.

कञ्चुकिन् પુ. અંતઃપુરનો વડો અધિકારી.
कण्ठ પુ. કંઠ.
कत्थ् ગ. ૧, આત્મને. વખાણવું, ઓપાવવું.
कथ् ગ. ૧૦, કહેવું.
कथम् (અવ્યય) કેમ, શી રીતે.
कथा સ્ત્રી. વાત, કથા.
कदा (અવ્યય) ક્યારે.
कनीयस् વિશે. વધારે ન્હાનું, ન્હાનું.
कन्या સ્ત્રી. કુમારિકા.
कपट ન. કપટ.
कपि પુ. વાંદરો.
कपिल પુ. એક ઋષિનું નામ.
कपोल પુ. ગાલ.
कबरी સ્ત્રી. અંબોડો, વેણી.
कम्प् ગ. ૧, આત્મને. કંપવું, હાલવું.
कमल ન. કમળ.
कर પુ. હાથ.
कर्ण પુ. કાન.
कर्तव्य ન. કર્તવ્ય.
कर्तृ વિશે. પુ. ન. કરનાર.

कर्पूरतिलक પુ. વિશેષનામ.
कर्पूरतिलकसमीपम् કર્પૂરતિલક પાસે.
कर्मन् ન. કામ.
कलङ्क પુ. કલંક, ડાઘ.
कला સ્ત્રી. કળા.
कलि પુ. ટંટો.
कल्याण ન. સુખ, કલ્યાણ.
कवि પુ. કવિ.
कवीश પુ. (कवि અને ईश પુ. રાજા) કવિરાજ.
काञ्चन ન. સોનું.
कान्ता સ્ત્રી. વહાલી, વહુ.
कान्ति સ્ત્રી. કાંતિ.
कार्त्तिक પુ. કાર્તિક મહિનો.
काल પુ. કાળ, વખત.
काष्ठ ન. લાકડું.
कासार પુ. તળાવ.
किङ्कर પુ. ચાકર.
किन्तु (અવ્યય) પરંતુ, પણ.
किरि પુ. ભુંડ.
किल (અવ્યય) ખરેખર.
कीचक પુ. વિરાટ રાજાનો સેનાપતિ.
कीर्ति સ્ત્રી. કીર્તિ.
कुटुम्बिन् પુ. કુટુંબનું માણસ.
कुण्ठित (कुण्ठ્ નો ભૂ. કૃ.) અટકાવાયલું, ખળાયલું.
कुतः (અવ્યય) ક્યાંથી.
कुत्र (અવ્યય) ક્યાં.
कुप् ગ. ૪, પરસ્મૈ. ગુસ્સે થવું.
कुमारी સ્ત્રી. કુમારિકા.
कुम्भकार પુ. કુંભાર.
कुरु પુ. (બહુ.) એક દેશનું નામ.
कुर्वत् (कृ નો પરસ્મૈ. વ. કૃ.) કરતું.
कुर्वाण (कृ નો આત્મને. વ. કૃ.) કરતું.
कुलीन વિશે. કુળવાન.
कुशलिन् વિશે. કુશળ, સુખી.
कुस् ગ. ૪, પરસ્મૈ. ભેટવું.
कुसुम ન. ફૂલ.
कूप પુ. કુવો.
कूर्म પુ. કાચબો.
कृ કરવું;–**अधि** ઉપસર્ગ સાથે, અધિકાર આપવો, ઠરાવવું.
कृत (कृ નો ભૂ. કૃ.) કરાયલું.
कृति સ્ત્રી. કૃત્ય, કામ.
कृपा સ્ત્રી. કૃપા, મહેરબાની.
कृष् ગ. ૧, પરસ્મૈ. અથવા ગ. ૬, ઉભય. ખેડવું.
कृषीवल પુ. ખેડુત.
कृष्ण પુ. કૃષ્ણ.
कृप् ગ. ૧, આત્મને. સમર્થ થવું.
केवल વિશે. કેવળ.

कोश પુ. ભંડાર.
कौमुदी સ્ત્રી. ચંદ્રની.
कौशल ન. હોશિયારી, પ્રવીણતા.
कौशाम्बी સ્ત્રી. એક શહેર.
कौशिक પુ. કુશ ગોત્રનો પુરુષ.
क्रीड् ગ. ૧, પરસ્મૈ. ખેલવું, રમવું.
क्रीडा સ્ત્રી. ક્રીડા, રમત.
क्रीत (क्री નો ભૂ. કૃ.) ખરીદાયલું.
क्रुध् ગ. ૪ પરસ્મૈ. ગુસ્સે થવું.
क्रोध પુ. ક્રોધ.
क्रोश પુ. કોસ, ગાઉ.
क्लेश પુ. ક્લેશ, દુ:ખ.
क्व (અવ્યય) ક્યાં.
क्षम् ગ. ૧, આત્મને. ખમવું, માફ કરવું.
क्षमा સ્ત્રી. માફી.
क्षल् (क्षाल्) ગ. ૧૦, ધોવું.
क्षि (क्षय्) ગ. ૧, પરસ્મૈ. ઘસાઇ જવું.
क्षिप् ગ. ૬, ફેંકવું.
क्षुद्र વિશે. તુચ્છ, હલકું.
क्षुभ् ગ. ૪, પરસ્મૈ. ખળભળવું, ગભરાવું.
क्षेत्रगामिन् વિશે. પું.ન. તીર્થભણી જતું.

ख.

खञ्ज પુ. લંગડો માણસ.
खड्ग પુ. તરવાર.
खन् ગ. ૧, ઉભય. ખોદવું.
खनित्र ન. કોદાળો.
खल પુ. લુચ્ચો.

ग.

गङ्गा સ્ત્રી. ગંગા નદી.
गच्छत् (गम् ગ. ૧, પરસ્મૈ. નો વ. કૃ.) જતું.
गज પુ. હાથી.
गण् ગ. ૧૦, ગણવું, ધારવું.
गत (गम् નો ભૂ. કૃ.) ગયેલું.
गति સ્ત્રી. ગતિ.
गन्तृ વિશે. પું. ન. જનાર.
गम् [गच्छ्] પરસ્મૈ. જવું;—**अधि** સાથે, મેળવવું;—**अनु** સાથે, અનુસરવું, પાછળ જવું;—**अव** સાથે, જાણવું;—**निर्** સાથે, નીકળવું; **शरणम्** કે **वशम्** સાથે, શરણે જવું, તાબે થવું;—**सम्** સાથે (આત્મને.) એકઠા મળવું.
गमन ન. જવું.
गर्ह्य વિશે. નિંદવાલાયક.

गल् ગ. ૧, પરસ્મૈ. ગળવું, ટપકવું.

गल्भ् ગ. ૧, આત્મને.—**प्र** સાથે, બડાઈ મારવી.

गान ન. ગાયન.

गाह् ગ. ૧, આત્મને.—**अव** સાથે, ન્હાવું.

गायक પુ. ગવૈયો.

गिरि પુ. પર્વત.

गीत ન. ગીત.

गुण પુ. ગુણ.

गुणज्ञ વિશે. (**गुण** ગુણ અને **ज्ञा** જાણવું) ગુણ જાણનાર.

गुणवत् વિશે. ગુણવાન.

गुणिन् વિશે. ગુણવાન.

गृध्रराज પુ. ગીધ પક્ષિયોનો રાજા જટાયુ, જે દશરથનો મિત્ર થાય.

गृह ન. ઘર.

गेहिनी સ્ત્રી. વહૂ.

गै ગ. ૫, પરસ્મૈ. ગાવું.

गोत्र ન. ગોત્ર.

गोदावरी સ્ત્રી. ગોદાવરી નદી.

गोप પુ. ગોવાળ.

गोष्ठ પુ. ન. ગાયની કોઢ.

ग्रन्थ પુ. પુસ્તક.

ग्राम પુ. ગામ.

ग्रीष्म પુ. ઉન્હાળો.

घ.

घट પુ. ઘડો.

घुष् ગ. ૧૦, જાહેર કરવું.

घृत ન. ઘી.

च.

च (અવ્યય) અને.

चकोर પુ. ચકોર પક્ષી.

चक्र ન. પૈડું.

चक्षुस् ન. આંખ.

चण्ड વિશે. ઉગ્ર, ગરમ.

चन्द्र પુ. ચંદ્ર.

चर् ગ. ૧, પરસ્મૈ. ચાલવું; -**आ** સાથે, આચરવું, કરવું.

चरित ન. ચરિત્ર.

चर्मन् ન. ચામડું.

चल् ગ. ૧, પરસ્મૈ. ચાલવું, ચળવું.

चातुर्य ન. ચતુરાઈ.

चाप પુ. કામઠું.

चित्रकूट પુ. એક પહાડનું નામ.

चित्त ન ચિત્ત.

चिन्त् ગ. ૧૦, વિચારવું.

चिन्ता સ્ત્રી. ફિકર.

चिन्तित (**चिन्त्** નો. ભૂ. કૃ) વિચારાયલું.

चिरम् (અવ્યય) લાંબા વખતસુધી.
चुर् (चोर्) ગ. ૧૦, ચોરવું.
चौर्य ન. ચોરી.

छ.

छन्दस् ન. વેદ, છંદ.
छाया સ્ત્રી. છાયા.

ज.

जगत् ન. જગત.
जगत्कर्तृ પુ. જગતને રચનાર, પરમેશ્વર.
जन् [जा] ગ. ૪, આત્મને. ઉત્પન્ન થવું, જનમવું.
जन પુ. માણસ, લોક.
जनक પુ. બાપ, સીતાનો બાપ.
जननी સ્ત્રી મા.
जम्बूक પુ. શિયાળ.
जयत् (जि ગ. ૧, પરસ્મૈ. ને. વ. કૃ.) જીતતું, વિજયી.
जयन्त પુ. ઇંદ્રનો પુત્ર.
जरठ પુ. ઘરડો પુરુષ.
जरा સ્ત્રી. ઘરડપણ.
जल ન. પાણી.
जल्प् ગ. ૧, પરસ્મૈ. વાણી.
जात (जन् નો ભૂ. કૃ.) જન્મેલું.
जाति સ્ત્રી. જાતિ.
जामातृ પુ. જમાઈ.
जायापती પુ. (દ્વિ.) વરવહૂ.
जि ગ. ૧, પરસ્મૈ. જિતવું; -वि સાથે,(આત્મને.) જિતવું.
जिव्हा સ્ત્રી. જીભ.
जिव्हाग्र ન. (जिव्हा જીભ, અને अग्र ન. ટોચ) જીભનું ટેરવું.
जीर्ण (जॄ નો. ભૂ. કૃ.) જીરણ.
जीव् ગ. ૧, પરસ્મૈ. જીવવું.
जीव પુ. જીવ.
जीवित ન. જીંદગી.
जेतृ વિશે. જિતનાર.
ज्ञा જાણવું.
ज्ञाति પુ. સગો.
ज्ञानामृत ન. (ज्ञान ન. જ્ઞાન અને अमृत ન. અમૃત) જ્ઞાનરૂપી અમૃત.
ज्यायस् વિશે. વધારે મોટું, મોટું.
ज्योत्स्ना સ્ત્રી. ચંદની.

ड.

डिम्भ પુ. બાળક.
डी ગ. ૧, આત્મને. ઊડવું.

त.

तड् (ताड्) ગ. ૧૦, મારવું.
तडाग પુ. તળાવ.

तण्डुल પુ. ચોખા.
ततः (અવ્યય) તેથી, પછી.
तत्र (અવ્યય)ત્યાં.
तत्त्व ન. તત્વ.
तथा (અવ્યય) તે પ્રમાણે.
तदा (અવ્યય) ત્યારે.
तनय પુ. દીકરો.
तप् ગ. ૧, પરસ્મૈ. તપવું.
तपस् ન. તપ.
तमस् ન. અંધારું.
तमिस्रा સ્ત્રી. રાત.
तरु પુ. ઝાડ.
तस्थिवस् વિશે. ઊભેલું.
तारक ન. તારો.
तारागण પુ. (तारा સ્ત્રી. તારો અને गण પુ. જથો.) તારાનો જથો.
तालु ન. તાળવું.
तिल પુ. તલ.
तीर ન. તેડ, કાંઠો.
तुद् ગ. ૬, ઉભય. કનડવું, દુઃખ દેવું.
तुल् (तोल्) ગ. ૧૦, તોળવું.
तुल्य વિશે. તુલ્ય, સરખું.
तुष् ગ. ૪, પરસ્મૈ. ધરાવું.
तृण ન. તરણું, તણખલું.
तृषित વિશે. તરશ્યું.
तॄ ગ. ૪, પરસ્મૈ. ઓળંગવું; **–अव** સાથે, ઊતરવું.
तेजस् ન. તેજ.
त्यज् ગ. ૧, પરસ્મૈ. તજવું.
त्याग પુ. ત્યાગ.
त्वष्टृ પુ. વિશ્વકર્મા, દેવોનો શિલ્પી.

द.

दक्षिणा સ્ત્રી. દક્ષિણા.
दण्ड् ગ. ૧૦, દંડવું, સજા કરવી.
दण्ड પુ. લાકડી.
दण्डका સ્ત્રી. એ નામનું વિંધ્યાચળ ઉપરનું જંગલ.
दर्शनीय વિશે. ખુબસુરત.
दशरथ પુ. સૂર્યવંશી રાજા, રામનો બાપ.
दह् ગ. ૧, પરસ્મૈ. બાળવું.
दा [કર્મણિરૂપ दी] આપવું.
दा [यच्छ्] ગ. ૧, પરસ્મૈ. આપવું;**–प्रति** સાથે, બદલે આપવું.
दातृ વિશે. દાતાર, આપનાર.
दारिद्र्य ન. ગરીબપણું.
दासजन પુ. (दास પુ. દાસ અને जन પુ. માણસ) દાસ, ચાકરમાણસ.
दासी સ્ત્રી. દાસી.
दिवौकस् પુ. દેવ.

दिश् સ્ત્રી. દિશા.
दिश् ગ. ૬, ઉભય. બતાવવું; -**आ** સાથે, ફરમાવવું;-**उप** સાથે, સમજાવવું, શિખવવું.
दीन વિશે. ગરીબ.
दीप પુ. દીવો.
दीर्घ વિશે. લાંબું.
दुःख ન. દુઃખ.
दुःखित વિશે. દુઃખી.
दुःखोदधि પુ. (દુઃખ ન. દુઃખ અને ઉદધિ પુ. સમુદ્ર.) દુઃખનો દરિયો.
दुराचार પુ. ખરાબ ચાલ.
दुर्ग ન. સંકટ.
दुर्गा સ્ત્રી. દેવીનું નામ.
दुर्जन પુ. દુર્જન, ખરાબ માણસ. [હાલત.
दुर्दशा સ્ત્રી. અવદશા, માઠી
दुर्भिक्ष ન. દુકાળ.
दुर्वासस् પુ. દુર્વાસા ઋષિ.
दुष्कृति સ્ત્રી. ખરાબ ચાલ.
दुष्ट (દુષ્ ગ. ૪, પરસ્મૈ. નો ભૂ. કૃ.) દુષ્ટ.
दुहितृ સ્ત્રી. દીકરી.
दूत પુ. દૂત, જાસુદ.
दूषित (दूष् નો ભૂ. કૃ.) અપવિત્ર કરાયલું.
दृश् [पश्य्] ગ. ૧, પરસ્મૈ. જોવું.
दृषद् સ્ત્રી. પથર.
दृष्ट (दृश् નો ભૂ. કૃ.) દીઠેલું.
दृष्टिप्रसाद પુ. (दृष्टि સ્ત્રી. નજર. प्रसाद પુ. મહેરબાની) જોવાની મહેરબાની, નીઘા.
दृ (दार्) ગ. ૧૦, ફાડવું.
देवता સ્ત્રી. દેવ.
देवदत्त પુ. વિશેષ નામ.
देवदारु પુ. દેવદાર.
देवी સ્ત્રી. દેવી.
देवृ પુ. દિયર.
देश પુ. દેશ.
देह પુ. દેહ.
दैन्य ન. ગરીબપણું હલકાપણું.
दैव ન. નશીબ.
द्युत् ગ. ૧, આત્મને. પ્રકાશવું.
द्रव्य ન. દ્રવ્ય, ધન.
द्रष्टृ વિશે. જોનાર.
द्रु ગ. ૧, પરસ્મૈ. ગળવું, પિગળવું, દયાથી પિગળવું.
द्रुतम् (અવ્યય) જલદી, તરત.
द्रुह् ગ. ૪, પરસ્મૈ. દગો દેવો.
द्वारका સ્ત્રી. એક શાહેરનું નામ.
द्वीप પુ. બેટ, ખંડ.
द्वेष्टृ પુ. દ્વેષ કરનાર, શત્રુ.

ध.

धन ન. ધન.
धनपति પુ. કુબેર.
धनभाज् વિશે. ધનવાન.
धनिक પુ. ધનાઢ્ય.
धनुस् ન. કામઠું.
धर्म પુ. ધર્મ, ફરજ.
धातृ પુ. પેદાકરનાર, પરમેશ્વર.
धान्य ન. ધાન્ય, અનાજ.
धार्तराष्ट्र પુ. ધૃતરાષ્ટ્રનો પુત્ર.
धाव् ગ. ૧, પરસ્મૈ. દોડવું.
धीमत् વિશે. ડાહ્યું, બુદ્ધિમાન.
धीर् ગ. ૧૦,–**अव** સાથે, તિરસ્કારવું.
धूर्जटि પુ. શિવ.
धृ ગ. ૧૦, ધારણ કરવું, દેણદાર હોવું.
धृ ગ. ૧ ઉભય. **उद्** સાથે છોડવવું.
धृति સ્ત્રી. ધીરજ, હિંમત.
धेनु સ્ત્રી. ગાય.
ध्रुव વિશે. સ્થિર.
ध्वनि પુ. અવાજ, શબ્દ.
ध्वंस् ગ. ૧, આત્મને. નાશ પામવું.

न.

न (અવ્યય) નહિ. [નહિ. **कदापि** (અવ્યય) કદિયે

नख ન. નખ.
नगर ન. શહેર.
नगरी સ્ત્રી. શહેર.
नटी સ્ત્રી. નટી.
नद પુ. મોટી નદી.
नदी સ્ત્રી. નદી.
ननान्द સ્ત્રી. નણંદ.
नन्दिनी સ્ત્રી. છોકરી.
नप्तृ પુ. દીકરાનો દીકરો.
नभस् ન. આકાશ.
नम् ગ. ૧, પરસ્મૈ. નમવું.
नमस् (અવ્યય) નમસ્કાર.
नयन ન. આંખ.
नर પુ. પુરુષ.
नल પુ. નળરાજા.
नव વિશે. નવું.
नश् ગ. ૪, પરસ્મૈ. નાશ પામવું.
नष्ट (**नश्** નો ભૂ. કૃ.) નાશ પામેલું.
नाग પુ. હાથી.
नाड् ગ. ૧૦, ભજવવું.
नाम (અવ્યય) નામે.
नामन् ન. નામ.
नारद પુ. એક દેવઋષિ.
नारायण પુ. વિશેષ નામ.
नारी સ્ત્રી. સ્ત્રી.
नाविक પુ. ખલાશી.
नाश પુ. નાશ.

नित्यम् (અવ્યય) હમેશ.
निधि પુ. ભંડાર.
निन्द् ગ. ૧, પરસ્મૈ. નિંદવું.
निन्दा સ્ત્રી. નિંદા.
निपुण વિશે. હોશિયાર.
निमग्न { नि (ઉપ.) + मस्ज् નો ભૂ. કૃ. } બુડેલું, ગિરફતાર.
निरस्त { निर् (ઉપ.) + अस् ગ. ૪, પરસ્મૈ. નો ભૂ. કૃ. } વિખેરાયલું, નાશ કરાયલું.
निरूपित { नि (ઉપ.) + रूप् નો ભૂ. કૃ. } જોવાયલું, ખોલી કઢાયલું.
निर्देश પુ. સૂચના.
निर्मित { निर् (ઉપ.)+ मा નો ભૂ. કૃ. } સરજાયલું, ઉપજાયલું, કરાયલું.
निर्वृतिमत् વિશે. નિરાંતવાળું.
निवृत्त { नि (ઉપ.) + वृत् નો ભૂ. કૃ. } પાછું આવેલું.
निशा સ્ત્રી. રાત.
निशाचर પુ. દૈત્ય.
निष्क પુ. સોનામહોર.
निष्णात { नि (ઉપ.) + स्ना- નો ભૂ. કૃ. } પ્રવીણ.
निष्फल વિશે. ફળરહિત, વ્યર્થ.
नी ગ. ૧, ઉભય. લેઇ જવું, દોરી જવું;–**आ** સાથે, આણવું, લાવવું,–**परि** સાથે, પરણવું;–**प्र** સાથે રચવું.
नीचैराख्य વિશે. (निचैस् અને आख्या સ્ત્રી. નામ) જેનું नीचैस् નામ છે તે.
नीति સ્ત્રી. રાજનીતિ.
नृ પુ. પુરૂષ.
नृत् ગા. ૪, પરસ્મૈ. નાચવું.
नृत्य ન. નૃત્ય.
नृप પુ. રાજા.
नृपति પુ. રાજા.
नृपत्व ન. રાજાપણું.
नृशंस વિશે. ક્રૂર, દુષ્ટ.
नेत्र ન. આંખ.
नैयायिक પુ. ન્યાયશાસ્ત્રી.
नौ સ્ત્રી. વહાણ.
न्याय પુ. ન્યાયશાસ્ત્ર.
न्यायसभा સ્ત્રી. (न्याय પુ. ઇનસાફ અને सभा સ્ત્રી. કચેરી) ઈનસાફની કચેરી.

प.

पक्षिन् પુ. પંખી.
पङ्क પુ. કાદવ.
पच् ગ. ૧, ઉભય. રાંધવું.
पञ्चवटी સ્ત્રી. પંચવટી.
पण्डित પુ. પંડિત.
पण्य ન. મૂલ, નૂર.

पत् ગ. ૧, પરસ્મૈ. પડવું.
पतन ન. પડવું તે.
पतित (पत् નો ભૂ. કૃ.) પડેલું.
पत्ति પુ. પાળો.
पत्नी સ્ત્રી. વહૂ.
पद् ગ. ૪, આત્મને.—**उत्** સાથે, ઉત્પન્ન થવું;—**निस्** સાથે, નીપજવું;-**प्रति** સાથે, ધારણ કરવું.
पद्म ન. કમળ.
पयस् ન. પાણી.
परकीय વિશે. પારકું.
परम વિશે. અત્યંત.
परवत् વિશે. પરાધીન.
परशु પુ. ફરશી.
परशुराम પુ. પૃથ્વી નક્ષત્રિય કરનાર બ્રાહ્મણ યોદ્ધો.
पराक्रम પુ. પરાક્રમ.
परिणाम પુ. પરિણામ, છેવટ.
परिहर्तव्य વિશે. તજવાલાયક.
परिहित { परि (ઉપ.)+धा નો ભૂ. કૃ. } પહેરેલું.
पर्ण ન. પાંદડું.
पर्वत પુ. પર્વત.
पल्वल પુ. તળાવડું.
पवन પુ. પવન.
पवि પુ. વજ્ર.
पशु પુ. પશુ.
पश्चात् (અવ્યય) પછી.
पश्यत् (दृश् ગ. ૧, પરસ્મૈ. નો વ. કૃ.) જોતું.
पा [पिब्] ગ. ૧, પરસ્મૈ. પીવું. (કર્મણિ રૂપ पी.)
पांसु પુ. ધૂળ.
पाठ પુ. પાઠ.
पाठशाला સ્ત્રી. પાઠશાળા.
पाणि પુ. હાથ.
पाण्डव પુ. પાંડુ રાજાનો પુત્ર.
पाद પુ. પગ.
पादप પુ. ઝાડ.
पान्थ પુ. મુસાફર.
पाप ન. પાપ;-વિશે. પાપી.
पार् ગ. ૧૦, ઓળંગવું.
पार પુ. પાર, છેડો.
पारितोषिक ન. ઈનામ.
पार्थिव પુ. રાજા.
पालक વિશે. પાળનાર.
पिण्ड પુ. પિંડ, પ્રેતને બળિદાનમાં આપેલો ભાતનો ગોળો.
पितृ પુ. બાપ;-દ્વિ. માબાપ.
पितृव्य પુ. કાકો.
पीड् ગ. ૧૦, પીડવું.
पीडा સ્ત્રી. પીડા.
पुच्छकावलम्बन ન. (पुच्छक ન. પૂછડું, અને अवलम्बन ન. ટેકો) પૂંછડાનો ટેકો.

पुण्य ન. પુણ્ય;—વિશે. પવિત્ર.

पुण्यपण्य ન. પુણ્યરૂપી મૂલ, પુણ્યરૂપી નૂર.

पुण्यवत् વિશે. પુણ્યશાળી.

पुत्र પુ. દીકરો.

पुत्रजन्मसम વિશે. દીકરાના જન્મ જેવું.

पुत्रीकृत વિશે. (पुत्र દીકરો અને कृत કરેલું) દીકરા તરીકે માનેલું, દત્તક કરેલું.

पुनर् (અવ્યય) ફરી.

पुरः (અવ્યય) આગળ.

पुरा (અવ્યય) પૂર્વે.

पुरी સ્ત્રી. શહેર.

पुरुष પુ. મરદ.

पुष् ગ. ૪, પરસ્મૈ. પોષવું.

पुष्पधारिन् વિશે. ફૂલવાળું.

पुष्पित વિશે. ફુલેલું.

पुस्तक ન. પુસ્તક.

पूज् ગ. ૧૦, પૂજવું.

पूजा સ્ત્રી. પૂજા.

पूजास्थान ન. સત્કારનું કારણ.

पूत (पू નો ભૂ. કૃ.) પવિત્ર કરાયલું, પાવન.

पृथ्वी સ્ત્રી. પૃથ્વી.

पृष्ट (प्रच्छ् નો ભૂ. કૃ.) પૂછાયલું.

पौर પુ. નગરવાસી.

प्रकर्ष પુ. ઉત્કૃષ્ટતા, અત્યંતતા.

प्रकाश પુ. પ્રકાશ.

प्रकृति સ્ત્રી. પ્રધાનમંડળી, પ્રધાન, સ્વભાવ.

प्रकृतिसिद्ध વિશે. { प्रकृति સ્ત્રી. સ્વભાવ, અને सिद्ध (सिध् ગ. ૧ કે ગ. ૪ નો ભૂ. કૃ.) સિદ્ધ થયેલું } સ્વભાવસિદ્ધ, સ્વાભાવિક.

प्रच्छ् [पृच्छ्] ગ. ૬, પરસ્મૈ. પૂછવું;—**आ** સાથે (આત્મને), વિદાય લેવી.

प्रजा સ્ત્રી. રૈયત; સંતતિ.

प्रज्ञ પુ. ડાહ્યો માણસ.

प्रतनु વિશે. થોડું, ન્હાનું.

प्रतिकृति સ્ત્રી. છબિ, નકલ.

प्रतिज्ञात { प्रति (ઉપ.) + ज्ञा નો ભૂ. કૃ. } કબૂલેલું.

प्रातिपद् સ્ત્રી. પડવે.

प्रत्यय પુ. વિશ્વાસ.

प्रथ् ગ. ૧૦, પ્રસિદ્ધ કરવું.

प्रथम વિશે. પહેલું.

प्रथमसुकृत ન. (प्रथम પહેલું, અને सुकृत સત્કર્મ), પૂર્વનું સત્કર્મ.

प्रभव પુ. ઉત્પત્તિસ્થાન, ઉત્પત્તિ.
प्रभा સ્ત્રી. તેજ.
प्रभूत વિશે. પુષ્કળ.
प्रमदा સ્ત્રી. જુવાન સ્ત્રી.
प्रमाण ન. પ્રમાણ.
प्रयाग ન. પ્રયાગ, અલ્હાબાદ.
प्रवर्तन ન. પ્રેરણા.
प्रविष्ट { प्र (ઉપ.) + विश् નો ભૂ. કૃ. } પેઠેલું.
प्रशस्य વિશે. વખાણવા લાયક.
प्रसन्न { प्र (ઉપ.) + सद् નો ભૂ. કૃ. } પ્રસન્ન.
प्रसाद પુ. મહેરબાની.
प्रस्थापित વિશે. મોકલેલું.
प्राची સ્ત્રી. પૂર્વ દિશા.
प्राज्ञ પુ. ડાહ્યો માણસ.
प्राणिन् પુ. પ્રાણી.
प्राप्त { प्र (ઉપ.) + आप् નો ભૂ. કૃ. } પામેલું, પહોંચેલું.
प्रावीण्य ન. હોશિયારી, પ્રવીણતા.
प्रासाद પુ. મહેલ.
प्रासादतल ન. (प्रासाद મહેલ અને **तल** ન. પૃ૪.) અગાશી.
प्रिय વિશે. વહાલું.
प्रियंवदा સ્ત્રી. શકુન્તલાની સખીનું નામ.
प्रियतमा સ્ત્રી. વહાલામાં વહાલી.
प्रियवादिन् વિશે. મીઠું બોલનાર.
प्रियवादित्व ન. મીઠા બોલાપણું.
प्रियाप्रवृत्ति સ્ત્રી. (प्रिया સ્ત્રી. વહાલી અને प्रवृत्ति સ્ત્રી ખબર) વહાલીની ખબર.
प्री [प्रीण्] ગ. ૧૦, ખુશી કરવું.
प्रीति સ્ત્રી. પ્રીતિ, પ્રસંનતા.
प्रेमन् પુ. ન. પ્રીતિ, પ્રેમ.
प्रेयस् વિશે. વધારે વહાલું, વહાલું.

फ.

फल ન. ફળ.
फलाशिन् વિશે. ફળ ખાનાર.

ब.

बन्धु પુ. સગો.
बल ન. બળ.
बलि પુ. બળિદાન.
बलि પુ. બલિરાજા.
बहिस् (અવ્યય) બહાર.

बहु વિશે. બહુ.
बाण પુ. તીર.
बान्धव પુ. ભાઇ, સગો.
बाल પુ. છોકરો.
बाहु પુ. હાથ.
बिडाल પુ. બિલાડો.
बिन्दु પુ. ટપકું.
बुद्धि સ્ત્રી. બુદ્ધિ.
बुद्धिप्रभाव પુ. (बुद्धि બુદ્ધિ અને प्रभाव પુ. શક્તિ.) બુદ્ધિની શક્તિ.
बुध् ગ. ૧, ઉભય. જાણવું, સમજવું.
ब्रह्मन् પુ. બ્રહ્મા. ન. પરબ્રહ્મ.
ब्रह्मविद् વિશે. બ્રહ્મને જાણુ-નાર, તત્વજ્ઞાની.
ब्रह्मारण्य ન. એક જંગલનું નામ.
ब्राह्मण પુ. બ્રાહ્મણ.
ब्रूते (ब्रू. ગ. ૨ નું આ-ત્મને. વ. પુ. ૩ નું એક.) કહેછે.

भ.

भक्ष् ગ. ૧૦, ખાવું.
भगवत् વિશે. દિવ્ય, પૂજ્ય.
भगिनी સ્ત્રી. બહેન.
भगीरथ પુ. એક સૂર્યવંશી રાજા.
भङ्ग પુ. ભંગ.
भज् ગ. ૧, ઉભય. સેવવું, ભજવું.
भद्र ન. સુખ, કલ્યાણ.
भय પુ. ભય.
भयंकर વિશે. ભયંકર.
भर्मन् ન. ઘર.
भवत् સર્વ. તું, તમે, આપ.
भवत्सकाश પુ. (भवत् આપ અને सकाश પુ. પડોશ) આપની હજુર.
भविष्यति (भू ના ભવિષ્યના પુ. ૩ નું એક.) થશે.
भागीरथी સ્ત્રી. ગંગા.
भार પુ. ભાર.
भार्या સ્ત્રી. વહુ.
भावय (भू ના પ્રેરકના આ-જ્ઞાર્થ પુ. ૨ નું એક.) કર; સમજ; બનાવ,–**संभाव्यते** (પ્રેરકનું કર્મણિરૂપ) સંભવતું જણાય છે.
भाविन् વિશે. થનાર, થવાનું.
भाष् ગ. ૧, આત્મને. કહેવું.
भास्वरशुक्ल વિશે. ચળકતો ધોળો (રંગ).
भिक्ष् ગ. ૧, આત્મને. ભી-ખવું, ભીખ માગવી.

भिक्षुक પુ. માગનાર, યાચક.
भिद् ભેદવું.
भीति સ્ત્રી. બીક.
भीम પુ. પાંડુના બીજા દીકરાનું નામ.
भीरु સ્ત્રી. બીકણ (સ્ત્રી.)
भू ગ. ૧, પરસ્મૈ. હોવું, થવું;—**अनु** સાથે, અનુભવવું;—**उत्** સાથે, ઉત્પન્ન થવું, નીપજવું.
भूतार्थ પુ. સત્ય, વસ્તુતા.
भूति સ્ત્રી. ચઢતી, આબાદી.
भूप પુ. રાજા.
भूभृत् પુ. રાજા.
भूमि સ્ત્રી. પૃથ્વી, ભોંય.
भूयस् વિશે. બહુ મોટું, વધારે મોટું.
भूरि વિશે. બહુ.
भूष् ગ. ૧૦, શણગારવું, શોભાવવું.
भृ ગ. ૧, ઉભય. ભરવું;—કર્મણિ રૂપ, **म्रियते**.
भृत्य પુ. ચાકર.
भोजन પુ. ભોજન, જમણ.
भोस् (અવ્યય) અરે, અહો.
भ्रातृ પુ. ભાઈ.
भ्रान्त (**भ्रम्** નો ભૂ. કૃ.) બાવરું.

म.

मणि પુ. મણિ.
मण्डप પુ. મંડપ.
मति સ્ત્રી. બુદ્ધિ.
मत्स्य પુ. માછલું.
मद् [माद्] ગ. ૪, પરસ્મૈ. ગાંડા થવું, ભૂલ ખાવી.
मद પુ. મદ.
मदन પુ. કામદેવ.
मदिराक्षी સ્ત્રી. મનોહર નેત્રવાળી સ્ત્રી.
मधु ન. મધ.
मधुकर પુ. ભમરો.
मन् ગ. ૪, આત્મને. વિચારવું, માનવું;—**अनु** સાથે, કબૂલ રાખવું.
मनःसंयम પુ. (संयम પુ. નિગ્રહ, કબજામાં રાખવું તે.) મનને કબજામાં રાખવું તે.
मनस् ન. મન.
मनु પુ. વિશેષ નામ.
मन्त्र् ગ. ૧૦,—**नि** સાથે, આત્મને. નોતરવું.
मन्त्र પુ. મંત્ર.
मयूर પુ. મોર.
मरण ન. મોત.
मरुत् પુ. પવન, દેવ.
महत् વિશે. મોટું.

महात्मन् પુ. (महत् મોટું) મહાત્મા, મહાપુરૂષ.
महारिपु પુ. (रिपु પુ. શત્રુ) મોટો શત્રુ.
महिमन् પુ. મહિમા.
महिष પુ. પાડો.
महिषासुर પુ. એક દૈત્યનું નામ.
महिषी સ્ત્રી. પટ્ટરાણી.
मही સ્ત્રી. પૃથ્વી.
महोत्सव પુ. મહોચ્છવ.
मा (અવ્યય) મા, નહિ.
मा ઉપસર્ગ **निर्** સાથે, નિપજાવવું (निर्मीयते કર્મણિરૂપ.)
मांस ન. માંસ.
माणवक પુ. વિશેષ નામ.
मातृ સ્ત્રી. મા.
माधुर्य ન. મીઠાશ.
मानिनी સ્ત્રી. માનવાળી સ્ત્રી.
मारुत પુ. પવન, વાયુદેવતા.
मार्ग् ગ. ૧૦, શોધવું.
मार्ग પુ. માર્ગ રસ્તો.
माला સ્ત્રી. માળા.
माष પુ. અડદ.
मासचतुष्टय ન. (मास પુ. મહિનો; चतुष्टय ન. ચોકડું) ચાર મહિના.
मित्र ન. મિત્ર.
मित्रता સ્ત્રી. મિત્રાઈ.
मिलित्वा (मिल् નો સંબંધક ભૂ. કૃ.) મળીને.
मुक्त (मुच् નો ભૂ. કૃ.) છૂટું થયેલું.
मुक्ति સ્ત્રી. મોક્ષ.
मुख ન. મ્હો.
मुच् [मुञ्च्] ગ. ૬, ઉભય. મૂકવું, છૂટા કરવું.
मुद् ગ. ૧, આત્મને. ખુશી થવું.
मुह् ગ. ૪, પરસ્મૈ. ઘેલા થવું, બેભાન થવું.
मूर्ख પુ. મુરખ.
मूर्खशत ન. (शत ન. સો) સો મુરખ.
मूर्ति સ્ત્રી. મૂર્તિ, પ્રતિમા.
मूर्तिमत् વિશે. મૂર્તિમાન, સાક્ષાત, પ્રત્યક્ષ.
मृ (म्रियू) ગ. ૬, આત્મને. મરવું.
मृग् ગ. ૧૦, આત્મને. શોધવું.
मृग પુ. હરણ.
मृत्यु પુ. મોત.
मेघ પુ. વાદળ.
मेघजाल ન. વાદળનો જથો.
मेदिनी સ્ત્રી. પૃથ્વી.
मेधाविन् વિશે. બુદ્ધિમાન, ડાહ્યું.
मेल પુ. સંપ.

मैत्रावरुण પુ. સોમયજ્ઞ કરાવનારમાંનો એક યાચક.

मोक्ष પુ. મોક્ષ.

मोदक પુ. લાડુ.

मौन ન. મુગાપણું.

य.

यक्ष પુ. યક્ષ, કુબેરનો સેવક.

यज् ગ. ૧, ઉભય, પૂજવું, યજ્ઞ કરવો.

यजमान પુ. યજમાન, યજ્ઞ કરનાર.

यज्ञिय વિશે. યજ્ઞસંબંધી, યજ્ઞનું.

यत् ગ. ૧, આત્મને. મથવું, મહેનત કરવી.

यति પુ. યોગી.

यतः (અવ્યય) જેથી, કારણ કે.

यत्न પુ. પ્રયત્ન.

यत्र (અવ્યય) જ્યાં.

यथा (અવ્યય) જે પ્રમાણે, જેમ.

यदा (અવ્યય) જ્યારે.

यदि (અવ્યય) જો.

यन्त्र પુ. યંત્ર, સાંચો.

यशस् ન. જશ.

यशस्वत् વિશે. પ્રખ્યાત.

याच् ગ. ૧, ઉભય. યાચવું, માગવું.

याचक પુ. યાચક, માગનાર.

यात (या નો ભૂ. કૃ.) ગયેલો.

या–ઉપ. **आ** સાથે, આવવું; –ઉપ. **सम्+आ** સાથે, આવવું (समागत ભૂ. કૃ).

यातृ સ્ત્રી. દેરાણી કે જેઠાણી.

यात्रिक પુ. જાત્રાળુ.

यावत् (અવ્યય) જ્યાંસુધી.

युक्त (युज् નો ભૂ. કૃ.) જોડાયલું, યુક્ત.

युद्ध ન. લડાઇ.

युध् સ્ત્રી. લડાઇ.

युध् ગ. ૪, આત્મને, લઢવું.

यूथ ન. ટોળું.

योगिन् પુ. યોગી.

योजन ન. જોજન, ચાર [ગાઉ.

योध પુ. લડવૈયો.

र.

रक्ष् ગ. ૧, પરસ્મૈ. બચાવવું, સંભાળવું, રક્ષણ કરવું.

रक्षण ન. રક્ષણ; બચાવ.

रक्षस् ન. રાક્ષસ.

रक्षा સ્ત્રી. રક્ષા, બચાવ, રક્ષણ.

रक्षित (रक्ष् નો ભૂ. કૃ.) બચાવાયલું, રક્ષાયલું.

रक्षितृ પુ. રક્ષક;—વિશે. રક્ષણ કરનાર.

रघु પુ. (બહુ.) રઘુરાજાના વંશજ.
रच् ગ. ૧૦, રચવું, ગોઠવવું.
रजनी સ્ત્રી. રાત.
रज्जु સ્ત્રી. દોરડી.
रजस् ન. ધૂળ, પરાગ.
रति સ્ત્રી. કામદેવની સ્ત્રીનું નામ, ખુશી, મજા.
रत्न ન. રત્ન.
रथ પુ. રથ.
रथ्या સ્ત્રી. શેરી.
रभ् ગ. ૧, આત્મને. હાથમાં લેવું;–**आ** સાથે, શરુ કરવું.
रम् ગ. ૧, આત્મને. રમવું.
रमण પુ. વહાલો, ધણી.
रमा સ્ત્રી. લક્ષ્મી.
रवि પુ. સૂર્ય.
रस પુ. રસ.
राक्षस પુ. રાક્ષસ.
राजद्वार ન. (**द्वार** ન. બારણું) દરબાર, સરકાર કચેરી.
राजन् પુ. રાજા.
राज्ञी સ્ત્રી. રાણી.
राज्य ન. રાજ્ય.
राज्यलोभाकृष्ट વિશે. (**राज्य** ન. રાજ્ય, **लोभ** પુ. લોભ, **आकृष्ट** ખેંચાયલું), રાજ્યના લોભથી ખેંચાયલું.
रात्रि સ્ત્રી. રાત.
राम પુ. વિશેષ નામ.
रावण પુ. રામનો શત્રુ, લંકાનો રાજા.
राशि પુ. ઢગલો.
रीति સ્ત્રી. રીત.
रुच् ગ. ૧, આત્મને. ગમવું.
रुद् રડવું.
रुध् ગ. ૪, આત્મને.—ઉપસર્ગ **अनु** સાથે, માનવું, તાબે થવું.
रुह् ગ. ૧, પરસ્મૈ. ઊગવું; **आ** સાથે, ચઢવું.
रेरे (અવ્યય) અરે!

ल.

लक्ष्मण પુ. રામનો ભાઈ.
लक्ष्मी સ્ત્રી. લક્ષ્મી.
लग्नवेला સ્ત્રી. મુહૂર્તની ઘડી.
लङ्घ् ગ. ૧, આત્મને. ઓળંગવું, હરાવવું.
लज्ज् ગ. ૬, આત્મને. લાજવું, શરમાવું.
लज्जा સ્ત્રી. લાજ.
लता સ્ત્રી. વેલ.
लतागृह ન. લતામંડપ, માંડવો.
लभ् ગ. ૧, આત્મને. મેળવવું.

लम्ब् ગ. ૧, આત્મને.-**अव** સાથે. આશરો લેવો, પકડવું.

ललना સ્ત્રી. સ્ત્રી.

लव પુ. રામનો પુત્ર.

लवण ન. મીઠું; વિશે. ખારૂં.

लाङ्गूल ન. પુછડું.

लिङ्ग પુ. જાતિ (=સ્ત્રીવર્ગમાં કે પુરૂષવર્ગમાં હોવાપણું).

लुट् ગ. ૪, પરસ્મૈ. આળોટવું, લોટવું.

लुभ् ગ. ૪, તથા ગ. ૬, પરસ્મૈ. તકાસવું, લોભ રાખવો, મોહિત થવું.

लोक પુ. લોક, દુનિયા.

लोभ પુ. લોભ.

व.

वंश પુ. વંશ, કુળ.

वक्षस् ન. છાતી.

वचन ન. વચન.

वचस् ન. વચન.

वञ्चक પુ. ઠગારો.

वत्स પુ. બચ્ચું.

वद् ગ. ૧, પરસ્મૈ. કહેવું.

वध પુ. વધ, મારવું તે.

वधू સ્ત્રી. વહૂ, જુવાન સ્ત્રી.

वन ન. વન.

वनवासिन् વિશે. વનમાં રહેનાર.

वनौकस् પુ. વનમાં રહેનાર.

वन्द् ગ. ૧, આત્મને. નમવું.

वयस् પુ. ઉંમર.

वयस्य પુ. મિત્ર.

वरतनु વિશે. ખુબસુરત અંગવાળું, દેખાવડું.

वरम् (અવ્યય) બહેતર, ઠીક.

वराह પુ. ડુક્કર, ભુંડ.

